કુમાર

સંસ્થાપક · રવિશંકર મ. રાવળ

આવતી કાલનાં નાગરિકો માટેનું જ્ઞાન અને સંસ્કારઘડતરનું માસિક

વર્ષ ૪૫મું · અંક ૭મો · જુલાઈ ૧૯૬૮ · સળંગ અંક ૫૩૫.

તંત્રી · બચુભાઈ રાવત





રાગ મલ્હાર [ચિત્રકાર • ચન્દ્રવદન ભટ્ટ]



૧. મેઘમલ્હાર રાગિણી



૨. મલ્હાર રાગિણી



૩. સાધ મલ્હાર

જમણી બાજુ: રાગ મલ્હારનાં વિવિધ ભાવલક્ષણો વ્યક્ત કરતાં ૧૭મી સદીનાં રાગમાળાનાં ત્રણ ચિત્રો:

૧. नृत्यन्मयूरे जलवाह काले वामांग संश्लिष्ट नितंबिनी कः
वर्णेन नीलः सुखगीत रक्तो मल्हार रागः कथिता मुनींद्रैः ॥

૨. हास्यावदातं पलितं दधानः प्रलंब केशं कुमुदेन्दु वर्णः
कौपीनवासश्चविहारचारी मल्हार राग कथिता तपस्वी ॥

૩. સાધ મલ્હાર... અને (૭૫૨) કંઈક એવો જ એક આજનો પ્રયોગ.

આ અંકના પૂઠા પરનું ચિત્ર: તરંગ (ફોટો • શરદ વ્યાસ) શાંત પાણીમાં ફેંકેલા પથરાથી અને એના ઊડેલા છાંટાથી સર્જાએલાં જલવર્તુલોમાં પ્રતિબિંબિત થતી તેજછાયાએ રચેલી ભાતનું અનોખું દર્શન. એમાં ફોટોગ્રાફરે માત્ર જલતરંગો જ નથી ઝડપ્યા, 'જલતરંગ'ની સૂરાવલિ પર જાણે સમની થાપ આપી છે, કે પછી શાંત સ્વસ્થ ચિત્તમાં ખળભળેલા કોઈ મનતરંગને એમણે સાકાર કર્યો હશે?

જુલાઈ ૧૯૬૮ · અંક ૫૩૫

તંત્રી : બચુભાઈ રાવત · ઉપતંત્રી : બિહારીલાલ ટાંક

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી, મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત
મુદ્રણ-પ્રકાશનસ્થાન: કુમાર પ્રિન્ટરી; કુમાર કાર્યાલય લિ., ૧૪૫૪ રાયપુર, અમદાવાદ
વાર્ષિક લવાજમ રૂ. ૧૫; પરદેશમાં રૂ. ૨૮ અથવા શિ૦ ૨૭; છૂટક નકલ : રૂ. ૧-૫૦.

કોઈ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે; એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ; પરંતુ એવા ગુમ થએલા કોઈ પણ અંકો ભરપાઈ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.



★ એપ્રિલ અંકમાં ગ્રામ ચિત્રકારોએ સીતાજીને મોહ ઉત્પન્ન કરાવનાર મૃગને બે મોઢાવાળો કેમ કલ્પ્યો છે તે માટેની મારી કલ્પના પ્રકટ કરી એ માટે આપનો આભારી છું. મારી એક બીજી કલ્પના હવે રજૂ કરું છું:

અજંટામાં બુદ્ધ ભગવાનને ચળાવવા પોતાના લાવલશ્કર સાથે પ્રયત્ન કરી રહેલા 'માર' પ્રખ્યાત ચિત્ર છે, જેમાં મારના સૈન્યમાં પાંચ સ્ત્રીપાત્રોની પણ કલ્પના વ્યક્ત કરી છે.(જુઓ સામેના પાને) બુદ્ધ ભગવાને મૃત્યુનાં ભયકારક રૂપો તથા આકર્ષણનાં મોહકારક રૂપો સામે કેવી રીતે સ્થિર બુદ્ધિ રાખી તે ચિત્રકારે એમાં દર્શાવ્યું છે. આ ચિત્રમાં પાંચ સ્ત્રીપાત્રો કેમ પસંદ કરવામાં આવ્યાં એ ભાવને ઘણા કલાકારો પણ સમજ્યા નથી.

અજંટાના ઉપર્યુક્ત ચિત્રમાં પાંચ સ્ત્રીપાત્રો સહેતુક છે. કઈ સ્ત્રીઓ સમાધિસ્થ પુરુષને ચળાવી શકે છે, કઈ વિશેષતા વડે મોહ ઉત્પન્ન કરી શકે છે તેનું દિગ્દર્શન એ ચિત્રમાં છે: ૧) 'બાલા', પણ પુષ્ટ શરીરની ગૌરી–તેના માર્દવ વડે; ૨) 'તરુણી', પણ કંઈક નાજુક શરીરની 'શ્યામા', તેની ચંચળતા વડે; ૩) 'માતંગી' તેના મદ વડે; ૪) 'માતૃકા', તેની સંતાનભૂખ વડે; ૫) 'નગ્નિકા', તેના નવા કૌમાર્ય વડે.

સામેના પાના પરના ચિત્રમાં ક્રમ પ્રમાણે બુદ્ધ ભગવાનની જમણી બાજુ (૧) ગૌરી છે, ડાબી બાજુ (૫) શ્યામા છે (શ્યામા તેની પેટની ત્રિવલ્લીથી ઓળખાય છે), માતંગી (૨) ના હાથમાં મદ્યનો ઘડો આપ્યો છે, માતૃકા(૩)ને ગર્ભવતી દર્શાવી છે, અને નગ્નિકા(૪)ને તો નગ્ન દર્શાવી જ છે.

ગૌરી, શ્યામા, માતંગી, માતૃકા અને નગ્નિકા એ પાંચ આકર્ષક નારીઓની વિશેષતાનાં કેટલાંક વર્ણનો તંત્રશાસ્ત્રમાં છૂટક વેરાએલાં પડચાં છે. બહુ પ્રાચીન વખતમાં કામકળાને પાંચાલી કળા કહેવામાં આવતી. જૂના ચિત્રકારોને આ પાંચ વિશેષ નારીઓનો અભ્યાસ હતો, તેથી તેમણે રેખા, રંગ, ભાવ તથા ભંગિ એ બધાંનો યોગ્ય સુમેળ સાચવી 'મારવિજય'માં એ પાત્રો રજૂ કર્યાં છે.

હાલમાં ગંધકુટિ વિહાર (સારનાથ)માં તથા બીજે નવાં 'મારવિજય'નાં ચિત્રો થયાં છે, પણ કઈ સ્ત્રીઓ આકર્ષણ કરી શકે તે સત્ય ભુલાઈ ગયું હોવાથી બેત્રણ નવયૌવના ચીતરીને ચિત્રકારે સંતોષ માની લીધો છે.

(વીરમગામ) —નાથાલાલ માધવજી મડેલી

જૂન અંકમાં શ્રી ઉમાશંકર ઉપરનો લેખ વાંચ્યો. એક નહિ પણ બબ્બે વાર, રસપૂર્વક વાંચ્યો. એક રમ્યકથા વાંચતો હોઉં એવી ઉલટથી એ વાંચ્યો. લેખનો ઉત્તરાર્ધ, એમના સારસ્વત જીવનની રેખાનો, કંઈક ક્લિષ્ટ લાગ્યો ત્યારે ત્યાં રસપ્રવાહ તૂટ્યો. એ ભાગ રસાત્મક બનાવવા જેવો હતો.

એક કવિ અને સાહિત્યકાર તરીકે ઉમાશંકર જેટલા પ્રસિદ્ધ છે તેટલા પ્રસિદ્ધ તે કેળવણીકાર અને શિક્ષક તરીકે નથી. તેમ છતાં, તેમના એક વિદ્યાર્થી તરીકે હું ગૌરવપૂર્વક કહી શકું કે તેઓ એક ઉત્તમ કોટિના શિક્ષક છે. એમનું એ પાસું લેખમાં ઉપસાવવા જેવું હતું.

એક નાની બાબતે ધ્યાન ખેંચું? પરિચયલેખમાં ઉમાશંકરનાં માતુશ્રીના વર્ણનની પશ્ચાદ્ભૂમિકામાં ભાવચિત્રો છતાં 'નવલબેન'નો ક્યાંય નામોલ્લેખ સરખો ય નહિ, એ જરા અજુગતું લાગે છે.

(ભરૂચ) —નરોત્તમ વાળંદ

જૂન અંકમાં છપાએલા મારા પત્રમાં જિબ્રાન વિષેના પુસ્તકના કર્તાનું નામ બારબારા ચુંગ નહીં પણ યુંગ જોઈએ. અહીં એ ધ્યાન દોરવું ઉચિત સમજું છું કે કવિ એમના નામની જોડણી Khalil ને બદલે Kahlil કરતા.


'મે' અંકમાં પૃ. ૧૯૬ પર જમણી બાજુના કૉલમમાં પમા પૅરામાં ડૉ. કિંગના બીજા પુસ્તકનું નામ 'વ્હાઈ વી કાન્ટ વેઈટ' જોઈએ.

(ભરૂચ) —જગદીશ પરીખ


અંક ૫૩૪: પૃ. ૨૩૪: 'અગ્રણી' એ 'સેનાની', 'ગ્રામણી' વગેરેની જેમ 'નામ' છે, 'વિશેષણ' નહિ. એને બદલે 'અગ્રિમ' કે 'અગ્રગણ્ય' વાપરવો જોઈએ. પૃ. ૨૫૯: પં. ગટુલાલજી શતાવધાની હતા. તેમની શક્તિનો પરિચય નવલરામ પંડ્યાએ ખાસ પ્રયાસથી મેળવેલો. વીગત માટે જોવું વિજયરાય-કૃત 'શુક્રતારક'(૧૯૬૩: પૃ. ૧૨૮-૩૦.) ત્યાં જ જેનું અનુલક્ષણ, તે 'ગુજરાત શાળાપત્ર' (ફેબ્રુ. ૧૮૭૮)માં નવલરામે આપેલું શ્લોકાદિવાળું રસિક વર્ણન છે. ગોવર્ધનરામે 'નવલ ગ્રન્થાવલિ' સંપાદિત કરતાં છોડેલા લેખોમાંનો આ એક છે.

પૃ. ૨૬૦: ગુજ. વિદ્યાપીઠને બૌદ્ધ વાઙ્મયમાંથી કે. હ. ધ્રુવે સૂચવેલામાં 'ઉપકુલપતિ' નહિ, 'કુલનાયક' શબ્દ હતો.


(ભાવનગર) —વિજયરાય ક. વૈદ્ય



આંખ વિષે વધુ (કાયાની કરામત-૧૨)



ઝીણવટથી જોઈએ તો આંખનો દૃક્પટ–ડોળાનો કાળો ભાગ આવો દેખાય. કેટલીક આંખોમાં એનો રંગ માંજરો કે ભૂરો હોય છે. પ્રકાશના વત્તાઓછા પ્રમાણ મુજબ એ દૃક્પટના સ્નાયુઓ આપમેળે તંગ-ઢીલા થઈ એની વચ્ચેના કાણા-ને નાનુંમોટું કરી આંખમાં જતા પ્રકાશ-કિરણોનું નિયમન કરે છે. આ કાણું એ જ 'કીકી'. ડોળાની અંદરના અંધકારને કારણે એનો રંગ કાળો દેખાય છે.



દૂરનું દૃશ્ય જોવા નેત્રમણિનું સંચાલન કરતા સ્નાયુઓ ઢીલા પડે છે, જેથી નેત્રમણિની બહિર્ગોળતા ઘટી નેત્રપટ પર દૃશ્ય બરાબર કેન્દ્રિત થાય છે.

નજીકની ચીજ જોવા એ સ્નાયુઓ સંકોચાઈને નેત્રમણિ-ની જાડાઈ વધે છે. સ્નાયુઓની આ તંગ સ્થિતિ વધુ વખત રહે તો આંખમાં થાક લાગે છે.









તંદુરસ્ત આંખમાં દૃશ્યની છાપ નેત્રપટમાં બરાબર 'પીતબિંદુ' પર પડે છે. ટૂંકી નજર-વાળી આંખમાં એ છાપ તેનાથી આગળ તથા લાંબી નજરવાળી આંખમાં એ બિંદુની પાછળ દૂર કેન્દ્રિત થાય છે. અંતર્ગોળ અને બહિર્ગોળ દૃગકાચ-ના યોગ્ય ચશ્મા વડે એ છાપ બરા-બર પીતબિંદુ પર લાવી શકાય છે.

(હવે પછી નેત્રપટ ને તેના કોપો વિષે)





તંત્રી બ. રાવત
જુલાઈ ઈ. ૧૯૬૮

ઊપડી ડમણી / ભાનુપ્રસાદ પંડ્યા

· મન્દાક્રાન્તા ·

દા'ડી સાંજે સીમથી વળતું વાતનું રમ્ય ટોળું,
વીંખી, લીધું ટીખળ મહીંથી એક, પેલા કૂવાના
કાંઠે દીઠા કમનીય વળાકો વીંટીને, નદીની
રેકૂડીની રમત બધી પાનેતરે ગોપવીને,
તોફાનોની ઢગલી અમથી એક નાની કરીને,
ઓગાળીને નયન ગમતીલાં, મલકો વિખેરી,
માફાવાળી ડમણી નીકળી નૂર લૈ આંગણાનું !

સાંતી છોડી ગુસપુસ કરી ગોઠડી ભેરુ સંગે
મોં ભાળ્યાની ઘગળીઘગળી કોઈ મધ્યાહ્નવેળા
છાંયે બેસી જગતી બીડીનાં ગૂંચળાંમાં ધસંતું
શેઢે જોયું રૂપ ધૂમસિયું ! આજ ગાડું ભરીને
સોડે બેઠું ! રજનીભરનું રુક્ષ એકાંત લીલું
લીલું થાશે ! મબલખ લણી પાક સૌ સોણલાંનો
સાફાવાળી ઊપડી ડમણી ગામને ગોંદરેથી !

ફરકે રૂમાલ / હરિકૃષ્ણ પાઠક

· ગાન ·

ફરકે રૂમાલ રંગમેળો.

ફોરે ફુલેલ તેલ ફરફરતાં ઓડિયાં
મ્હોરે વગડાઉ ફૂલ-વેલો, –ફરકે૦

નરવાં ગળાંનો એવો ઊઠે ગુંજાર,
આજ તડકીનો તોર છે અનેરો,
ધમધમતે મારગડે ગાડાંની સંગ
કાંઈ ગરવો થૈ ચાલતો ગડેરો ! –ફરકે૦

ઘરમરિયો ઘેર એવાં અજવાળાં પાથરે
ને સાફલિયા મારતા ફેરો,
વળતાંની વાટ બધી વીતકની થૈ જાશે
માણી લ્યો એટલો ઉજેરો ! –ફરકે૦

ગડેરો : ગાડાં ચાલવાથી પડેલા ચીલાની વચ્ચે ઊપસી આવતો રસ્તાનો ભાગ; ઉજેરો : ઊપજ, કમાઈ.

નીંદરવનમાં / પ્રાણજીવન મહેતા

· સવૈયા કટાવ ·

અધખુલ્લી આ બારીમાંથી
બ્હાર નીસરી
શમણે ફૂટ્યા નગરલોકની
સીમ વટાવી
રોજ સરકતો નીંદરવનમાં.

સાંજ ઢળેને, પાંપણ પરદો ઢાળી દૈને
અંધારાની કાળીકાળી છાયા ઓઢી
મુજમાં છૂપ્યો
સૂર્ય શોધતો નીંદરવનમાં.

અવાવરુ આ વાવ સમા
મુજ સૂના ઘરમાં દિવસે ઊઠતા
પડઘાઓના પિંડપિંડ શો
મારગ મારગ
રહું ભટકતો નીંદરવનમાં.

ઘોર કંટકે, ઝાડ-ઝાંખરે,
ડગલું ભરતાં અટવાતો, ને
ફૂલ-પાંદડે, ખસ ખાખરે
આગળ ધપતાં
અચકાતો હું નીંદરવનમાં.

નિજની છાયા ઓથે ઊભી
દેખું મુજને,
બંધ આંખની દીવાલ તોડી
અશ્રુ ટપકતાં,
સંગાથે હું વેળુ સરીખો
વહી રહેતો નીંદરવનમાં.

આકાશોના એકલ ખૂણે
રોજ સવારે સૂરજ ઓથે
ભડ ભડ બળતી ચેહસમો હું
ભડકો થૈને
બળતો રે કૈં નીંદરવનમાં.

સાંજ / ચંપકલાલ પરીખ

· કટાવ ·

લીલી સાંજના ભીના તડકે,
સૂરજનાં ડગ થરકે થડકે.
સીમ ગળી ગઈ સૂનાં પગલાં,
વળી ગયું ધણ ઊભી સડકે.
આભ તૂટે છે ચણીબોરથી,
સસલાંનાં દર મૂગાં ફડકે.
ખીલે બાંધ્યું ઢોર હરાયું,
લાલ ચીંદરડે રહી રહી ભડકે.
બંધ થએલાં દ્વાર ભીતરે
સ્મરણો આંખોને જઈ અડકે.
પડછાયામાં મને ભેળવી
અંધકારનો ઓળો ધડકે.
કણકણમાં વેરાતી ક્ષણનો
સમય ઊકરડામાં ઢગ ખડકે.

બે હાઈકુ / ધીરુ પરીખ*

જીર્ણ દુર્ગની
ટોચ ઉપરે તાજું
લહેરે ઘાસ.

*

મૂછ હલાવે
વંદો : પાછળ સ્થિર
ગરોળી ટાંપે.

*આ જ લેખકનો હાઈકુ વિષે ટૂંકો પણ માર્ગદર્શક લેખ આ અંકના સાહિત્યસંપર્ક વિભાગમાં જોશો.

જીવનદર્શન · ૧૩

નવી નીતિ

ફાધર વાલેસ

શૃંગારના જમાનામાં સંયમને શું સ્થાન? વિલાસના ખેલમાં મર્યાદાનો શો દાવ? આજનો યુવાન માણસ રોજ સાંભળે છે કે હાલ નૈતિક મૂલ્યોનો હ્રાસ થઈ રહ્યો છે; ગમે તેને ગમે તે કરવાની (ને બોલવાની ને જોવાની) છૂટ છે; કોઈ બંધન નથી, સિદ્ધાંત નથી, વિવેક નથી.

પહેલાં એમ ન હતું એ પણ સાંભળે છે. પહેલાં વિવેક હતો, યુવાનોમાં શીલ હતું, જીવનમાં પવિત્રતા હતી. ખોટું કરનારા તો હતા જ, પણ એમને સમાજની નજર ચૂકવીને કે સમાજનો રોષ વહોરીને એ ખોટું કરવું પડતું. જ્યારે આજે એ ખુલ્લામાં થાય છે, જાહેરમાં થાય છે, આબરૂ સાથે થાય છે! એવા સમાજમાં ચારિત્ર્યનું શું સ્થાન?

યુવાન માણસ એ સાંભળે છે, પોતાના વડીલો ને મુરબ્બીઓ ને શિક્ષકો પાસેથી એ સાંભળે છે; અને મૂછમાં હસે છે. તે માનતો નથી કે જૂનું એટલું સોનું, અને તે એ પણ સ્વીકારતો નથી કે વડીલ પક્ષે આપેલો એકતરફી ચુકાદો સાચો હોય. એને વિચાર આવે છે કે પહેલાં સમાજમાં એવાં બંધનો હતાં એટલે નીતિનું પાલન જાણે ફરજિયાત થઈ જતું (અને ફરજિયાત એટલે નાછૂટકાની વાત; અને નાછૂટકાની વાત એ નીતિ કે ધર્મ કે ચારિત્ર્ય તો ન જ હોઈ શકે), જ્યારે હાલ તો છૂટ છે. અરે પેલા વડીલો ને મુરબ્બીઓના કહેવા પ્રમાણે તો આજના સમાજમાં ખોટું કરવા ને કરાવવા માટે આમંત્રણ છે, સગવડ છે, લાલચ છે, અને તેથી જ જો કોઈ એ ન કરે ન કરાવે તો એ સાચું આત્મબળ ને સાચી સાધના કહેવાય. માટે પહેલાં કરતાં આજના સમાજમાં સાચા ચારિત્ર્યને માટે સ્થાન છે.

દેવોના કુળમાં દેવ જન્મે એ પ્રકૃતિનો ધર્મ છે, પણ અસુરોને ત્યાં પ્રહ્લાદ પાકે એ ખરું પરાક્રમ કહેવાય.

જૂના જમાનામાં યુવાનને અનાચાર કરતાં અટકાવવા માટે એને કહેવામાં આવતું કે જો એવું કરશો તો ભયંકર રોગો લાગુ પડશે, ને એ છોકરીને દહાડો ચડશે તો બંનેની ફજેતી થશે ને કુટુંબની આબરૂ જશે, અને જાણે આટલી ચેતવણી પૂરતી ન હોય તેમ કુટુંબ ને સમાજ એવા સંજોગો ને પ્રતિબંધો ઊભા કરતા કે એ યુવાન-યુવતીને મળવું લગભગ અશક્ય થઈ જતું. ચોર જેલમાં ચોરી કરી ન શકે એના જેવી સ્થિતિ હતી. દિલમાં એ ચોર તો હોય જ; પણ ચોતરફ પોલીસ ઊભા હોય ત્યાં તો એ હાથ અજમાવે શી રીતે? એ પરાણે લાદેલી ફરજ હતી; ધર્મ ન હતો.

પણ આજનો યુવાન જાણે છે કે એ રોગોની દવા હોય છે ને ગર્ભ રહેતા અટકાવવા સાધનો પણ છે; અને ખોટું કરવા તૈયાર હોય એવી અનેક વ્યક્તિઓ છે, ને એમને મળવી જોઈએ તેટલી તક ને સગવડ એની પાસે છે. આમ હોવા છતાં જો તે (આજના અનેક યુવાનો કરે છે તેમ) એ તકને લાત મારીને શુદ્ધ રહેવાનું પસંદ કરે તો એ પસંદગી આત્મબળનું સાચું પરિણામ છે. એ રોગના ભયથી કે ફજેતીની બીકથી કે તક ન મળવાની લાચારીથી લાદેલી 'પવિત્રતા' નહિ, પણ સ્વેચ્છાથી પૂરા દિલથી, આત્માની મરજીથી સાધેલી જીવનસાધના છે. ચોરી કરી શકાય એવો કીમતી માલ ચોતરફ પડેલો હોવા છતાં અને કોઈની નજર ન હોવા છતાં હાથ એ તરફ ન લંબાય ને દિલ શુદ્ધ રહે એવી આ વાત છે. ખરી પવિત્રતા બંધનમાં નહિ, સ્વતંત્રતામાં જ સંભવે, અને તેથી સ્વતંત્રતા ને છૂટ ને સ્વચ્છંદિતાના આપણા જમાનામાં જ ખરી પવિત્રતા પાકી શકે: કળિયુગના પેગંબરો બીજું ભાખતા હોય તો પણ.

માણસને જેમ છૂટ મળે છે તેમ એ સાચા અર્થમાં માણસ બનતો જાય છે. આપણા જમાનામાં છૂટ વધારે એટલે માણસનું માણસપણું પણ વધારે. હા, છૂટનો ખોટો ઉપયોગ કરી શકાય છે, ને તેથી આપણા જમાનામાં હિંસા ને અનીતિનું પ્રમાણ વધ્યું છે એ ખરું; પણ સાથે સાથે માણસાઈ ને આત્મભોગ ને સચ્ચાઈનું પ્રમાણ પણ વધ્યું છે. જંગલવાસી આદિ માનવો તો બધા લગભગ સરખા હતા: એમનામાં કોઈ સંત નહોતો, કોઈ શેતાન નહોતો; કારણ કે એમનામાં નૈતિક સ્વતંત્રતા પણ ઓછી હતી, સારા-નરસાનું ક્ષેત્ર સાંકડું હતું. આજે એ ક્ષેત્ર વિશાળ છે. માટે આજે દુનિયામાં આટલા દુષ્ટો છે અને આટલા સંતો પણ છે.

વિદ્યાર્થીઓ જાણે છે કે સહેલી પરીક્ષા એ સારી પરીક્ષા નથી. સહેલી પરીક્ષામાં સૌ કોઈ ઉચ્ચ પરિણામ મેળવી શકે, અને તેથી સારો વિદ્યાર્થી કોણ અને આળસુ ને ઠોઠ કોણ એનો નિર્ણય એમાં ન થાય. પરીક્ષા અઘરી હોય, કડક હોય તો જ કોણ ઉચ્ચ ને કોણ મધ્યમ ને કોણ નીચલી કોટિનો એ નક્કી થાય. અને સારો વિદ્યાર્થી એમાં દીપે. આજની પરીક્ષા પણ ભારે છે, નીતિની કસોટી આકરી છે. માટે જ એમાં ખરા માણસો દીપી ઊઠે છે.

ને આપણા યુવાનો એ જાણે છે, અનુભવે છે. એ સ્વતંત્રતાના તેઓ વારસ છે, એ ઉચ્ચ નૈતિક ધોરણના ઉમેદવાર છે. માનસિક અરાજકતાના જમાનામાં શિસ્તનું મૂલ્ય તેઓ સમજે છે, અને સમજીને તેઓ સ્વતંત્ર રીતે, પોતાની રીતે તેનું આચરણ કરતા પણ જાય છે.

આજનો યુવાન જાણે છે કે પોતાનું નોખું સ્વતંત્ર વ્યક્તિત્વ સિદ્ધ કરવા એને દુરાચારનો આશ્રય લેવાની જરૂર નથી, ઊલટું દુરાચારના વાતાવરણમાં એ સદાચાર પાળે તો જ એ સ્વતંત્ર, મૌલિક, સ્વમાની વ્યક્તિ તરીકે સિદ્ધ થઈ શકે.

આજનો યુવાન જાણે છે કે પહેલાંનાં બંધનો અને આજની લાલચો જુદાં લાગવા છતાં એક રીતે તો સરખાં જ છે અને બંને ઘાતકી પણ છે. પહેલાંનાં બંધનો એને જકડી રાખતાં. 'આમ ન કર' એ આજ્ઞા હતી, એટલે એના પર દબાણ થતું ને એનું વ્યક્તિત્વ ખીલી ન શકતું. આજની લાલચો એને ધકેલી આપે છે. 'આમ કર' એવું પ્રલોભન છે એટલે પાછું દબાણ થાય છે ને વ્યક્તિત્વ કચડાય છે. જૂનાં બંધનોની ગુલામીમાંથી તો એ ઊગરી આવ્યો છે, ને હવે આ લાલચોની જાળમાં એ ફસાઈ ન જાય એ માટે એ જાગૃત છે. રૂઢિની પકડમાંથી છૂટ્યા પછી જો એ ફૅશનના દાવમાં સપડાય તો સિંહથી બચ્યા પછી વાઘના પંજામાં આવવા જેવું થાય.

આમ સ્વતંત્રતાના આ જમાનામાં નીતિ–સદાચાર માટે અનેક જોખમ છે એમની ના નથી. પણ જોખમ છે એટલે જ એ નીતિ–સદાચાર વધુ સાચાં છે એ કહેવાનો આગ્રહ છે. જોઈએ તો એટલું જ કે જેમ બહારનાં બંધનો ઢીલાં થાય તેમ દિલના સંસ્કારો પ્રબળ બને. જેમ વાહનનો વેગ વધારે તેમ તેની બ્રેક પણ વધારે સારી જોઈએ.

એમાં કેળવણીકારો માટે (અને પહેલા કેળવણીકાર તો માબાપ જ હોય છે એટલે એમને માટે પણ) એક ભારે પ્રશ્ન ઊભો થાય છે: છોકરાને સારું વર્તન શીખવવા ને ખોટું કરતાં અટકાવવા તે જલદી સમજી શકે એવી શિખામણ તેઓ એને આપે છે ને એવી ધમકીઓ પણ આપે છે. જે છોકરું જૂઠું બોલે તેની જીભ કપાય, જે ચોરી કરે તે લંગડો બને, વગેરે. જૂઠું બોલવાથી જીભ કપાય તો જૂઠું ન બોલવું સારું એ વાત છોકરો તરત સમજે છે, અને એ બીકથી એ થોડો સમય સત્યવ્રત પણ પાળે એવો સંભવ છે (જોકે એમાં નીતિમત્તા કરતાં બીકનો પરચો વધારે છે). પણ એ સચોટ ને બિહામણી ધમકીઓ છતાં એ છોકરો ધીરેધીરે અનીતિના પ્રયોગો કરવા લાગશે; ને ત્યારે પગ ને જીભ નહિ કપાય ને એવું કોઈ અશુભ પરિણામ નહિ આવે ત્યારે એની 'નીતિ'નો પાયો ડગમગવા માંડશે.

નાનાં છોકરાંને જ નહિ, સશક્ત યુવાનોને માટે પણ સમાજ ને રૂઢિ એવા હાઉ ઊભા કરે છે: અને કલ્પના ને વહેમ ને ભયને જોરે એ થોડો સમય ટકી પણ રહે છે ને એ યુવાનોને મર્યાદામાં રાખે છે. પરંતુ વાસ્તવિકતાનું ભાન થતાં એ ખોટા ખયાલો ઓગળી જાય છે ત્યારે એ મૂંઝાય છે. એમને સારું વર્તન રાખવું છે. પણ સારા વર્તન માટે એમને ખોટાં કારણો આપવામાં આવ્યાં છે તે એમને ખપતું નથી. માણસને શોભે એવાં કારણો જોઈએ, સાચાં જોઈએ, કાયમનાં જોઈએ. હા, એ કદાચ એટલાં જલદી નહિ સમજાય, પણ સમજાશે ત્યારે કદી ભુલાશે નહિ, ભૂંસાશે નહિ.

સ્વતંત્ર વ્યક્તિ થવા માટે ઇચ્છાશક્તિ જોઈએ (માટે સંયમ જોઈએ, ઇંદ્રિયોનો કાબૂ જોઈએ, પ્રૌઢતા જોઈએ); સમાજમાં સ્થાન મેળવવા માટે લાયકાત જોઈએ (માટે મહેનત જોઈએ, હિંમત જોઈએ, પ્રામાણિકતા જોઈએ); સુખી કુટુંબ રચવા માટે પ્રેમ જોઈએ (માટે આત્મભોગ જોઈએ, બલિદાન જોઈએ, પવિત્રતા જોઈએ)...આવી વાતો ને સિદ્ધાંતો યુવાન માણસને જોઈએ; નહિ કે હાઉ ને નરક ને વહેમ ને શાપની ધમકીઓ; એ સિદ્ધાંતો લઈને, પચાવીને, અમલમાં મૂકીને તેઓ નવા જમાનામાં નવી ને સાચી ને ઊંચી નીતિ અપનાવી શકશે. વિજ્ઞાનના યુગને શોભે એવી નીતિનો આદર્શ તેઓ દુનિયાને આપી શકશે. એ તેમની આગવી જવાબદારી છે.

આજના મુદ્રણનો આદ્ય-જનક
જોહૅનિસ ગેન્સફ્લાઇશ્ખ ઝુમ

ગુટનબર્ગ





કોપરનિકસે શોધ કરી કે સૂર્ય પૃથ્વીની આસપાસ નહિ, પણ પૃથ્વી સૂર્યની આસપાસ ભમી રહી છે અને ખગોળ વિષેના ત્યારના ખયાલો પલટાઈ ગયા. હિંદુસ્તાનનો માર્ગ શોધવા ઊપડેલા કોલંબસે અજાણતાં અમેરિકા ખંડ શોધી કાઢ્યો અને એક નવી જ દુનિયાનાં દ્વાર ખૂલી ગયાં. આવી કેટલી યે શોધો હશે જેણે લાંબે ગાળે માનવ-ઇતિહાસની સૂરત પલટી નાખી છે. એવી જ એક શોધ છે મુદ્રણની. કદાચ અન્ય કોઈ પણ શોધ કરતાં માનવજીવનના ઘડતરમાં એનો વિશેષ ફાળો છે. માણસમાં જ્ઞાન, વિજ્ઞાન અને કલાસંસ્કારનો પ્રવેશ કરાવતી મુદ્રણકલાની શોધ લાકડાનાં ચિત્રબીબાં રૂપે ભલે ચીનાઓએ શોધી પણ પ્રત્યેક અક્ષરનું છૂટું બીબું કરવાની જોહૅનિસ ગુટનબર્ગની એક નાની શોધે એ મુદ્રણકલાને એટલો તો પ્રચંડ વેગ આપ્યો કે જર્મનીનો એ ધાતુ-કારીગર અફાટ ક્ષેત્રો આવરતી આજની મુદ્રણકલાનો આદિ જનક ગણાય છે અને જર્મની આ વર્ષે એની પાંચસોમી સંવત્સરી મનાવી રહ્યું છે.


એના જીવનની બહુ વિગતો મળતી નથી, કે નથી એની કોઈ અધિકૃત છબિ. અરે, જે દેવળના કબ્રસ્તાનમાં એનું દફન થએલું એ દેવળ કે એની કબર પણ આજે રહ્યાં નથી. પણ જે કંઈ સંદર્ભો પ્રાપ્ય છે તેના પરથી એટલું જાણવા મળે છે કે ઈ. ૧૩૯૪ થી ૧૩૯૯ના અરસામાં જર્મનીના એક વિખ્યાત નગર માઈન્ઝમાં એનો જન્મ થએલો. પિતા ફ્રીલ ગેન્સફ્લાઈશ્ખ માઈન્ઝના એક ભદ્ર નાગરિક હતા. એ સમયના એક રિવાજ અનુસાર પોતાના નામ સાથે સ્થાનનું નામ પણ જોડાતું, એથી એમના નામમાં ગુટનબર્ગ પણ ઉમેરાતું. આ રીતે એના પુત્રનું પૂરું નામ જોહૅનિસ ગેન્સ ફ્લાઈશ્ખ ઝુમ ગુટનબર્ગ થયું. ટૂંકમાં એ ગુટનબર્ગ નામે જ ઓળખાયો.

માઈન્ઝ એ કાળે યુરોપનું અગ્રગણ્ય નગર હતું. ર્હાઈન અને મેઈન નદીના સંગમ પર જ્યાં પૂર્વ-પશ્ચિમના વ્યાપારી માર્ગો મળતા ત્યાં એ આવેલું હોઈ વ્યાપારી તેમજ રાજકીય દૃષ્ટિએ એનું ઘણું મહત્ત્વ હતું. અને એ કાળના પારી(સ) જેટલું જ એનું વર્ચસ્વ હોઈ એ 'સોનેરી માઇન્ઝ' કહેવાતું. ત્યાંના સોનીઓની કારીગરી બેનમૂન ગણાતી. અને ગુટનબર્ગ પણ નાનપણમાં એ લોકો પાસેથી જ ધાતુકામ શીખેલો.

પંદરમી સદીના પૂર્વાર્ધ દરમિયાન માઈન્ઝમાં પણ બે વર્ગ પડી ગયા હતા. ઉમરાવજાદાઓનો ભદ્રસમાજ 'પૅટ્રિશિયન' વર્ગ તથા કારીગરોનો મહેનતકશ વર્ગ 'ગિલ્ડ'. ધીરેધીરે ગિલ્ડનું વર્ચસ્વ વધી રહ્યું હતું. સ્વાભાવિક જ આ બંને પક્ષો વચ્ચે તકરારો થતી રહેતી અને એવા જ કોઈ કારણસર ગુટનબર્ગને સ્ટ્રાસબર્ગ જઈ વસવું પડ્યું. આ એક એવો સમય હતો જ્યારે પશ્ચિમની દુનિયામાં એક નવો પલટો આવી રહ્યો હતો. વેપારી માર્ગોએ અવનવી ચીજ-વસ્તુઓ સાથે અભિનવ વિચારો પણ આયાત થતા. જ્ઞાનની ભૂખ વધતી હતી. પારી(સ), પ્રાગ, બોલોના, વીએના, હાઈડલબર્ગ અને એરફર્ટની વિદ્યાપીઠો એ ભૂખ સંતોષવા મથી રહી હતી. સુધારક માનસની ત્યારે બહુ પ્રતિષ્ઠા થતી હતી. બીજી બાજુ ઇસ્લામ જોર પર આવતો જતો હતો. કૉન્સ્ટૅન્ટિનોપલનું પતન થઈને હાગિયા સોફિયાના વિખ્યાત દેવળમાં નમાઝ પઢાવા માંડી હતી. એક કાળના 'પવિત્ર રોમન સામ્રાજ્ય'ના પૂર્વસીમાડા પર તુર્કોનો સતત ભય તોળાતો હતો. ઈતિહાસમાં બહુ ઊંડી અસર પાડી જાય એવો એક પલટો આવી રહ્યો હતો. વિજ્ઞાન અને ખગોળ વિષયક રૂઢમાન્યતાઓની જડ ઊખડી રહી હતી. પણ એ યુગમાં પ્રકટેલી મશાલને ઘણું અંધારું ઉલેચવાનું હતું. ઉચ્ચોચ્ચ જ્ઞાનશાખાઓ પણ હજી ડાકણના ઓળા તળે જાણે ફફડતી હતી.



ગુટનબર્ગની હયાતીમાં થએલી એની કોઈ છબિ પ્રાપ્ય નથી. પણ પાછળથી એનાં જે ચિત્રો આલેખાયાં છે એમાંનાં ત્રણ અહીં રજૂ કર્યાં છે. એમાં જમણી બાજુનું આ ચિત્ર એના અન્ય છબિચિત્રો કરતાં ઘણી રીતે ભિન્ન છે. એમાં પાછળ ગુટનબર્ગનું મુદ્રણયંત્ર પણ આલેખેલું છે.





માઈન્ઝમાં રાખેલી ગુટનબર્ગની એક પ્રતિમા

ગુટનબર્ગના જન્મસ્થાન માઈન્ઝનગરની સ્થાપનાને ઈ. ૧૯૬૨માં ૨૦૦૦ વર્ષ થયાં એ નિમિત્તે ત્યાંના 'ગુટનબર્ગ મ્યૂઝિયમ'ને 'વર્લ્ડ મ્યૂઝિયમ ઑવ પ્રિન્ટિંગ'માં ફેરવી નાખ્યું. લગભગ પાંત્રીસ વિશાળ ખંડોમાં વહેંચાએલા એ સંગ્રહસ્થાનને માટે ભંડોળ એકઠું કરવા ૫૦ ફેનિગની આ ચાર સુંદર ટિકિટો બહાર પડેલી. અલબત્ત એ ટપાલટિકિટો નથી, પણ મુદ્રણકલાના વિકાસમાં રસ ધરાવનાર માણસ એ ખરીદીને પોતાની ટપાલ પર ચોડી શકે. એ રીતે ભંડોળ એકઠું થાય અને પ્રચાર પણ. આ વર્ષે માઈન્ઝે ગુટનબર્ગની ૫૦૦મી સંવત્સરી ઊજવી છે.

અનેક વિષયના ગ્રંથો હજી હાથે લખાતા હતા યા પુસ્તકનાં આખાં ને આખાં પાનાં કોરેલા કાષ્ઠપટની છાપ વડે નિર્માણ થતાં. ઝડપથી પલટાતી દુનિયાને હાથમજૂરીની આવી વેઠ કેટલેક પહોંચી વળે? ગુટનબર્ગ પણ આ દિશામાં કંઈક વિચારી રહ્યો હતો. પણ ત્યારે એનો ધંધો હતો દર્પણ બનાવવાનો. આગળ જતાં એના ભાગીદારના વારસાએ આ ધંધાના હક્કો અંગે એના પર દાવો માંડેલો. આ દાવા અંગેના મળેલા દસ્તાવેજો પરથી જણાય છે કે ૧૪૩૯ની એ સાલના ગાળામાં ગુટનબર્ગ ધાતુઓ સાથે કંઈક પ્રયોગો કરી રહ્યો હતો અને એની વિગતો એ બહુ જ ગુપ્ત રાખતો હતો.

આખરે ઈ. ૧૪૫૦માં એ ફરી માઈન્ઝ આવી વસ્યો. અને જોહૅનિસ ફુસ્ટ નામે એક ધનિકને પોતાની એ ગુપ્ત શોધ સમજાવીને તેની પાસેથી ૮૦૦ ગલ્ડન ઉછીના લઈ ઈ. ૧૪૫૦ થી '૫૩ના અરસામાં એક છાપખાનું ઊભું કર્યું. એ શોધ હતી પુસ્તકના આખા પાનાનાં લાકડાનાં બીબાં કોરવાને બદલે મૂળાક્ષરોનાં ધાતુનાં છૂટાં બીબાં વડે પુસ્તક છાપવાની. જેમજેમ પુસ્તક છપાતું જાય તેમતેમ છપાએલાં પાનાનાં બીબાં છોડી નાખીને એ જ બીબાં વડે નવાં પાનાં ગોઠવતાં જવાય. હસ્તલિખિત ગ્રંથો ને પડછે ગુટનબર્ગની આ રીતે છાપેલા ગ્રંથો સસ્તા પડવાના એ હકીકત ફુસ્ટની વેપારી દૃષ્ટિને લાભદાયી જણાઈ. એ બીબાંની અક્ષરાકૃતિઓ તૈયાર કરવા માટે ગુટનબર્ગે પોતાની મદદમાં પારી(સ) યુનિવર્સિટીના લહિયા પીટર શોફરને પણ ભેળવ્યા.*

આમ, છાપખાનું ઊભું તો કર્યું, પણ છાપવું શું? આરંભમાં એણે કદાચ થોડાં નાનાં કામો કર્યાં પણ હશે, એમાંથી પોતાનું દેવું ફેડવા જેટલી આવક થાય એમ લાગ્યું નહિ. આખરે એણે 'બાઈબલ' છાપવાનું નક્કી કર્યું. ચોરીની બીકે જેને સાંકળે બાંધી રાખવા પડે અને ખજાનાની પેઠે જતનથી જેને જાળવવા પડે એવા હસ્તલિખિત બહુમૂલ્ય બાઈબલોની સામે છપાઈને કારણે કિંમતમાં હળવાં બાઈબલ કદાચ સારી આવક આપશે એવી એની ગણતરી હશે. અને એ વાત એણે ફુસ્ટને ગળે પણ ઉતારી હશે. કેમ કે આ માટે એણે બીજા ૮૦૦ ગલ્ડન ગુટનબર્ગને ધીર્યા હતા.

બાઇબલના મહાગ્રંથના નિર્માણ માટે ગુટનબર્ગે બીબાં ગોઠવવા માટે ખાસ છ માણસો રોક્યા. છ મુદ્રકો પણ તૈયાર કર્યા. એ સમયનાં બહુરંગી સુશોભનોવાળાં હસ્તલિખિત સચિત્ર પુસ્તકોની હરીફાઈમાં એનો મુદ્રિત ગ્રન્થ કોઈ પણ રીતે ઊતરતો ન નીવડે એ પણ ખાસ જોવાનું હતું. એનો સાથીદાર પીટર પણ એના મતનો જ હતો.

૧૨૮૨ પાનાંના એ બાઈબલના આ સાથે આપેલા નમૂના પ્રમાણે દરેક પાના પર ૪૨-૪૨ લીટીઓ હતી એટલે એ '૪૨ લીટીનું બાઈબલ' કહેવાય છે. એમાં પ્રત્યેક પાના પર બે કૉલમમાં લખાણ છપાયું છે ને મથાળે તેમજ વચ્ચે થોડીક જગ્યા ખાલી રખાઈ છે. આ જગ્યામાં તેમજ ચારે બાજુએ ફૂલવેલો ને પશુપક્ષીઓનાં શોભન-ચિત્રો પાછળથી હાથે આલેખેલાં છે. ધાતુનાં બીબાં વડે છાપેલો દુનિયાનો એ પ્રથમ ગ્રંથ ગણાય છે અને મુદ્રણની કઠિન કલાનો એ પહેલવહેલો વ્યવસ્થિત પ્રયાસ મનાય છે. એમાં સુશોભનો કરનારે એનું આલેખન પૂરું કર્યાની તારીખ ૨૪મી ઑગસ્ટ ૧૪૫૬ આપી છે, એટલે એ અગાઉ એનું મુદ્રણ પૂરું થયું હશે તેમ નક્કી થાય છે. આજે તો એની માત્ર ૪૭ નકલો જ સચવાએલી રહી છે. પણ જ્યાંજ્યાં એ છે ત્યાં એ એક રાષ્ટ્રીય ખજાના તરીકે જતનથી જાળવી રખાઈ છે. અને ખરેખર, એને જોતાંવેંત લાગે છે કે આજથી પાંચસો વર્ષ પહેલાં વર્ષોની જહેમત લઈ ગુટનબર્ગે એક અદ્વિતીય સર્જન કરી બતાવ્યું છે.

પણ સમયના આ લાંબા ગાળા દરમિયાન ફુસ્ટની ધીરજ હાથ ન રહી. પોતે ધીરેલા મુદ્દલના ૧૬૦૦ તથા એના વ્યાજના ૪૨૬ ગલ્ડન માટે એણે ઈ. ૧૪૫૫ના નવેમ્બરમાં ગુટનબર્ગ પર દાવો માંડ્યો. એ

*એક મત એવો છે કે હૉલૅન્ડના એક અગ્રણી છાપકામ લૉરેન્સ જાન્સ્ઝૂન કૉસ્ટરે આ શોધ કરેલી અને ફુસ્ટ તથા ગુટનબર્ગ એનો ભેદ ચોરી લાવેલા. જોકે પૂર્વમાં છેક દસમી સદીમાં યે ચીનમાં દરેક અક્ષર માટે સ્વતંત્ર બીબાં બનતાં હતાં અને તેરમી સદીમાં તાંબામાં ઢાળેલાં બીબાં કોરિયામાં વપરાતાં હતાં.




માઈન્ઝમાં ગુટનબર્ગનું સ્મારક



'બેંતાળીસ લીટીના બાઇબલ'ને નામે ઓળખાતા ગુટનબર્ગના છાપેલા વિખ્યાત ધર્મગ્રંથની ઈ. ૧૪૫૫ની સાલની સુશોભિત આવૃત્તિનું એક પાનું. ૧૨૮૨ પાનાંના એ ગ્રંથની લગભગ ૧૮૦ નકલો તૈયાર થએલી, જેમાં ૩૦ નકલ વેલમ-ચર્મપત્ર પર છાપેલી. એક અંદાજ છે કે એ માટે ગુટનબર્ગને ૫૦૦૦ વાછરડાની ખાલની જરૂર પડી હશે. એનું લખાણ ગુટનબર્ગે બનાવેલા મૂળાક્ષરોનાં ધાતુનાં બીબાંથી છાપેલું છે જ્યારે સુશોભનો પાછળથી હાથે આલેખ્યાં છે. નીચે: માઈન્ઝના સંગ્રહસ્થાનમાંની એ બાઈબલની એક નકલ.

કાળમાં આ રકમ ઘણી સારે ગણાતી એટલે એનો તકાદો પણ સમજી શકાય તેવો હતો. એમ પણ કહેવાય છે કે ગુટનબર્ગના મદદનીસ પીટરે ફુસ્ટની પુત્રી સાથે ગાઢી મિત્રતા કેળવી હતી. ફુસ્ટના અવસાન પછી એ બંને પરણી ગએલાં. સંભવ છે કે એ બંનેના સંબંધને કારણે પણ ગુટનબર્ગ અને ફુસ્ટ વચ્ચેના સંબંધો બગડ્યા હોય.

ફુસ્ટના તકાદાના જવાબમાં જણાવ્યા પ્રમાણે ફુસ્ટ પાસેથી લીધેલાં નાણાં પગાર, ભાડું, પાર્ચમેન્ટ કાગળ ને શાહીમાં વપરાઈ ગયાં હતાં, અને એ તત્કાલ પૈસા આપી શકે તેમ નહોતો. આજે જેને આપણે દેવાળું જ કહીએ એવી



સ્થિતિમાં ગુટનબર્ગ ફસાઈ પડચો. અદાલતે ફુસ્ટના પક્ષમાં ચુકાદો આપ્યો અને ગુટનબર્ગનું છાપખાનું અને તેમાંની બધી જ ચીજો-બાઈબલની છપાએલી પ્રતો સાથે ફુસ્ટના હાથમાં આવી. ગુટનબર્ગ જેને માટે આજે જગતભરમાં વિખ્યાત બની ગયો છે એ એના જીવનના મહત્તમ કાર્ય માટે ન તો એ પૈસા પામ્યો કે ન મળી એને પ્રતિષ્ઠા. એમ પણ મનાય છે કે ફુસ્ટે બરાબર તક જોઇને ગુટનબર્ગનો જામેલો તૈયાર વ્યવસાય પોતાના લેણાના જોરે પડાવી લીધો હતો.

આ પછી એ છાપખાનામાંથી ઈ. ૧૪૫૭ની ૧૪મી ઑગસ્ટે 'સૅાલ્ટર' (ખ્રિસ્તી ધર્મની ઉપદેશપોથી) પ્રકટ થયું. તેના પ્રકાશક તરીકે તેમાં ફુસ્ટ સાથે પીટર શૉફરનું નામ પણ મુકાએલું છે. પીટર હોશિયાર કારીગર તો હતો જ અને ગુટનબર્ગ પાસે તેણે તાલીમ લીધેલી એટલે આ પ્રકાશન પણ ઘણું ઉમદા બનેલું. 'વેલમ' (ચર્મપત્ર) પર છપાએલી અને પાનેપાને ઝીણવટભર્યાં સુંદર શોભનોવાળી એ પોથીની આજે તો માત્ર ૧૦ નકલો જળવાઈ રહી છે. રંગીન છપાઈમાં એ ગુટનબર્ગના બાઈબલથી યે એક કદમ આગળ રહી છે.

બીજી બાજુ, બેહાલ બનેલા ગુટનબર્ગ પ્રત્યે અનુકંપાથી પ્રેરાઈને માઈન્ઝના એક મ્યુનિસિપલ સભાસદ ડૉ. કૉન્રાડ હમ્ફ્રીએ એને છાપખાનાની કેટલીક સામગ્રી મેળવી આપી અને થોડી રકમ પણ ધીરી. જોહાન બામ્લેર નામના એક સહાયક સાથે ગુટનબર્ગે ફરી કામ ચાલુ કર્યું અને ઈ. ૧૪૭૦માં 'કૅથોલિકન' નામે એક જ્ઞાનકોશ છાપ્યો, પણ એના બાઈબલના મુકાબલે આનું મુદ્રણ ઊતરતી કક્ષાનું થયું.

ગુટનબર્ગના આ યાતનામય જીવનમાં સમકાલીન બનાવોએ ફરી ભાગ ભજવ્યો. પોપે જેને માઈન્ઝના આર્કબિશપ તરીકે બાતલ કર્યો હતો એ ઇલેક્ટર અને એના અનુગામી વચ્ચે તકરાર જાગી, તોફાનો થયાં અને શહેરના કેટલાક ભાગમાં આગ લગાડાઈ, જેમાં ગુટનબર્ગનું છાપખાનું યે ખલાસ થઈ ગયું, અને નિર્વાસિત ગુટનબર્ગ ગામ છોડી ચાલ્યો ગયો. ઈ. ૧૪૬૩માં જ્યારે એ પાછો માઈન્ઝ આવ્યો ત્યારે એક સુખદ આશ્ચર્યકારી વસ્તુસ્થિતિ સર્જાઈ. ઇલેક્ટરે એને ર્‌હાઈનના જમણા કાંઠે એલ્ટવિલેમાં છાપખાનું નાખવા સૂચવ્યું. એ પ્રસ્તાવને આવકારીને ગુટનબર્ગે બેખ્ટરમુંઝ નામના ભાઇઓને એ અંગે બધી જ દોરવણી આપી તૈયાર કર્યા પણ પોતે તેમાં ન પડતાં સેન્ટ વિક્ટરના મઠમાં રહેવા ચાલ્યો ગયો. ઇલેક્ટરને ગુટનબર્ગની આર્થિક અને માનસિક સ્થિતિની જરૂર જાણ હશે, અને અનુકંપા પણ. એણે ગુટનબર્ગને પોતાના દરબારમાં સ્થાન આપીને જીવાઈ બાંધી આપી, જેમાંથી હવે વૃદ્ધ અને ભાંગી પડેલા ગુટનબર્ગને દર વર્ષે એના દરજ્જાને અનુરૂપ કપડાં, ૨૦ બુશલ દાણા અને બે પીપ દારૂ મળતો. જીવનભર પરેશાની વેઠચા પછી હવે પાછલી અવસ્થામાં એની આજીવિકાની ચિંતા ટળી. બેખ્ટરમુંઝ ભાઇઓએ છાપેલી એક ચોપડીમાંની નોંધ પ્રમાણે ઈ. ૧૪૬૮માં સેન્ટ બ્લાસિયસના દિવસે, એટલે કે ત્રીજી ફેબ્રુઆરીએ ગુટનબર્ગનું અવસાન થયું.

પણ ગુટનબર્ગની શોધ તો જ્વાળા પેઠે ચોમેર પ્રસરી ગઈ. ઈ. ૧૫૦૦ સુધીનાં પચાસ વર્ષમાં તો યુરોપમાં ૨૬૦ સ્થળોએ મળી ૪૦,૦૦૦ ગ્રંથોની કુલ એકાદ કરોડ જેટલી નકલો છપાઈ હતી. ઈ. ૧૪૭૦-માં મુદ્રણની આ કળા ઈંગ્લંડ પહોંચી, ૧૫૦૩માં તુર્કસ્તાનમાં, ૧૫૫૩માં રશિયામાં, ૧૫૮૪માં પેરૂમાં, ૧૬૩૯માં ઉત્તર અમેરિકામાં અને ૧૭૯૯માં ઇજિપ્તમાં પહોંચી.* મુદ્રક અને પુસ્તક બાંધનાર (બાઈન્ડર)ના બે નવા કલામય હુન્નરો અસ્તિત્વમાં આવ્યા.

ઓગણીસમી સદીમાં ખાસ કરીને કોનિગ (Koenig) અને મર્ગનથેલર (Mergenthaler)ના પ્રયત્નોથી આજના અખબારી મુદ્રણનો વિકાસ થયો. સેનેફેલ્ડરની લિથોગ્રાફીની શોધથી ચિત્રોની છપાઈમાં એક નવો જ વળાંક ઉમેરાયો અને આજે આપણે જેના વિનાનું જીવન કલ્પી જ ન શકીએ એ મુદ્રણનો વ્યવસાય દુનિયાભરમાં પ્રસરી ગયો. કોઈ પણ નવા ખયાલો કે જ્ઞાનને જનસામાન્ય સુધી પહોંચાડવામાં મુદ્રણના જેટલો ભાગ્યે જ બીજા કશાનો હિસ્સો હશે. અણુવિભાજન જેવી શોધો કરતાં યે ગુટનબર્ગની આ નાનકડી શોધે માણસના જીવનમાં એક મહા ક્રાંતિ સર્જી છે.

* 'મુદ્રણકલાનો વિકાસ' દર્શાવતો એક માહિતીપ્રદ સચિત્ર લેખ અગાઉ 'કુમાર' અંક ૩૯૭ (જાન્યુઆરી ૧૯૫૭)માં પ્રગટ થઈ ચૂક્યો છે.

લ ઘુ ક થા

છિન્નસૂત્ર

કાન્તિ શાહ

ગાડી આવી ને ગઈ, પૅસેન્જરોનું પૂર ઓસરતું ચાલ્યું, પણ મહેમાન ન દેખાયા. કંઈક નિરાશ થઇ પાછો વળવા પગ ઉપાડું છું ત્યાં—

એ? એ જ! હા, એ જ ચહેરો, એ જ ઉદાસ આંખો અને... મને વળોટી તે ચાલી ગઈ.

તેણે ખભે તેડેલો બાબો મારી તરફ ટગર ટગર તાકી રહ્યો હતો. એના જેવું જ લંબગોળ ભરાવદાર મોં, એવી જ રમતિયાળ લટ... મારાં ચારે સંતાનોનાં મોં મને મળતાં આવે છે એ યાદ આવી ગયું. મારો જીવ ઊંડો ઊતરતો ચાલ્યો. ડૂબતા શ્વાસના ફૂટતા પરપોટા સંભળાતા હતા.

લાંબો શ્વાસ ભરી, પુરુષસહજ ચાલે હું આગળ નીકળી ગયો. એની સાથે ત્રણચારજણ હતાં. એકપુરુષ કશીકવાતોમાં એને ખેંચી રહ્યો હતો. એનો જવાબ-એનો અવાજ સાંભળવાની તીવ્ર ઇચ્છા થઈ આવી મને.

બૂટની ઢીલી પડેલી દોરી બાંધવાને બહાને રસ્તા પરના એક બાંકડે પગ ટેકવી હું ઊભો રહી ગયો. મારી લગોલગથી પસાર થયાં એ બધાં. એના ખભા પર દાઢી ટેકવી મારી તરફ કુતૂહલથી જોતા બાબાને ગાલે ટપલી મારી પેલા પુરુષે પૂછ્યું: 'શું નામ પાડયું 'લ્યા તારી ફોઇએ?'

મારા કાન વરદાન વેળાની વિનમ્રતા ધરવા ગયા, પણ ન તો બાબો બોલ્યો, ન એ બોલી... એક બૂટની દોરી બંધાઈ ગઈ.

પુરુષની આંગળી પકડી ચાલતી છોકરીએ તે છોડીને હવે એનો હાથ પકડયા જેવું કર્યું. એણે છોકરીને માથે મમતાથી હાથ પસવાર્યો, ત્યાં પેલો બોલકો ફરી ફૂટ્યો: 'અરે બેટા, માથે હાથ ન મૂકવા દઈશ માસીને; નહિ તો મરીશ ત્યાં સુધી મીરાંબાઈ જ રહીશ.'

બીજા બૂટની દોરી કંઈક આંચકા સાથે મેં ખેંચી હશે, કે દોરી તૂટી ગઈ. 'બનેવી હશે એનો' એવા કંઈક અસ્પષ્ટ ગણગણાટ સાથે દોરીના ટુકડાને મુઠ્ઠીમાં મસળતાં મેં બાબા તરફ જોયું. એણે હવે મોં ફેરવી લીધું હતું; અમારી વચ્ચે અંતર પણ ઠીકઠીક પડયું હતું...

ઘસડાતે બૂટે હું પાછળ પાછળ ચાલ્યો. મારા ચારે ચહેરા જાણે હસી રહ્યા'તા મને...

આત્મકથાનક
૭૫

જીવનપટનાં સ્મૃતિચિત્રો

રવિશંકર
રાવળ

૩૬૯ વ્યાપક પ્રવૃત્તિઓ

ભાવનગરથી હું ઘણી ઉદાસીનતા લઈને આવ્યો હતો, પણ હાજીની પહેલી જ મુલાકાતે મને વધુ પુરુષાર્થથી આગળ વધવાની પ્રેરણા આપી. મેં મારી ડાયરીમાં લખ્યુ : 'Patience & Perseverance (ધીરજ અને ખંત મારું સૂત્ર બનો).'

શાળાના પાંચમા વર્ષનો અભ્યાસ પ્રિન્સિપલની સીધી દેખરેખ નીચે કરવાનો હતો. માથા પર કોઈ શિક્ષકની હાજરી નહોતી. અમારે સ્વબુદ્ધિથી ચિત્રસર્જનો કરવાનું ચાલુ રાખવાનું હતું. ફાવે એટલો સમય કામ કરીએ. પ્રિન્સિપલ બર્ન્સ તો અઠવાડિયામાં માત્ર એકબે વાર કલાક-બે કલાક નિરીક્ષણ માટે આવી જતા.

ટર્મની શરૂઆત થતાં જ તેમણે દરેક વિદ્યાર્થીએ રજામાં શું કર્યું તે બતાવવા ફરમાવ્યું એટલે ઘણાએ દેવાળુ જ બતાવ્યું. ફર્નાન્ડિઝ અને બીજા એકાદબે જણ દશ્યચિત્રો કરી લાવેલા. પણ મારી પાસે 'વીસમી સદી' માટે કરેલાં કથાચિત્રો, કાવ્યચિત્રો વગેરે ઠીક પ્રમાણમાં હતાં. તે ઉપરાંત લોકજીવનનાં નાનાં સ્મૃતિચિત્રો હતાં. આ બધું જોઈ બર્ન્સસાહેબ ખૂબ ખુશ થયા અને પોતાના કરેલા જાતજાતના સ્કેચ વર્ગમાં લઈ આવ્યા તેમજ કેવા સંજોગોમાં કેમ કામ કરી શકાય તેનાં દૃષ્ટાંતો આપ્યાં. પોતાની નાની નોટબુકો બતાવી. પેન્સિલનો બે ઇંચનો ટુકડો હાથમાં છૂપો રહી શકે છે તે બતાવ્યું. દોડતી રેલવેમાંથી દેખાતાં ત્વરિત ચિત્રો સ્મૃતિથી કેમ થાય તે માટે તેમણે સીમલા-કાલકા રેલવેમાંથી કરેલા સ્કેચ શાહીથી ઘૂંટી લીધેલા તે બતાવ્યા. આ ચિત્રો તેમણે 'ટાઈમ્સ ઑવ ઇંડિયા'ના નાતાલ અંકમાં એક લેખ સાથે પ્રકટ કર્યાં હતાં. મારાં લેખચિત્રોમાં તેમણે 'બજારનો નાચ' અને રવીન્દ્રનાથની અનુવાદિત વાર્તા માટે કરેલી બારીની જાળીમાંથી જોતી છોકરી પર પ્રશંસા વરસાવી, અને આ રીતે, વિચારો આવે તે ચીતરવાની



'વીસમી સદી'ના એક વાર્તાચિત્ર માટે કરેલો ઘરની જાળીમાંથી જોતી છોકરીનો સ્કેચ (જમણી બાજુ) ને 'બજારના નાચ'નો સ્કેચ) સામેના કૉલમમાં) બંને જોઈને બર્ન્સ સાહેબ ખૂબ ખુશ થયા.



'બજારનો નાચ' શાળાના છેલ્લા વર્ષમાં સ્કેચ

શક્તિ કેટલી જરૂરની છે તે સમજાવ્યું. વળી, 'ટાઈમ્સ ઑવ ઇન્ડિયા'ના તંત્રી પર મને ભલામણપત્ર આપવાની પણ વાત કરી, અને ચિત્રકાર સ્કેચમાંથી પણ વેચાણ કરી લાભ મેળવી શકે તેના રસ્તા બતાવ્યા.

વર્ગમાં થતી બર્ન્સસાહેબની ટૂંકી મુલાકાતોમાં જે સૂચનાઓ થતી તેમાંથી શિક્ષણની એક અનોખી રીત અને અનુભવજ્ઞાન નીતરતાં, જે ઉત્તરોત્તર લાભદાયક થતાં. કોઈ પણ વિદ્યાર્થીનું કામ અટકી પડેલું જુએ એટલે કહી દે : 'વર્ગમાં બેસી ન રહો; ચિત્રની સામગ્રી માટે ફરી વાર નિરીક્ષણ કરવા જાઓ; નવી નોંધો લાવો અને ચિત્રને વધુ તાદૃશ બનાવો; પ્રેરણા અટકે ત્યારે કોઈ પણ કલાકાર કામ કરી શકતો નથી, ઘણી વાર કામ બગડે પણ છે.' તેમની પાસે સંખ્યાબંધ ચિત્રકારોના અનુભવો અને દૃષ્ટાંતો તેમજ પ્રયોગોનો ભંડાર હતો. અમને તેની પ્રતીતિ કરાવવા લાયબ્રેરીમાં જઈ ત્રણચાર કલાગ્રંથો પસંદ કરી લાવે અને કહે કે આ બધું કેમ કરી થયું હશે તેનો વિચાર કરો. મારી ખાતરી થઈ કે આવી રીતે શિક્ષણ અને પ્રેરણા આપનાર શિક્ષકો પ્રથમથી જ મળ્યા હોય તો આર્ટ સ્કૂલનો પાંચ વર્ષનો અભ્યાસ વિદ્યાર્થીને આસમાને ચડાવી શકે. હિંદના ચિત્રશિક્ષકોનો તો અભ્યાસ પણ પરિમિત હતો અને તાલીમ પણ નાનાં ખાબોચિયાં ખૂંદવાં જેટલી જ હતી. સાગરના વિસ્તારથી બધા જ દૂર હતા.

૩૭૦ અંબારામ માસ્તર

અંબારામ માસ્તરે હવે ખેતવાડીની એક ગલીમાં આવેલી એક નાની ચાલમાં પોતાના કોઈ જૂના શિષ્યની મદદથી તેની જ પડોશમાં ખાલી પડેલી સાત રૂપિયાના ભાડાની ઓરડી લીધી હતી. ત્યાં હું વખતોવખત રજાના દિવસે જતો ત્યારે પોતે ગૅલેરીમાં સાદડી નાખી બેઠા જ હોય. તેમણે 'ટ્રેઈન્ડ' શિક્ષકનું સર્ટિફિકેટ મેળવ્યું નહોતું પણ નાનાં છોકરાંઓને આંક, ગણિત અને વાચન શીખવી દેવામાં ખૂબ અનુભવી હતા, એટલે બેચાર શેઠિયાને ત્યાં સવારસાંજ ટ્યૂશન આપવા જતા અને તેની પ્રાપ્તિમાંથી બહુ કસરથી ઘરસંસાર ચલાવતા. તેમનાં બળેલાં-જળેલાં પત્ની મુંબાઈમાં આવીને આટલું યે સ્વતંત્ર જીવન મળ્યું તેથી સંતોષ માનતાં. એક દીકરી મોટી હતી; બીજી નાની પાછી થઈ હતી. માસ્તરને માટે જીવનમાં ઉપર ચડવાનો હવે બીજો કોઈ માર્ગ નહોતો. એમણે મને એમના બીજા એક ટ્રેઈન્ડ શિક્ષક મિત્ર સાથે પરિચય કરાવ્યો. તે અંગ્રેજી પણ જાણતા હોવાથી તેમને ટ્યૂશ-

નોની આવક માસિક રૂ. ૨૫૦ જેટલી થતી, એટલે તે ફક્કડ થઈને એક સારી ચાલીમાં રૂમ રાખીને રહેતા ને તેમનો ભાઈ રસોઈ કરતો. ત્યાં મને તે લઈ જતા ને દેશના માણસો મુંબાઈમાં કેવી રીતે સમાઈ જાય છે અને જીવન નિભાવે છે તેનો ખયાલ હું મેળવતો.

માસ્તરને વળી બધાં જ્ઞાતિજનો અને સગાંઓનો પણ સારો પરિચય હતો. અગાઉ મેં જણાવ્યું છે તેમ તે મારાં બાને મોસાળના સગપણ-વર્તુલમાં ભાઈ થતા, એટલે મારા તો મામા કહેવાય; પણ અમે સદા મિત્રભાવે જ આનંદ લેતા. તેમનાં માતુશ્રી થોડો વખત મુંબાઈ આવેલાં તે તો મને સગો ભાણેજ માની હેત બતાવતાં. અમારા જ્ઞાતિબંધુ મોહનલાલ દવે શાન્ટાક્રુઝ સ્ટેશનથી પૂર્વમાં વાકોલા ખાતે દમણના એક કૉન્ટ્રાક્ટરના મકાનમાં રહેતા. એ મકાનમાલિકનાં નાનાં બાળકોને માટે શિક્ષકની જરૂર લાગી એટલે પરોપકારી વૃત્તિવાળા મોહનભાઈ દવેએ માસ્તરને ત્યાં ગોઠવી દીધા. પણ ટ્રેઈનમાં રોજ જતાં આવતાં તેમને કષ્ટ જણાવા લાગ્યું એટલે થોડા વખત પછી શાન્ટાક્રુઝના બીજા એક ગૃહસ્થનાં બાળકોને સાથે ભણાવવા માટે એક બંગલામાં બાળકોની સ્કૂલ બનાવી મોહનભાઈ માસ્તરને શાન્ટાક્રુઝ ખેંચી ગયા, અને ત્યાં ઝવેરી કાનજી માલજીના બંગલાને લગતી પાંચ રૂપિયાના ભાડાની એક નાની કોટડી અપાવી, એટલે મને તો માસ્તરની સોબતની ખોટ પડી ગઈ.

૩૭૧ મોહનલાલ દવે

કલ્યાણ ચાલની અમારી રૂમ આવતા-જતા અનેક મિત્રોનું સહજ મિલનસ્થાન બની ગઈ હતી. તેમાં મોહનલાલ દવે રોજ શાન્ટાક્રુઝથી



પ વાગ્યે મુંબાઈ આવે, અને શહેરનું ચક્કર મારી સાંજે ચર્ની રોડથી લોકલ ટ્રેઈન પકડવા અમારા ઘરના રસ્તેથી નીકળે ત્યારે અચૂક મને મળવા ઉપર આવે અને સ્નેહપૂર્ણ વાર્તાલાપ અને વિનોદ કરી ચાલ્યા જાય. અમારાં સગાં-સંબંધીઓમાં તેમના જેવી શુદ્ધ નિષ્ઠાવાળા અને મુંબાઈના સંસ્કારી સમાજના ભોમિયા બીજા કોઈ નહોતા, એટલે એમની સાથે ચિત્રકલા, સાહિત્ય કે વર્તમાનપત્રોની વાતો કરવામાં મને બહુ આનંદ મળતો. એમની રીતભાત બધા કરતાં નિરાળી હતી. કાળો આલ્પાકાનો કોટ, ગુલાબી સાફો, ચમકતી, જરા ટપકતી આંખોવાળું ભરાવદાર ગોળ મુખ, કપાળમાં ત્રિપુંડ-તિલક, કાળી ભમરો તેમજ ભરાવદાર મૂછો નીચે સ્વચ્છ દંતાવલીનું હાસ્ય, રણકતો અવાજ, બગલમાં ચોપાનિયાંનું બંડલ અને હાથમાં ગોળ રૂપેરી મૂઠવાળી લાકડી લઈ ડોલતી ચાલે આવતા જુઓ તો માણસોમાં તરી આવતા લાગે. મારા પર તે ખુશ રહેતા. અંબારામ માસ્તરને શાન્ટાક્રુઝમાં વસાવી દીધાની વાત તે વારંવાર કરતા અને બહાર ખુલ્લામાં રહેવાની કેવી મજા પડે છે તેનાં વર્ણન કરતા.

એમની પોતાની કારકિર્દી એમણે જ મને કહેલી પંદર વર્ષની વયે પિતાનું અવસાન થતાં શાળાના આસિસ્ટંટ શિક્ષકની નોકરી લેવી પડી. કંઈક સાહસકર્મ કરવા એક ખોજા મિત્રની સાથે આફ્રિકા જવાના મનસૂબાથી મુંબાઈ આવ્યા. ખોજા મિત્રને ખોજા કોમની સહાય મળી, પણ નિર્ધન બ્રાહ્મણ કુમારને મુંબાઈમાં કોઈ વહોરા શેઠને ત્યાં નોકરી



ડાબી બાજુથી જેભાઈ, મનુ અને હું

મળી. સૂવાનું દુકાનમાં, ખાવાનું વીશીમાં. એવામાં કંઠમાળનો વ્યાધિ જણાયો. તાવથી શરીર ક્ષીણ થતું ચાલ્યું. એક સન્મિત્રની સલાહથી નર્મદાકિનારે એક આશ્રમમાં જઈ, માત્ર દૂધ ઉપર રહી, આખો ચાતુર્માસ નર્મદાના પ્રવાહમાં સવારના કલાકો ગાયત્રીજપ કર્યો આ તપથી તેમના પર ઈશ્વરકૃપા ઊતરી અને કંઠમાળ ગઈ; શરીર પુષ્ટ થયું અને પાછા મુંબાઈ આવ્યા—પણ દુગ્ધપાન અને જપમાં અખંડ શ્રદ્ધા સાથે બુદ્ધિ તેજસ્વી બની એમના જૂના શેઠે પુનઃ આદર આપી રાખી લીધા.

એવામાં એક વાર પાસેના એક ઘડિયાળના વેપારી તેમની પાસે આવ્યા અને ન્યુસપેપરમાં આપવા માટે પોતાની જાહેર ખબર લખાવી ગયા. તે એવી તો વખણાઈ અને અસરકારક બની કે તેણે મોહનભાઇને એક ભીંત-ઘડિયાળ ભેટ આપ્યું. આ પરથી મોહનભાઇને લાગ્યું કે જાહેરખબર પણ એક ધંધો છે. તે માટે તપાસ કરી તો એ ધંધામાં પારસીઓ જ પડેલા હતા. તેઓ જે જાહેરખબરો મેળવી લાવે તેના લખાણના પૈસા વેપારી પાસેથી મળે, અખબાર પાસેથી કમિશન મળે. આથી એક સુજન અખબારી મિત્રની સૂચના પ્રમાણે મોહનભાઇએ આ ધંધામાં ઝંપલાવ્યું. થોડા વખતમાં તે નોકરી છોડી સ્વતંત્ર બન્યા અને વાકોલાથી સાન્ટાક્રુઝ જઈ રહ્યા. ત્યાં તેમને શુદ્ધ દૂધની સગવડ મળી. ચાતુર્માસ આવે એટલે કેવળ દૂધ ઉપર રહે અને બાકીનું વર્ષ એક વાર જમે. સાંજે દૂધ અને ફળો જ લે. શાન્ટાક્રુઝમાં, પૂર્વમાં ખારની જમીનમાંથી જતા રસ્તા પર દોઢ માઈલ ચાલી રોજ આવે ને જાય.

વ્યાધિને લીધે તેમણે લગ્નનો વિચાર સરખો કર્યો નહોતો; દેશમાંથી વૃદ્ધ માતુશ્રીને બોલાવી તેમને ઘર ભળાવી દીધું હતું; જરૂર પૂરતો ધંધો કરી બાકીનો સમય સંયમથી ભજન અને ધ્યાનમાં વીતાવતા હતા પણ તેમની બુદ્ધિ અને પ્રતિષ્ઠાથી તેમના તરફ સારાં માણસો આકર્ષાતા અને તેમને કામમાં હંમેશાં સફળતા મળતી. આમ સર્વ વાતે સધ્ધરતા જણાતાં કુટુંબીજનોએ તેમને પૂરા ગૃહસ્થ બનાવી દીધા.

આ દરમિયાન તેમના વહોરા શેઠિયાઓએ લૅમિંગ્ટન રોડ ઉપર ઈમ્પીરિયલ સિનેમાગૃહ બાંધી પરદેશથી આવતી ફિલ્મો બતાવવા માંડી હતી. એ વખતે ફિલ્મોમાં અવાજ નહોતો. પ્રસંગો અને પાત્રોના સંવાદોનાં લખાણો પરદા પર અંગ્રેજીમાં આવતાં તેથી પ્રેક્ષકોની સમજ માટે ટિકિટોના વેચાણ સાથે ફિલ્મનો સાર મફત મળતો. આ કામમાં પણ પારસીઓ આગળ હતા. પણ મોહનભાઈની, મીઠી સરળ ગુજરાતી ભાષા અને કથા પર નાની ગઝલ કડીઓ મૂકવાની છટાથી શેઠો ખુશ થયા ને તેમની પાસે સાર લખાવવા માંડયા. દર અઠવાડિયે બદલાતા કથાપટ દીઠ તેમને રૂ. ૪૦ મળતા, આમાંથી મોહનભાઇને જાહેરખબરનો બીજો પ્રયોગ સૂઝ્યો.

એમણે શેઠિયાઓ પાસે દરખાસ્ત મૂકી કે કથાસાર રચવાના પૈસા તમે ખર્ચો પણ તે છાપવાનો ખર્ચ હું કરીશ અને કથાસાર સાથે બીજાઓની જાહેરાત પણ લઈશ. શેઠિયાઓએ તે મંજૂર રાખ્યું, એટલે મોહનભાઈએ પોતાની મારફત અખબારોમાં જાહેરખબર કરાવતા

વેપારીઓને પોતાના કથાસારની હજારો પ્રતોમાં તે મૂકવા પ્રેર્યા, જેમાં છપાઇનો ખર્ચ નીકળવા ઉપરાંત આવક થવા લાગી અને તે વધતી જ ગઈ. જે જે ગામે એ ફિલ્મો જાય ત્યાં મોહનભાઈની આ ફિલ્મસાર-પત્રિકા વખણાયા વિના રહે નહિ. આગળ વધતાં મોહનભાઇએ હવે ફિલ્મકથા સાથે ચિત્રમય જાહેરખબરોવાળી નાની સુઘડ પુસ્તિકાઓ લક્ષ્મીઆર્ટ પ્રેસમાં છપાવવા માંડી, જેની કિંમત બે આના જ રાખી. એ તો છેક કરાચી સુધી ફેલાઈ. તેમાંથી મોહનભાઇને થતી આવકનો અંદાજ કોઈ કળી શકતું નહિ. મોહનભાઈની આબાદીના આ પ્રથમ સોપાને તેમનામાં જરા યે ગર્વ કે ઘમંડ આણ્યાં નહિ. એ તો હમેશાં પોતાની આગવી જ ઢબે બગલમાં કાગળો દાબતા જાતે જ સિનેમા-સ્થળે પોતાનો હિસાબ કરી લેવા આવતા અને બગલના કાગળો બતાવી કહેતા કે આ મારી ખીચડી છે.

મોહનભાઈ જ્યાં જાય ત્યાં મિત્રો અને સંબંધીઓ તેમના આગમનથી હરખાતા. તેઓ સૌને હસાવતા, વિનોદ કરતા અને પોતાને માટે લીધેલાં ફળોમાંથી બાળકોને વહેંચતા. એમને ત્યાં કોઈ જાય તો દૂધના પ્યાલા ને સાથે ફળાહાર આપ્યા વિના રહે નહિ સ્વજનો ને જ્ઞાતિબંધુઓનું હિત કરવા પોતાની લાગવગ, ભલામણ, સમજણ બતાવવામાં બાકી ન રાખતા. ઘણી વાર તે ભજનને નિમિત્તે મિત્રો સંબંધીઓને વાકોલા ખાતે બોલાવી સારું ભોજન આપતા. બળેવે સર્વ જ્ઞાતિજનો માટે કોઈ વાડીમાં જનોઈ ધારણવિધિ સાથે ભોજન પણ ગોઠવતા જેનો ખર્ચ કોણ આપે છે તે કોઇ જાણવા પામતું નહિ.

એવો એક ઉત્સવ એક વાર મોરારબાગમાં હતો. અમે થોડાક જુવાનો સ્વયંસેવક થયા હતા. અમે વહેલા જઈ મોહનભાઈ સાથે દરવાજા ઉપર વાતો કરતા હતા ત્યાં એક મરાઠી ડોશી સરસ રાયણ-જાંબુની છાબ ખોળા પાસે રાખી વેચવા બેઠી હતી બધાંની નજર ત્યાં ગઈ, એટલે મોહનભાઈએ એક જાંબુ ચાખ્યું, અને સરસ લાગ્યું એટલે બીજાને કહ્યું ચાખી જુઓ. માતારી અકળાઈ એટલે મોહનભાઈએ પૂછ્યું, 'સમધા ચી કીતી કિંમત?' માતારીએ રૂપિયો કહ્યો એટલે મોહનભાઈએ રૂપિયો કાઢી આપી દીધો અને જાંબુ સૌને વહેંચી આપ્યાં. વાત નાની પણ સૌને અનોખી મજા પડી.

૭૭ર એ સમય દર્શાવતા બે પત્રો

૧

પ્રિય રવિ, ભાવનગર, પાનવાડી, ૧૩-૭-'૧૧

નાનુભાઈ મારફત પત્ર મળ્યો. એટલી બધી પ્રવૃત્તિમાંથી યે તમે લખી શકો છો એ અજાયબી. નર્મદાએ રમાને વાંચવા માટે એક ચોપડી મંગાવી હતી. ગઈ કાલે 'યોગિની સરસ્વતીનો જીવનસુવાસ' આપી આવ્યો છું નાનુ કાગળ લેવા આવ્યો ત્યારે એક કલાક બેસાર્યો. કેટલીક પ્રવૃત્તિઓ જાણી લીધી, કેટલીક સૂચના કરી. બેસંટનું 'સ્ટુડન્ટ્સ કૉન્ફરન્સ'વાળું ભાષણ વાંચવા આપેલું. પાછો આપવા આવ્યો નથી.

બેસંટને બાઝ્મ્બે પ્રેસિડેન્સીમાં આવવાની મનાઈ થએલી છે તે સાંભળ્યું હશે મુંબાઈમાં પ્રેસ એસોસીએશન જેવું નવું તોફાન જાગશે. ગવર્નમેન્ટ તેનાથી કેટલું બીએ છે! ગવર્નમેન્ટ માને છે કે પોતે ડહાપણનું કામ કરે છે અને સત્તાથી દબાવી દેવાશે, પણ અમે જાણીએ છીએ કે બેસંટમાં કેટલી અગાધ શક્તિ છે. વીસ વીસ વરસથી હિંદુસ્તાન કે જે તેનો તો પરદેશ છે, તેને માટે કામ કરનારી એક અંગ્રેજ બાઈની નિઃસ્વાર્થ સેવા હજુ હિંદુસ્તાન ઓળખી શક્યું નથી. કદાચ એવો વખત આવશે કે જ્યારે સારા ભારતવર્ષમાં બેસંટમાતા પૂજાશે અને કૃતજ્ઞ ભારત તેના માટે બાવલું ઊભું કરશે.



જર્નાલિસ્ટ તરીકે, રિલીજ્યન (ધર્મ)નું અન પૉલિટિક્સ (રાજકારણ)નું, લેખક તરીકેનું, ઑરેટરી (વક્તૃત્વ)નું ઇંગ્લંડમાં અને અહીં ર૪૦૦૦ મેંબરોની સંસ્થાનાં હેડ (મોવડી) તરીકે કોણે કામ કર્યું છે? અસ્તુ એમની મહેનત સફળ થાઓ. એમને તો કીર્તિ, માન, પૈસો ગરાસ કે કંઈ જોઈતું નથી. અત્યારે તો તેને બધું છે.

અત્રે હમણાં બુવાજી (સૂરતના કીર્તનકાર) આવેલા છે. એટલે ખૂબ આનંદ છે. સાંજનો વખત ૬ થી ૮ ક્યાં જાય છે તેની ખબર પડતી નથી. તંબૂરના તારનો રણકાર, ચમેલીનાં ફૂલની સુગંધ, બુવાજીની વાણી જાણે વરસાદની ઝરમર, અને યશોનાથનું રમણીય સ્થાન —એ બધાં એક અપૂર્વ અનુભવ બને છે. —તમારો પરભુ

૨

પત્ર પહોંચ્યો. મસ્તરામ અહીં આવ્યા પછી એક જ વાર મળ્યો છે. અહીં જ મળતો નથી તો તમને કાગળ લખવા ક્યાંથી નવરો થાય? વળી ઓછામાં પૂરું તેને શકુન્તલા નં. ર આવી. બ્રહ્માજી (હરભાઈ) પણ સાગરીત તો મસ્તરામનો, એટલે પછી 'ફરિયાદ શાની છે?'

તમે મને ચોપડીઓ માટે ઠપકો અને શિખામણ મોકલો છો એ મારે શિરસા વંદ્ય છે. તમે લખો છો તે ચોપડીઓ મારા ઘરમાં જ નથી. હું જાણું છું કે મારી ચોપડીઓ અમુક માણસના ઘરમાં છે, પણ મારાથી બોલી શકાતું નથી. હું અત્યારે પણ બીજાઓને ચોપડીઓ વાંચવા આપું છું. પછી મારા માગ્યા પછી જ—અને કેટલીક વખત મારા માણસને આંટાફેરા ખવડાવીને કડવા શબ્દો કહેવડાવું ત્યારે જ—કોઈક જ વાર ચોપડી પાછી મળે છે. ચોપડીઓ આપું છું ત્યારે સૌને વહાલો લાગું છું...ની પાસેથી 'ટેમ્પોરલ પાવર' માટે નિગાળે કાગળ લખ્યો ત્યારે જ મળી છે. ચોપડીઓ આપવાનું તો ઠીક, પણ ઉધરાવવાને જ મારો જન્મ થયો હોય એમ લાગે છે.

પરમાનંદ બળેવને દિવસે જ આવ્યા હતા. હીરાલાલ મળતા જ નથી. તમારો કાગળ આવ્યો તે પહેલાં સપરિવાર અહીંથી જતા રહ્યા હતા...જ્યાં ત્યાં મેં ચોપડીઓ પાછી ન આવવાની બૂમો સાંભળી છે. મારા ઘરમાં 'મૉડર્ન પેઈન્ટર્સ' છે એ તમને ખબર છે; છતાં મને હવે ખબર પડે છે કે અમારા ઘરમાં મૉરોક્કો ચામડાથી બાંધેલાં મોટાં પાંચ વૉલ્યુમો હતાં પણ અત્યારે ક્યાં છે તેનો પત્તો નથી....

બીજું, મારા કાકા અમૃતલાલ વિઠ્ઠલદાસ (ઠક્કરબાપા) પરમાનંદ માસ્તરના ભાઈ જે મુંબાઈમાં ૩૦૦ના પગારથી મ્યુનિસિપલ ઑફિસર અને ઓવરસીઅર હતા તે રાજીનામું આપીને 'સર્વન્ટ્સ ઑવ ઇંડિયા સોસાએટી'માં ગોખલેના કો-વર્કર તરીકે જોડાઈ ગયા. તેમણે ઇંડિયા માટે બહુ સેલ્ફ સૅક્રિફાઈસ આપ્યો. તે તમારા જાણવામાં આવ્યું હશે. —તમારો પરભુ (ચાલુ)

એકાંત હવેલી, એક બત્તી અને એક માણસ

મહેશ દવે

અડાબીડ અંધકાર વચ્ચેથી પણ હું રસ્તાની જાણ હોવાને લીધે ચાલ્યો જતો હતો. મારી મનઃસ્થિતિ અત્યારે 'બનયન'ના 'ધ પિલગ્રિમ્સ પ્રૉગ્રેસ'ના નાયક જેવી હતી. પૃથ્વી પરના નર્કમાં સબડતા કે સ્વર્ગમાં ઝિલમિલાતા અનેક આત્માઓનાં નૃત્યો જાણે હું જોઈ રહ્યો હતો. અને એટલે જ એ રહસ્યમયી સૃષ્ટિની કલ્પનાથી, કોઈ સાધારણ ધ્વનિ થતાં પણ કાળજું કંપી જતું હતું.

દૂરની વસ્તીમાં જામેલી ભજનમંડળીની ધૂનનો અવાજ આ બાજુ આવી રહ્યો હતો. હાર્મોનિયમનો ધીમો ધ્વનિ વાતાવરણની ગરમીમાં પણ આર્દ્રતા પ્રસરાવી જતો હતો. ભજનના બોલ સ્પષ્ટ સંભળાતા નહોતા પણ તેનો લય સમયપટની એક લાંબી રેખા અંધકારના પોલાણમાં દોરી જતો હતો.

એ લોકો રાહ જોતા હશે. મનમાં એક સવાલ ઊઠયો ને મેં પગની ગતિ વધારી. એકાએક કોઈ વ્યક્તિ મને ઘસાઈને ઝડપથી પસાર થઈ ગઈ હોય તેવું મને લાગ્યું. મેં ટૉર્ચની ચાંપ દબાવીને આસપાસ અજવાળામાં દૃષ્ટિ ફેરવી. દૂર એક વૃક્ષ નીચે કાબરચીતરું કૂતરું બે પગ વચ્ચે પૂછડી દાબી રડી ઊઠયું ફરી પાછો હું સ્વસ્થ થયો ને આગળ વધ્યો. થોડો દૂર ચાલ્યો હોઈશ ને એક અવાજ આવ્યો:
'મહેતા કે? કેમ મોડું થયું?'

અવાજ પરિચિત હતો. એ લોકો અહીં રસ્તા વચ્ચે જ મારી રાહ જોઈ રહ્યા હતા. એ, દેવુ અને વિજય મારા મિત્રો હતા. સ્ટેશન પાસે એમને લાકડાંની લાટી હતી. હું એમને માલ પૂરો પાડતો. આસપાસ બીજી થોડી દુકાનો અને કેટલાંક જૂનાં મકાનો સિવાય ઝાઝી વસતિ નહોતી. ગામ ત્યાંથી ઘણું દૂર હતું.

'કેમ, તું ત્યાં ગયો હતો?' દેવુએ અધીરાઈથી પૂછ્યું.

'હા, બપોરે ગયો હતો. લીલાદેવી તે ખરેખર પૂજનીય બાઈ છે.'

'મહેતા, તે વિશે તો મેં પણ તમને કહેલું.' વિજયે મને અટકાવીને કહ્યું. 'અહીં એ એક દેવી પેઠે પૂજાય છે, પણ તેની હવેલીના ત્રીજા માળે કાયમ રાત્રે બે વાગ્યે બત્તી બળતી અમે જોઈ છે.'

'એ વિશે જાણવાની મેં આડકતરી કોશિશ તો કરી હતી, લીલાદેવીની આખી હવેલી પણ જોઈ, છતાં મને શંકાસ્પદ કશું લાગ્યું નહિ.'

'તો તું પણ પાછો આવ્યો!'

'સારુ, એક વાત કહું. હું લીલાદેવીના ડ્રૉઇંગ-રૂમમાં બેઠો હતો ત્યાં એક ફોટોગ્રાફ લટકાવેલો હતો. તેને ઉદ્દેશીને મેં થોડાક સવાલો એમને કર્યા, ત્યારે એમણે જે લાંબી વાત કહી તેમાં મને કેટલીક બાબતો અસંબદ્ધ લાગી.'

'તે શી?' દેવુએ મને અટકાવીને કહ્યું.

'તે ફોટોગ્રાફમાં વચ્ચે એમના પતિ હતા. ડાબી બાજુ એ પોતે ગોઠવાયાં હતાં અને જમણી બાજુ એમની પાલિત પુત્રી ઊભી હતી. એમને પોતાનું સંતાન નથી. એ લોકો પહેલાં કલકત્તા રહેતાં હતાં ત્યાં એમના પતિ ઝવેરાતનો મોટો ધંધો કરતા. એક વાર તેઓ વતનમાં આવતાં હતાં ત્યારે રસ્તામાં એક નાના સ્ટેશને ગાડી લાંબા સમય માટે રોકાઈ પડી. એમના પતિ સ્ટેશન બહારની હોટેલમાં ચા-નાસ્તો લેવા ગયા. બસ, એ ગાડી પર પાછા ફર્યા ને એકાએક માંદા પડી ગયા. વતનમાં આવીને લીલાદેવીએ એમની ઘણી સારવાર કરી; પણ અંતે એ દેવલોક પામ્યા.'

'એ તો અમે પણ જાણીએ છીએ.' જાણે બંને સાથે બોલ્યા.

'તમને કશું અસામાન્ય નથી લાગતું?'

'ના, વસ્તુ સાફ છે કે લીલાદેવી વિધવા થયાં અને બાકીની જિંદગીમાં એમણે ઈશ્વરશરણ સ્વીકાર્યું.'

'તો મને શું અગત્યનું લાગ્યું તે વિશે તમે અભિપ્રાય આપજો. એમના પતિ સ્ટેશનની બહાર ચા-નાસ્તો લેવા ગયા અને ત્યાંથી જ એ માંદા પડયા. લીલાદેવીના શબ્દોમાં કહું તો 'એમના પગ ભારે થઈ ગયા અને માથું પકડાઈ ગયું.' આ વાત પર લીલાદેવીએ વધારે ભાર મૂકયો હતો અને હું પણ એ વાતને અગત્યની માનું છું. વિજય, તમે પ્રેતાત્મવાદમાં માનો છો? હું નથી માનતો, પણ ઘણી વાર મારી કલ્પના બેકાબૂ બની જાય છે. ત્યારે મને તે વિશે ઘણા વિચારો આવે છે.'

મેં સ્પષ્ટ રીતે જોયું કે દેવુ અને વિજય મૂગા બની ગયા હતા. દરમિયાન અમે લાટીએ પહોંચી ગયા. બે વાગવામાં થોડી વાર હતી.

'તો, બોલો શું કરીશું?' દેવુએ વિહ્વળતા અનુભવતાં કહ્યું.

'કરવાનું શું વળી, હવેલીના ત્રીજે માળે આપણા ત્રણમાંથી એકે પહોંચવું જોઈએ. તો જ બત્તીનું રહસ્ય પામી શકાશે. અને લીલાદેવી તો દેવી છે એટલે પકડાઈ જવાય તો યે ડરવા જેવું નથી.'

દેવુ અને વિજયના કહેવાનો અર્થ હું પામી ગયો. મારે જ જવાનું હતું. ત્રીજે માળે કેવી રીતે પહોંચવું તેનો મને સાધારણ ખયાલ હતો. પણ તે જગાએ પહોંચવા માટે જે જે સ્થળેથી પસાર થવાનું હતું તે ઘણું અઘરું હતું. અમે આ વિશે વાત ચલાવી. એમની પાસેથી પણ મને થોડાંક નવાં સૂચનો મળ્યાં. ત્યાં જવાનો ઉદ્દેશ કેવળ અમારી કુતૂહલવૃત્તિ સંતોષવાનો નહોતો; પણ લીલાદેવી પ્રત્યે અમને એટલું બધું માન હતું કે એમની જાણ બહાર જો કોઈક ઘટના બની રહી હોય તો તે અટકાવવાની અમારી નેમ હતી. લીલાદેવીને આ વિશે કંઈ કહેવાય તેમ હતું જ નહિ, કારણ કે એ તો ઈશ્વર વિનાની કોઈ જકામાં માનતાં નહોતાં. એ વાતને ઉડાવી જ દે. કહેવાતું કે લીલાદેવીને ત્રણે કાળનું જ્ઞાન છે. ઈશ્વર એમને પ્રત્યક્ષ છે...પણ આ બધી વાતો કાનોકાન જ હતી.

સાવચેતીપૂર્વક મેં હવેલીના કમ્પાઉન્ડમાં પ્રવેશ કર્યો. દેવુ-વિજયને બહાર ઊભા રહેવાનું હતું. બરાબર બે વાગી ગયા હતા. અચાનક ત્રીજા માળની બારીમાં પ્રકાશ થયો. એક આછી ધ્રુજારી મારા બદનમાં પ્રસરી ગઈ. દેવુએ મારો હાથ પકડયો.

મેં હવેલીના પાછળના ભાગમાં જઈ આઉટ હાઉસ પર થઈને બીજા માળની ગૅલેરીમાં પ્રવેશ કર્યો. પણ અહીંથી લોખંડની ગોળ સીડી પર થઈને ત્રીજે માળ પહોંચવું કઠિન હતું. લપાતો-છુપાતો સીડી સુધી તો પહોંચી ગયો, અને એની રેલિંગ પર હાથ મૂકયો ત્યાં જ એકાએક આંખો આંજી દેતું એક વિપુલ તેજવલય મારા પર મંડાઈ ગયું. હાથમાંની ટૉર્ચ પડી ગઈ...કદાચ મારાથી ચીસ પણ પડાઈ ગઈ હશે, પણ સ્ટેશન પરથી પસાર થતી એ માલગાડીના ધમધમાટમાં કદાચ સંભળાઈ નહિ હોય. છતાં આશંકાથી ધબકતા હૃદયે હું ચૂપકીદીથી સીડી પર ચડયો.

એકાએક પ્રકાશવાળી બારી ખૂલી. ચમકીને હું સીડીના પગથિયા પર દબાઇને બેસી ગયો. બારીમાં લીલાદેવી ઊભાં હતાં. ગાડી તરફ જોઈ એ બોલ્યાં, 'ઓ માતા...ઓ માતા ગાડીદેવી તમે એકાએક (અનુ. પૃ.૨૭૮)

શ્વાસાવરોધ

એનાં કારણો અને ઉપચારોની પ્રાથમિક સમજણ

લેખક • ડૉ. શિવપ્રસાદ ત્રિવેદી

શરીરના કોષોને જીવવા માટે પ્રાણવાયુની સતત જરૂર છે. પણ પાણી અને ખોરાકની જેમ પ્રાણવાયુ શરીરમાં સંઘરાઈ રહેતો નથી એટલે શ્વાસોચ્છ્વાસની ક્રિયામાં કોઈ અંતરાય થતાં ફેફસાંમાં જતી હવા અવરોધાવાથી લોહીના લાલકણોમાં જે કંઈ પ્રાણવાયુ હોય તે વપરાઈ જાય છે અને પછી તેની અછત થતાં શ્વાસાવરોધ (એસ્ફીક્સીઆ) થાય છે. આ સ્થિતિ જો ચાલુ રહે તો થોડી મિનિટોમાં મૃત્યુ આવી પડે છે.

પ્રાણવાયુની અછત સૌપ્રથમ મગજના કોષોમાં વિઘ્ન લાવે છે. ડૂબવાથી કે ગળું દબાવાથી ફેફસાંમાં હવા જતી અટકે છે. અકસ્માત વીજળીનો ઝટકો – શૉક લાગે છે ત્યારે પણ મગજમાં આવેલું શ્વસનકેન્દ્ર કામ કરતું બંધ થવાથી શ્વાસોચ્છ્વાસ લઈ શકાતા નથી. વળી, કાર્બન મૉનૉક્સાઈડ વાયુની ઝેરી અસરો નીચે પણ લોહીના લાલકણો હવામાંનો પ્રાણવાયુ શોષી શકતાં નથી. આ જ રીતે ભીડમાં છાતી ભીંસાવાથી, ભેખડ કે મકાન તળે દટાઈ જવાથી, ઑપરેશન વખતે બેભાન કરનારી દવાઓથી અને બંધિયાર અવડ ઘર કે ભોંયરામાં એકાએક પ્રવેશવાથી પણ શ્વાસાવરોધ થાય છે.

જે તે કારણ અનુસાર શ્વાસાવરોધનાં જુદાંજુદાં લક્ષણો જોવા મળે છે. શ્વસનમાર્ગ બંધ થતાં ગૂંગળામણ હોય તો રોગી શ્વાસ લેવા મથતો હોવાથી તેની ગળાની શિરાઓ ફૂલે છે અને ચહેરો જાંબુડિયા રંગો બની જઈ છેવટે એ બેભાન બને છે. ઇલેક્ટ્રિક શૉક લાગ્યો હોય તો રોગીના ઓઠ અને કાન ભૂરા પડી જઈ તે બેભાન બને છે, સાથે એના શ્વાસોચ્છ્વાસ પણ બંધ થાય છે. ધ્યાનમાં રાખવા જેવું છે કે મગજની ઈજા, એપોપ્લેક્સી (મગજમાં નસ તૂટવી) અને ફેફરું હોય ત્યારે રોગી બેભાન પડ્યો હોય છતાં પણ એના શ્વાસોચ્છ્વાસ ચાલુ હોય એટલે એ સમયે શ્વાસાવરોધની પ્રાથમિક સારવાર કરવાથી ઊલટાની રોગીની સ્થિતિ વધારે બગડે છે.

શ્વાસાવરોધમાં તુરત બેભાનાવસ્થા આવી પડે છે, પણ થોડા સમય બાદ શરીરની માંસપેશીઓનું હલનચલન બંધ થયા પછી યે હૃદય તો ધબકતું રહે છે. હૃદય ધબકતું હોય ત્યાં સુધીમાં ઝડપી પ્રાથમિક સારવાર મળે તો રોગીના પ્રાણ બચી જાય છે.

શ્વાસાવરોધની પ્રાથમિક સારવારમાં પ્રથમ તો તેનું કારણ દૂર કરવું જોઈએ જેથી શ્વાસોચ્છ્વાસની ક્રિયા સરળ બને. આમ છતાંય જો રોગી શ્વાસ લઈ ન શકે તો કૃત્રિમ શ્વાસોચ્છ્વાસ (આર્ટિફિશિયલ રેસ્પીરેશન) આપવા જોઈએ.

પ્રથમ તો રોગીને હૂંફાળું ઓઢાડવું જેથી તેને આઘાત ન લાગે. છાતી કે પગના અંદરના ભાગોમાં જોસથી માલિસ કરવું જેથી તેની રુધિરાભિસરણની ક્રિયાને વેગ મળે. ગળે ફાંસો ખાઈ લટકતા રોગીની પોલીસનાં કાગળિયાં થતાં સુધી સારવાર આપવાની રાહ જોવી કે કેમ એનો વિચાર કરવા રહીએ તો માનવતાની દૃષ્ટિએ ખોટું થયાનો વસવસો પણ થવાનો જ. એટલે તેને બચાવી લેવાની શુભવૃત્તિથી તેના પગ પકડી ઊંચા કરવા જેથી તેના ગળા ઉપરની ભીંસ હળવી થાય. એ પછી ગળામાંથી દોરડું કાઢી લઈ તેને સુવાડી દેવો. જો તેના શ્વાસ ધીમા કે બંધ હોય તો કૃત્રિમ શ્વાસોચ્છ્વાસ એકદમ શરૂ કરવા.

લખોટી કે પૈસો ગળામાં કે શ્વાસનળીમાં ભરાઈ જતાં બાળકના શ્વાસ રૂંધાય છે. ચવાયા વિનાનો કોળિયો ઉતાવળા ગળે ઉતારતાં શ્વાસનળીમાં ભરાઈ જવાથી પણ શ્વાસ લેવામાં મુશ્કેલી ઊભી થાય છે. આ આકસ્મિક બનાવ જીવલેણ નીવડે એવો હોવાથી તાત્કાલિક પગલાં ભરવાં જોઇએ. આવી ચીજ બહાર ફેંકી દેવા કુદરતી રીતે જ ઉપરાઉપરી ઉધરસ તો આવે જ છે એટલે એ જો સફળ નીવડે તો કશું કરવાપણું રહેતું નથી, પણ જો એ ચીજ બહાર ફેંકાઈ ન જાય તો રોગીને ખુરશીની પીઠ ઉપર કે ખાટલાની કિનારી ઉપર ઊંધો સુવાડી દેવો અને ખભાનાં બે હાડકાંની વચમાં જોસથી ધબ્બા મારવા. બાળકને હાથમાં લઇને કે નાના બાળકના પગ પકડી ઊંધા માથે લટકાવવું પગેથી હલાવવું અને તેના બરડામાં હળવા ધબ્બા મારવા.

આમ કરતાં યે ગળું રૂંધતી ચીજ ન હટે તો રોગીના ગળામાં આંગળી નાખી એને બહાર કાઢવી. આમાં જોકે એ ચીજ ગળામાં વધારે ઊંડે જવાનો ભય છે. આમાં યે જો ફાવટ ન આવે તો રોગીના ગળામાં બે આંગળીઓ નાખી ઊબકા–ઊલટી કરાવવા પ્રયત્ન કરવો. આ દરમિયાન દાક્તરનો બોલાવી લેવાની વ્યવસ્થા પણ કરવી.

ચીજ બહાર નીકળી ગયા પછી યે જો રોગીને શ્વાસ લેવામાં મુશ્કેલી પડતી હોય કે શ્વાસ ન ચાલતા હોય તો કૃત્રિમ શ્વાસોચ્છ્વાસ આપવા.



અકસ્માત ગળામાં કંઈ અટવાઈ પડે ત્યારે મોટી વ્યક્તિને પહેલી આકૃતિ પ્રમાણે ખુરશીની પીઠ પર નમાવીને તથા બાળકને બીજી આકૃતિ પ્રમાણે ઊંચકી ઊંધે માથે રાખી એની પીઠ પર ધબ્બા મારવાથી ગળામાંની ચીજ બહાર નીકળી જઈ શ્વાસાવરોધ થતો અટકશે. છેલ્લે વીજળીના સીધા સંપર્કથી ઝટકો ખાઇ પડેલા માણસને હાથ લગાડયા વિના એની સાથેના એ સંપર્કને કેમ દૂર કરવો એની એક રીત દર્શાવી છે.

પાણીમાં ડૂબેલા માણસનું શરીર ઠંડુગાર, ચહેરો ભૂરો ને સોજી ગએલો દેખાય છે. શ્વાસોચ્છ્વાસ ચાલતા ન હોય તો પણ તેને માથા ઉપર હાથ આવે એવી રીતે ઊંધો સુવાડી મોં એક બાજુ ઢળતું રાખવું. મોંમાં ભરાએલો કચરો સાફ કરવો. પછી તેને પેટથી ઊંચકવો જેથી ફેફસાં ને હોજરીનું પાણી બહાર નીકળી જાય. આ ક્રિયા ઝટપટ પતાવી કૃત્રિમ શ્વાસોચ્છ્વાસ આપવા.

ગરમ પાણી કે વરાળ અને દાહક (કોરોઝિવ) ઝેરની અસરથી ગળું ફૂલી જતાં શ્વાસ-માર્ગ બંધ થઈ જાય છે. આ વખતે હડપચીથી માંડી તે છાતી સુધી ગરમ પાણીનાં પોતાં મૂકવાં અને ઠંડા પાણીના ઘૂંટ ભરવા દેવા કે બરફ ચૂસવા આપવો. રોગીને ઑસ્પિટલમાં ખસેડવા વ્યવસ્થા કરવી.

પુષ્કળ ધુમાડામાં ગૂંગળાઈ પડતા માણસને ઉગારવા જતાં અગાઉ તમને પોતાને પણ ધુમાડાની અસર ન થાય તે માટે ભીનું કપડું કે ટુવાલ તમારા નાક ને મોં ઉપર વીંટી દેવો. ઘરનાં બારીબારણાં ઉઘાડી નાખવાં. રોગીને ચોખ્ખી હવામાં લઈ જવો. જરૂર જણાય તો કૃત્રિમ શ્વાસોચ્છ્વાસ આપવા.

ભારે વજન નીચે કે પુષ્કળ ભીડમાં છાતી ઉપર ભીંસ આવવાથી શ્વાસ માટે છાતી ફુલાવી શકાતી ન હોવાથી શ્વાસાવરોધની સ્થિતિ આવી પડે છે આવા રોગીને ખુલ્લામાં આણ્યા બાદ જો તે બરાબર કે બિલકુલેય શ્વાસ ન લેતો હોય તો તેને કૃત્રિમ શ્વાસોચ્છ્વાસ આપવાથી નવું જીવન મળે છે. આકાશમાંની કે ઘરમાંની વીજળીનો ઝટકો લાગવાથી પણ શ્વાસાવરોધની સ્થિતિ આવી પડે છે. ડૂબવાની જેમ આ વખતેય રોગી મરી ગએલો લાગે છે, પણ કૃત્રિમ શ્વાસોચ્છ્વાસ આપવાથી તેનો જીવ બચી પણ શકે છે.

આકાશમાંની વીજળી માણસ ઉપર પટકાઈ ભોંયમાં ઊતરી જાય છે એટલે તેવા માણસને અડકવામાં વાંધો નથી, પણ ઘર રસ્તા કે ખેતરના વીજળીના દોરડાના સ્પર્શથી પટકાઈ પડેલો માણસ વિદ્યુત્-પ્રવાહના સંબંધમાં રહેલો હોય તો તેને અડકતાં અગાઉ પ્રથમ તો સ્વીચ બંધ કરવી. વિદ્યુત્ સાથેનો રોગીનો સંપર્ક તૂટે નહિ ત્યાં સુધી તેને અડકવું નહિ. નહિતર અડનારને પણ શૉક લાગ્યા વગર રહેતો નથી. જો સ્વીચ બંધ થઈ શકે તેમ ન હોય તો લાકડું, રબ્બરિયું, ગરમ કે રેશમી કાપડ, ધાબળો, કાચ કે ઘાસ, છાપું યા ચોપડીઓ ઉપર ઊભા રહી, હાથ ઉપર કોરું કપડું વીંટાળી દોરડા કે લાકડીવતી રોગીને વિદ્યુત્‌ના સ્પર્શથી ખસેડી લેવો. તેના શરીરની ભીની ચામડી કે ભીના કપડાને અડકવું નહિ. તેને આઘો ખસેડવા માટે લોખંડની ખોલી, કડિયાળી લાકડી કે લોખંડના સળિયા કે હાથાવાળી છત્રીનો પણ કદી ઉપયોગ કરવો નહિ.

વિદ્યુત્ સ્પર્શથી રોગીને ખસેડ્યા બાદ શ્વાસાવરોધની પ્રાથમિક સારવાર ને જરૂર હોય તો કૃત્રિમ શ્વાસોચ્છ્વાસ આપવા.

કોલસો તેલ લાકડું પેટ્રોલ વગેરે બળતી વખતે પૂરતા પ્રમાણમાં પ્રાણવાયુ ન મળે તો કાર્બનમૉનૉક્સાઇડ ગૅસ પેદા થાય છે. બળતા મકાનમાં, સ્ટવની ધૂણીમાં ને મોટરકારના એક્ઝૉસ્ટના ધુમાડામાં તે પુષ્કળ પ્રમાણમાં હોય છે. નાના બંધિયાર મકાનમાં કે ગરાજમાં આ વાયુની ઝેરી અસર થવા વધુ સંભવ છે. કાર્બનમૉનૉક્સાઇડથી જલદી બેભાન થવા સાથે શ્વાસોચ્છ્વાસ બંધ પડે છે. રોગીના ઓઠ ભૂરા પડવાને બદલે રતૂમડા બને છે.

આ વાયુ અદૃશ્ય ને ગંધરહિત છે. વળી તે હવા કરતાં હળવો હોવાથી ખંડના ઉપલા ભાગમાં પથરાએલો રહે છે. એટલે બેભાન રોગીની જાણ થતાં શ્વાસ રોકી રાખી અને નીચા નમીને ગરાજ કે બંધિયાર ખંડમાં દાખલ થવું અને જેમ બને તેમ જલદી રોગીને બહાર આણવો. ત્યાર બાદ શ્વાસાવરોધની સામાન્ય સારવાર આપી જરૂર જણાય તો કૃત્રિમ શ્વાસોચ્છ્વાસ આપવા.

બેભાન માણસ છતો પડ્યો હોય ત્યારે જીભ ગળામાં પડવાથી કે બનાવટી દાંત નીકળી જવાથી, લોહી કે ઊલટીથી એનો શ્વાસમાર્ગ રૂંધાય છે આવા સમયે રોગીનું મોં એક બાજુ કરી જડબાનો ખૂણો આગળ પડતો કરવો. મોંમાં આંગળી નાખી બનાવટી દાંત છૂટા પડી ગયા હોય તો તે કાઢી લેવા. આટલું કરવાથી રોગીની શ્વસન ક્રિયામાં કોઈ અંતરાય પડતો નથી. (હવે પછી કૃત્રિમ શ્વાસોચ્છ્વાસ)

અનુસંધાન] એક માણસ [પૃ. ૨૭૬થી

ક્યાંથી ભૂલાં પડ્યાં!' અને એ હસી પડ્યાં. બારી બંધ થવાનો અવાજ મેં સાંભળ્યો. માલગાડી પસાર થઈ ગઈ. મને લાગ્યું કે કદાચ ટૉર્ચ પડવાનો અવાજ એમણે સાંભળ્યો નથી. સાથોસાથ એ પણ નવાઈ લાગી કે અત્યારે એ કમરામાં લીલાદેવી પણ હાજર હતાં।

હિંમત કરીને સીડી ચડી ત્રીજા માળની ગૅલેરીમાં જઈ પહોંચ્યો. મારે હવે સાવધ બનીને કમરાની અંદરની હીલચાલ તપાસવાની હતી. દૈવજોગે મુખ્ય બારણાનો એક કાચ પારદર્શક હતો, દબાતે પગલે હું આગળ વધ્યો અને પેલા કાચમાંથી મેં અંદર નજર ગોઠવી. લીલાદેવી એક પાટલા પર બેઠાં હતાં. એમણે રંગીન રેશમી સાડી પહેરી હતી. તેમની આગળ વાસણો પડ્યાં હતાં. તેમાંની એક થાળીમાં મીઠાઈ પણ સ્પષ્ટ દેખાતી હતી.

અત્યારે આ મિષ્ટ ભોજન કોને માટે હશે એ જોવા મેં બાજુમાં ખસીને અંદર નજર ફેરવી. મારી અજાયબી વચ્ચે મેં જોયું કે એક વ્યક્તિ પીતાંબર પહેરીને ભોજન આરોગી રહી હતી. એમણે જનોઈ પહેરી હતી અને દાઢી પર કાબરચીતરા વાળ હતા. ફરી એક વાર એ વ્યક્તિને મેં ધારી ધારીને જોઈ લીધી ને ત્યાંથી હું ખસી ગયો.

કોણ જાણે કેમ પણ મને મારી દૃષ્ટિ દગો તો નથી દઈ ગઈ તેવો વિચાર મને આવી રહ્યો હતો. તે વ્યક્તિને હું ઓળખતો હોઉં તેમ મને લાગી રહ્યું હતું. સાવચેતીથી હું નીચે ઊતરી ગયો. દેવુ અને વિજય આતુરતાથી મારી રાહ જ જોઈ રહ્યા હતા.

'શું થયું?' મને જોતાં જ દેવુએ ઉત્સુકતાથી પૂછ્યું.

'એક માણસ!'

'કોણ?'

'લીલાદેવીના ડ્રૉઇંગ રૂમમાં લટકાવેલા ફોટોગ્રાફમાં છે તે જ.'

ઉમા-સ્નેહરશ્મિ પારિતોષિક

ગુજરાતી સાહિત્ય પરિષદ દર બે વર્ષના ગાળામાં પ્રસિદ્ધ થએલી સાહિત્ય કૃતિઓમાંથી સર્વશ્રેષ્ઠ ઠરેલી કૃતિના લેખકને રૂ. ૫૦૦)નું 'ઉમા-સ્નેહરશ્મિ' પારિતોષિક જ્ઞાનસત્રના અધિવેશનમાં અર્પણ કરે છે. ચાલુ વર્ષે દિવાળીના અરસામાં 'શારદાગ્રામ'માં જ્ઞાનસત્ર મળશે તે સમયે આ પારિતોષિક અર્પણ થશે. સર્વ લેખકો પ્રકાશકોને વિનંતી કે ૧૯૬૬ થી ૧૯૬૭ના ડિસેમ્બર સુધીમાં પ્રગટ થએલાં સાહિત્યિક પુસ્તકોની એક એક નકલ પરિષદ કાર્યાલયને (હ. કા. આર્ટ્સ કૉલેજ, ર. છો. માર્ગ, અમદાવાદ-૯) જુલાઈ આખર સુધીમાં મોકલી આપવી.

ગૌડ-મલ્હાર

સાધુરામ ન્યામતરાય ચોપ્રા

મલ્હાર, બસંત, બહાર વગેરે રાગનાં નામ જેમ ઋતુસૂચક છે તેમ મુલતાની, જોનપુરી, ગુર્જરી, સોરઠ ઇત્યાદિ રાગો અમુક પ્રદેશનું સૂચન કરે છે. 'ગૌડ-મલ્હાર'માં જે બે રાગની છાયા એનામાં મિશ્રિત છે તે સ્પષ્ટ કરે છે. બંગાળનો ઘણોખરો વિસ્તાર એક કાળે ગૌડ પ્રદેશ તરીકે ઓળખાતો હતો. ગૌડ-મલ્હાર પેઠે ગૌડ રાગાંગ ધરાવતા ગૌડ-સારંગ, ગૌડ ગિરિ, ગૌડ-કલ્યાણ વગેરે રાગો પણ છે; એ જ રીતે મલ્હારના પણ શુદ્ધ મલ્હાર, મેઘમલ્હાર, મિયાંકી મલ્હાર, રામદાસી મલ્હાર, નટ મલ્હાર, જયજયવંતી મલ્હાર, ચરજૂકી મલ્હાર, મીરાંબાઈકી મલ્હાર, ધૂંડિયા મલ્હાર, ઝિંઝ મલ્હાર, દેશ-મલ્હાર વગેરે પ્રકારો છે, જે મલ્હારના સ્વરૂપમાં વિવિધ રાગાંગ મેળવીને ગવાય છે.

ગૌડ-મલ્હારમાં ગૌડ રાગાંગ દર્શાવતા વક્ર ચલનયુક્ત સ્વરો 'રે ગ રે મ ગ, મ રે સા' અત્યંત મનોહારી રૂપમાં પ્રત્યક્ષ થાય છે. વળી, આ રાગમાં શુદ્ધ ગાંધાર હોવાથી મલ્હારના અન્ય પ્રકારોથી એ સ્પષ્ટપણે અલગ તારવી શકાય છે. ખયાલ-ગાયકોમાં આ પ્રયોગ સવિશેષ સાંભળવા મળે છે. આ રાગમાં અવરોહમાં થતો કોમલ નિષાદનો પ્રયોગ પણ મધુર લાગે છે. ઋતુસૂચક હોઈ બહુધા આ રાગમાં શૃંગારપ્રધાન વર્ષાવર્ણનો હોય છે. વર્ષાઋતુમાં ગમે તે સમય અને અન્યથા રાત્રિનો બીજો પ્રહર આ રાગના ગાન માટે પ્રશસ્ત ગણાય છે.

ગૌડ-મલ્હારમાં 'રે ગ રે મ રે' સ્વરો ગૌડ-સૂચક છે તેમ 'મ પ, ધ સાં, ધ પ મ' એ મલ્હારના અંગરૂપ છે.

ફિલ્મ 'બે ખબર'નું એક ગીત-'યું ચમકે બિજુરિયાં સાવન કી, યાદ આયે હંસી મોહે સાજનકી' ગૌડ-મલ્હાર પર આધારિત છે.

આ જ રીતે ફિલ્મ 'સાવન'નું ગીત 'દેખો બિના સાવન, બરસ રહી બદરી' તથા એક બીજી ફિલ્મનું ગીત 'તાના નાદિર, દિર તોમ તદરે દાનિ તન્નોમ. મૈં તો રુઠી સજનવા, જા તુમ સંગ નાહિ બોલું' પણ ગૌડ-મલ્હાર પર આધારિત લાગે છે. અનુક્રમે એ

'માન ન કરોરી ગોરી તોરે કારન આયો મેહા
હરી હરી ભોમ પર બરસો હી આવે નયી રે નાર નયો નેહા'

શ્રીમતીબાઇ નાર્વેકરની (ઑડીઓન રેકર્ડ નં. SB 2235) તથા કેસરબાઇએ (એચ. એમ. વી. રેકર્ડ) ગાએલી આ ચીજના સ્વરો પર આધારિત હોય એમ લાગે છે.

'ઝૂક આઈ રે બદરિયાં સાવનકી, સાવનકી મન ભાવનકી.
સાવનમેં ઉમગે જોબનવા છોડ ચલે પરદેશ પિહરવા
સુધ ન રહી ઘર આવનકી.'

તથા આ જ રીતે નારાયણરાવ વ્યાસે ગાએલ

'બલમા બહાર આઈ
દાદુર મોર પપિહા પિયા બિન બોલ કહર છાયે
નિસિ અંધિયારી દામિની ડરાવે કોયલ શબ્દ સુનાવે.'
(એચ. એમ. વી. 5605)

આ બંને ગીતો પણ સંગીતપ્રેમીઓએ સાંભળવાં ઇચ્છનીય છે.

'ગરજત બરસત સાવન આયો રે
લાયો ન સંગમે હમરે બિછડે બલમવા
સખી કા કરું હાય રે હાય.'

ફિલ્મ 'બરસાતકી રાત'નું આ ગીત પણ સૌએ સાંભળ્યું હશે. ગૌડ-મલ્હારના 'તાના નાદિર દિર દિમ્ તદરે દાનિ તન્નોમ્'ના મશહૂર તરાના પર આધારિત એના સ્વરો છે.

અલબત્ત, અહીં ઉદાહરણાર્થે ઉલ્લેખેલાં ફિલ્મી ગીતોમાં સંપૂર્ણતઃ ગૌડ-મલ્હાર જ રજૂ થાય છે એમ નથી, પણ જે અસલ રાગદારી ચીજો સાંભળવી આજે લગભગ દુષ્પ્રાપ્ય બની રહી છે તેના પર એ આધારિત હોઈ ગૌડ-મલ્હારનો બહુ અચ્છો ખયાલ આપી રહે છે. આ બધામાં ગૌડ-મલ્હારના જીવભૂત સ્વરો 'રે ગ રે મ ગ રે' તથા 'રે પ ગ પ મ ગ' સ્વરોની સંગતિ ખૂબ આકર્ષક રૂપમાં રજૂ થઈ છે.

ગૌડ-મલ્હારની ચીજોમાં મોટેભાગે વિરહવેદના કે શૃંગાર ઉપજાવવાના પ્રયત્નો સાંભળવા મળે છે, પણ ગૌડ-મલ્હારના સ્વરો વિશેષે તો શાન્ત ને કંઈક વીરરસને પોષક ભાવો જાગૃત કરે એવા છે. મલ્હારમાં હોવાતી 'મ પ ધ સાં' જેવા શુદ્ધ સ્વરોની સંગતિ તેમજ આ રાગનું લાક્ષણિક રૂપ દર્શાવતો શુદ્ધ ગાંધાર જલદ ભાવોનો દ્યોતક છે; છતાં ગાયકના કંઠ અને એની રજૂઆત પર રાગના રસ અને ભાવનો ઘણો આધાર રહે છે. સ્ત્રીગાયક ગૌડ-મલ્હારમાં કોમલ સ્વરાભાસ પ્રકટાવી શકે એ ખરું, અને રાગ પણ ખૂબ મધુર હોઈ શાંત વજનદાર હલકમાં ગાવાથી એ તાઝગી અને ઉત્કટતા પણ પ્રેરે, પરંતુ એના ગાનથી કોમલ ભાવો ઓછા ઉદ્ભવે.

ગૌડ-મલ્હારના થાટ સંબંધી બે મત પ્રવર્તે છે. એક મત એને કાફી થાટનો રાગ ગણે છે જ્યારે બીજો મત એને ખમાજ થાટમાં મૂકે છે. આ રાગમાં બંને નિષાદનો પ્રયોગ તો સર્વમાન્ય હોઈ ગાંધાર સ્વર સંબંધી જ મતભેદ રહે છે. બને મતાનુસારના રાગ પ્રચલિત છે અને પોતપોતાની રીતે બંને રંજક હોઈ સ્વીકાર્ય છે. ખયાલ ગાયકો પોતાના ગાયનમાં શુદ્ધ ગાંધારનો જ પ્રયોગ કરે છે, જ્યારે ધ્રુપદ-ગાયકો કોમળ ગાંધાર વાપરે છે. ક્યારેક ધ્રુપદોમાં બંને ગાંધાર પણ સાંભળવા મળે છે. રાગની જાતિ સંપૂર્ણ હોઈ એમાં વાદી મધ્યમ અને સંવાદી ષડ્જ છે. આરોહમાં નિષાદનું અલ્પત્વ છે. (અનુ૦ પાછળ)

રાગ ગૌડ-મલ્હાર

રાગની જાતિ: સંપૂર્ણ

આરોહ-અવરોહ

સા રે મ, પ, ધ સાં   સાં નિ પ, મ પ ગ મ, રે સા

અથવા

રે ગ રે મ ગ રે સા, રે પ મ પ, ધ સાં   સાં ધ નિ પ મ ગ મ રે સા

પકડ

રે ગ રે મ ગ રે સા   પ મ પ ધ સાં, ધ પ મ

વાદી: મધ્યમ * સંવાદી: ષડ્જ

ગાવાનો સમય: મોસમી રાગ હોઈ વર્ષા ઋતુમાં ગમે ત્યારે અન્યથા રાત્રિનો બીજો પ્રહર

સરળ ઉદાહરણો:

'યું ચમકે બિજુરિયાં સાવનકી' (ફિલ્મ 'બે ખબર')
'દેખો બિના સાવન, બરસ રહી બદરી' (ફિલ્મ 'સાવન')
'ગરજત બરસત સાવન આયો રે' (ફિલ્મ 'બરસાત કી રાત')

આ ગીતો એ સંપૂર્ણતઃ ગૌડ-મલ્હારમાં જ છે એમ નહિ પણ ગૌડ-મલ્હારનો સારો ખયાલ આપી રહે છે.

ગુનેગારી અને વંશપરંપરાગતતા

લેખક · સુશ્રુત પટેલ

પારી(સ)ની એક ગણિકાનું ખૂન કરવા બદલ ડેનિયલ હુગોન નામના ૩૧ વર્ષના એક શખ્સની સંપૂર્ણ શારીરિક તપાસ કરવામાં આવી. આમાં એક જૂની વાત નવા સ્વરૂપે જાહેર થઈ. તપાસમાં જણાયું કે ડેનિયલના શરીરના કોષોમાં સામાન્ય માનવીમાં હોય છે, એના કરતાં એક વધુ ગુણસૂત્ર (ક્રૉમૉસોમ–chromosome) અસ્તિત્વ ધરાવતો હતો. થયું. સમગ્ર પારી(સ)ના કાયદા તથા દાક્તરીશાસ્ત્રના તજ્જ્ઞોના વિવાદનો જાણે વંટોળ રચાયો.

ગુણસૂત્રને લગતી આવી વિલક્ષણતા અનેક ગુનેગારોમાં એટલા બધા પ્રમાણમાં વારંવાર મળી આવી છે કે હવે તો એની અને ગુનો કરવાની ઇચ્છા વચ્ચે જરૂર કાંઈક સંબંધ હોવાનો અંદેશો રહે છે. આવો વધારાનો ગુણસૂત્ર વ્યક્તિનું માનસ ગુનાહિત કરી મૂકે છે કે કેમ તેના પુરાવા શોધવા ત્રણ ફ્રેન્ચ ન્યાયવૈદક (Forensic medicine) તજ્જ્ઞો મથી રહ્યા છે. એમણે તૈયાર કરેલો એક હેવાલ તાજેતરમાં જ પારી(સ)ની કૉર્ટમાં ચકચાર જગાવી ગયો. જો ગુનાખોરીને આનુવંશિક (hereditary) માનવામાં આવે તો, ગુનેગારની જવાબદારી અને એને અનુરૂપ શિક્ષા કરવાના ખયાલમાં પણ ધરમૂળથી ફેરફાર કરવા પડે. આથી પ્રેરાઇને જ, ગુનેગારીના ઇતિહાસમાં સૌપ્રથમ વાર, હવે જ્યાં સુધી તજ્જ્ઞો કોઈ નિર્ણય ઉપર ન આવે ત્યાં સુધી કેસ મુલતવી રાખવો એવું પારી(સ)ની કૉર્ટે નક્કી કર્યું છે.

આનુવંશિક લાક્ષણિકતા તથા ગુનાખોરી વચ્ચેના સામ્ય અંગે વધુ જાણવું વસ્તુતઃ તો હજી ઘણું બાકી છે, પણ આ ક્ષેત્રે સૌપ્રથમ બ્રિટનના ડૉ. ડબ્લ્યુ. એચ. પ્રાઇસ અને ડૉ. પી. બી જ્હાટમોરે પ્રખ્યાત 'બ્રિટિશ મેડિકલ જર્નલ (BMJ)'માં એક સંશોધનલેખ લખીને ધ્યાન દોરેલું. એમણે બ્રિટનની એક જેલના ઘણા કેદીઓમાં ગુણસૂત્રની વિલક્ષણતા શોધી કાઢેલી. એ મુજબ, એવા કેદીઓમાં Y ગુણસૂત્ર સામાન્ય માનવી કરતાં વધારાનો હતો. એમના લેખમાં જણાવ્યા અનુસાર, અપરાધનાં મૂળ વ્યક્તિના 'જીન્સ'માં એના જન્મ સમયે પણ જોઈ શકાય છે. આ સંશોધકોના મતાનુસાર, આ વધારાનો ગુણસૂત્ર અગર જો લિંગ ગુણસૂત્ર (Sex-chromosome) હોય, તો એના ગુનાહિત માનસની ખાતરી જ થઈ જાય છે. અને કાં તો એ અવલ નંબરનો બદમાશ યા ખૂની જ બને છે!

સામાન્યતઃ માનવીના શરીરને બનાવતા કોષમાંના કેન્દ્રક (nuclei)માં ગુણસૂત્રની ૨૩ જોડ હોય છે. (એકથી માંડીને તે સોથી પણ વધુ જોડ, અલગ-અલગ જાતિઓમાં જોવા મળે છે). માનવીની આ ૨૩માંથી ૨૨ જોડ એકબીજાને બરાબર મળતી યા બંધબેસતી આવે છે. એમાંનો એક ગુણસૂત્ર પિતા, તથા બીજો માતા તરફથી આવે છે. જ્યારે ૨૩મી જોડ (લિંગ-ગુણસૂત્ર)જે જાતિ નક્કી કરે છે તે અલગ હોય છે.

સ્ત્રીઓમાં આ જાતિ નક્કી કરતી ૨૩મી જોડ, બે X ગુણસૂત્રોની (XX) બનેલી હોય છે; પરંતુ પુરુષમાં એમાં એક X અને બીજો Y (XY) ગુણસૂત્ર હોય છે. આમાં જો વધારાનો Y ગુણસૂત્ર ઉમેરાય અર્થાત્ XYY બને તો માનવી ગુનો કરવા પ્રેરાય એમ મનાય છે.

જોકે પ્રત્યેક શકમંદ વ્યક્તિમાં એની હાજરી એ વ્યક્તિની નિર્દોષતાની વિરુદ્ધમાં આવે એવું કશું નક્કી કહી શકાય નહિ, કારણ કે એ વધારાના ગુણસૂત્રની હયાતી કદાચ એને વધુ ઉશ્કેરેલો રાખે, પણ એથી કરીને એ ચોક્કસ ગુનો કરે જ છે એવું માની લેવાય નહિ. અલબત્ત, ફ્રાંસના પ્રો. રેમૉન્ડ ટર્નિન કહે છે કે આનાથી કોઈ નિશ્ચિત નિર્ણય ઉપર આવી શકાય નહિ; કારણ કે ઘણા ગુનેગારોમાં ગુણસૂત્રની સામાન્ય ગોઠવણ મળી આવી છે, જ્યારે એથી ઊલટું, સમાજમાં આગળ પડતી પ્રતિષ્ઠિત વ્યક્તિઓમાં આવો વધારાનો Y ગુણસૂત્ર મળી આવ્યો છે! જોકે આવી તર્કયુક્ત દલીલો કરવા છતાં બધાં જ નિષ્ણાતો એક વાત તો સ્વીકારે જ છે કે કોઈ પણ નિર્ણય ઉપર આવતાં પૂર્વે અનેક ગુનેગારો તથા સામાન્ય માનવીઓને તપાસવા પડશે. આમ, ગુનાશોધનના ક્ષેત્રમાં એક નવો ફાંટો વિકસી રહ્યો છે.

એક મઝાની કલ્પના કરવા જેવી છે. ધારો કે જન્મેલા બાળકમાં આવો વધારાનો ગુણસૂત્ર મળી આવતાં એને, કોઈ પણ રીતે એના શરીરમાંથી બહાર કાઢી નાખવામાં આવે તો શું એની અપરાધીવૃત્તિ પલાયન થઈ જશે ખરી? આમ સમાજમાંથી ભવિષ્યમાં રીઢા ગુનેગારો નાબૂદ કરી શકાય? હિંદુઓની માન્યતા છે કે 'સંસ્કારવશ' થઈને જ પ્રત્યેક જીવ આ અવનિ ઉપર જન્મ લે છે. અપરાધી માનસ ધરાવતા માનવીના 'સંસ્કાર' આ રીતે બદલી શકાય કે નહિ? ❦

રે પ, મ પ, ધ સાં ધ પ મ; રે ગ રે મ ગ રે સા. આ સ્વરવિન્યાસ આ રાગમાં વારંવાર લેવાતો હોઈ એની ઓળખ સરળ છે.

પંચમ–ષડ્જમાં મેળવેલા તાનપૂરાનો સાથ ગૌડ-મલ્હારમાં આહ્લાદ પ્રેરે છે. તાનપૂરાના સ્વર વહેતા કરીને પછી 'આ'કારમાં ષડ્જ ધરો ને તરત જ મંદ્ર નિષાદયુક્ત ષડ્જ પર અછડતો ઝોક આપી લાગલો જ ગાંધાર લગાવો અને ઋષભ-ગાંધાર 'આ'કારમાં લીધા કરો. ગાંધાર પરથી ષડ્જ પર અવરોહમાં આવો અને તે પછી રે ગ સ્વરો લઈ ફરી ગાંધાર પર મુકામ કરી મધ્યમ લો, અને ગ મ સ્વરો લેતા જાઓ. આટલી જમાવટ પછી આરોહાવરોહરૂપ પ્રમાણે સ્વરાલાપ કરો. સ્વરોની સ્પષ્ટ સુરીલી હલકભરી લગાવટ પર ખાસ ધ્યાન આપો. પણ આ તો અંગુલિનિર્દેશ છે. ઉસ્તાદ સંમુખ બેસી સાંભળવાથી જ આની ખરી ખૂબી સ્પષ્ટ થશે, છતાં આટલા અનુભવે તમને ગૌડ-મલ્હારની મધુરતા તો સમજાવા લાગશે જ.

ગૌડ મલ્હારની વિલંબિત તિન તાલમાં ગવાએલી આ એક ખાનદાની ચીજ મળે તો એ પણ અવશ્ય સાંભળજો—

'કાહે હો હમસેં પ્રીતમ અખિયાં ફેર ડારી
કા મોસે ચૂક પરી સુધાર લેહો બલમા સદારંગ તુમ પર વારી.' ❦

લેખો, કાવ્યો, ફોટોગ્રાફો, ચિત્રો આદિ મોકલનારાઓને

'કુમાર' માટે મોકલવાની કૃતિના સ્વીકાર-અસ્વીકારની જાણ માટે પૂરતું (નવા દરથી) પોસ્ટેજ ચોડેલું તેમજ પોતાનું સંપૂર્ણ સરનામું કરેલું કાર્ડ મોકલવું.

- કૃતિ અસ્વીકૃત થયે પાછી મેળવવી હોય તો તે માટેનું જરૂરી પોસ્ટેજ ચોડેલું અને પોતાનું પૂરું સરનામું કરેલું કવર મોકલવું જરૂરી છે. છૂટું પોસ્ટેજ હરગીઝ મોકલવું નહિ.
- વળી, કૃતિઓ અંગેના નિર્ણય તાત્કાલિક થઈ શકતા ન હોવાથી પોતાની કૃતિને લગતો નિર્ણય જાણવા માટે અધીરાઈથી વારંવાર પત્રો લખીને પોસ્ટેજ બગાડવું નહિ.



ટિકિટસંગ્રહ ૨૯મી ઍપ્રિલે બહાર પડેલી બ્રિટનની મથાળાની ચાર ખાસ ટપાલ-ટિકિટો પર ત્યાંના પુલોનો વિકાસ ચિત્રિત થયો છે. એમાં અનુક્રમે પ્રાગૈતિહાસિક કાળનો પથ્થરો ગોઠવીને કરેલો પુલ (ડાબી બાજુ), ઈ. ૧૭૩૩માં બનેલો ઍબર ફેલ્ડી પુલ, (આ ટિકિટની છપાઈમાં ભૂરી શાહી છાપવાની રહી ગએલી અને એથી નદીમાં પાણીને બદલે એ સાવ કોરી દેખાતી હતી), ઈ. ૧૯૬૫માં બનેલો 'એમ-૪ વાયાડક્ટ' અને છેલ્લે ઈ. ૧૮૨૬-માં બનેલો સ્કૉટલૅન્ડ અને ઇંગ્લંડને જોડતો 'મેનાઈ' પુલ. એના પર સ્કૉચ ભાષામાં પણ તેનું નામ આપ્યું છે. આમ, બે ભાષામાં લખાણવાળી બ્રિટનની આ પહેલી ટિકિટ છે. તેની નીચે અનુક્રમે: બ્રિટિશ ટ્રેડ યૂનિયન કોંગ્રેસની શતાબ્દી, મહિલા મતાધિકારની સુવર્ણજયંતી, શાહી વિમાની દળની સુવર્ણજયંતી તથા કૅપ્ટન જેમ્સ કૂકની સન ૧૭૬૮ની શોધસફરની દ્વિશતાબ્દી (એના પર જેમ્સ કૂકના હસ્તાક્ષરો પણ છે) એમ જુદીજુદી ચાર સંવત્સરીઓ નિમિત્તની બ્રિટનની નવી ચાર ખાસ ટપાલટિકિટો. (પ્રેષક: રમણિકલાલ સોલંકી—લંડન)

❑ હિંદી મહાસાગરમાં ઑસ્ટ્રેલિયન વહીવટ તળેના ક્રિસ્ટમસ ટાપુઓમાં હમણાં સુધી સિંગાપુરનું ચલણ ચાલતું હતું. ગયા મેની ૬ઠ્ઠી તારીખથી ત્યાં ઑસ્ટ્રેલિયન ચલણ આવતાં તે પ્રમાણેની કિંમતવાળી દસ નવી ચાલુ ટિકિટો બહાર પડી છે, જેના પર ત્યાંના દરિયામાં થતી વિવિધ માછલીઓનાં સુંદર રંગીન ચિત્રો છે. ❑ હૉંગકૉંગે એપ્રિલની ૨૪મીએ પોતાના બંદરમાં આવતાંજતાં વિવિધ વહાણોને ચિત્રિત કરતી છ નવી ટિકિટો બહાર પાડી છે. ❑ બુડાપેસ્ટમાં ગયા જૂનમાં મળેલી આંતરરાષ્ટ્રીય પક્ષી-સંરક્ષક કાઉન્સિલની બેઠક નિમિત્તે હંગેરીએ ત્યાંના પક્ષીઓનાં સુંદર રંગીન આલેખનોવાળી આઠ નવી ટિકિટો બહાર પાડીછે.



મે માસના ૧૫મી તારીખથી ભારતના ચાલુ થએલા નવા દર પ્રમાણે જૂના ૭ પૈસાના પોસ્ટકાર્ડ પર વધારાનો દર ચોડવા માટે બુંદ-દાણા (કૉફી)ના ઝૂમખાના ચિત્રવાળી આ ચાર પૈસાની નવી ટિકિટ ચલણમાં મુકાઈ છે.



આ અંકમાં જેનું ચરિત્ર આપ્યું છે એ ગુટનબર્ગની ૫૦૦મી સંવત્સરી નિમિત્તે પશ્ચિમ જર્મનીએ બહાર પાડેલી ખાસ ટિકિટ જેના પર ગુટનબર્ગની છબિ છે.

❑ આરંભની લંબચોરસ ટિકિટ પછી ઈ. ૧૮૫૩માં પહેલી ત્રિકોણ ટિકિટ બહાર પડી. ઉત્તરોત્તર એમાં નવીનતા ઉમેરાતાં પછી તો અનેક અવનવા આકારની ટિકિટો બનવા લાગી એમાં ગોળાકાર પણ આવ્યો. સીએરા-લીઓનને તો પોતાના દેશના આકારની ટિકિટ પાબનાવી આ સાથે એ છેક નીચે આપી છે.



ઉપર: માલ્ટાની ટિકિટ
નીચે: સીએરા-લીઓનની ટિકિટ



સાહિત્યસંપર્ક

ઇંગ્લંડના નવા રાજકવિ

સેસિલ ડે લૂઈ

લાગટ ૩૭ વર્ષ સુધી ઇંગ્લંડનું રાજકવિપદ શોભાવી ઈ. સ. ૧૯૬૭ની ૧૨મી મેના રોજ ૮૮ વર્ષની વયે સદ્‌ગત થએલા (જુઓ 'કુમાર' અંક ૫૨૩) જૉન મેઇઝફીલ્ડના અનુગામી તરીકે, આ વર્ષના જાન્યુઆરીની પહેલી તારીખે ઇંગ્લંડના 'પોએટ લૉરીએટ' (રાજકવિ) લેખે સેસિલ ડે-લૂઈની વરણી થઈ. જોકે ઑક્સફર્ડ યુનિવર્સિટીમાં પોએટ્રીની 'ચેર' દીપાવ્યાનો યશ ભોગવી ચૂકેલા ડે-લૂઇના કીર્તિમુકુટમાં એથી ખાસ ઝાઝી દીપ્તિ આવી ન ગણાય.

ઈ. ૧૯૦૪ની ૨૭મી એપ્રિલે આયર્લૅન્ડના એક દેવળના સામાન્ય પાદરીને ત્યાં જન્મેલા, ગોલ્ડસ્મિથના આ વંશજ સેસિલ પારણામાંથી જ માતા ગુમાવી બેઠા, એટલે એમનું બાળપણ એમને બે વર્ષના લઈને લંડન આવી વસેલા પાદરી પિતા અને (એમની આત્મકથામાં ઉલ્લેખાતી) 'વ્હાલી નૉસ'ની હૂંફમાં વીત્યું. શેરબોર્ન સ્કૂલમાં અભ્યાસ પૂરો કરી તે ઑક્સફર્ડ ગયા. ત્યાં આહાર પ્રત્યે ખૂબ જ ચીવટ રાખી, મોટે ભાગે પૌષ્ટિક બિસ્કિટ અને ચૉકલેટ પર નિર્ભર રહીને અભ્યાસ કરતાંકરતાં પણ રમતગમતના ક્ષેત્રમાં નામના કાઢી; સાથેસાથે સર મૉરિસ બૉવરા જેવાના પ્રેરક સંપર્ક, રેક્સ વૉર્નર અને ડબ્લ્યુ. એચ. ઑડેન જેવાના સહાધ્યાય, અને એલ. એ.જી. સ્ટ્રૉંગ તથા હમ્બર્ટ વૂલ્ફ જેવા પાકટ કલમબાજોનાં પ્રોત્સાહનથી સરસ્વતીનો એવો કૃપાપ્રસાદ પામ્યા કે જેના પરિણામે ત્યાં અંડર ગ્રેજ્યુએટ અવસ્થામાં પણ ઈ. ૧૯૨૭માં એમણે ઑડેન સાથે મળીને 'ઑક્સફર્ડ પોએટ્રી'ના જાણીતા કાવ્યસમુચ્ચયનું સંપાદન કર્યું.



ત્રીસીના યુવાન કવિ સી. ડે લૂઈ

ઑક્સફર્ડમાંથી બહાર પડીને જીવનનિર્વાહ માટે એમણે પત્રકારત્વ પસંદ કર્યું, પણ થોડા સમય બાદ એમાંથી વૃત્તિ ઊઠી ગઈ, એટલે શરૂઆતમાં ઑક્સફર્ડ પાસેના સમરફીલ્ડ્ઝમાં અને પાછળથી ચેલ્ટનહૅમ ખાતે એમણે આઠેક વર્ષ શિક્ષક તરીકે કામ કર્યું, જે દરમિયાન સામ્યવાદી પક્ષમાં પણ જોડાયા. જો એ વખતના શાળામંડળના અધ્યક્ષ મૉરિસની સહાનુભૂતિ ન હોત તો એ સામ્યવાદી પ્રવૃત્તિને કારણે શાળાનો વ્યવસાય પણ એમને વહેલો છોડવો પડ્યો હોત. પાછળથી જોકે એ પક્ષમાંથી તે છૂટા થયા, તોપણ વિચારસરણીએ સમાજવાદી તો રહ્યા જ.

એમની ત્યારની રચનાઓ આસ્વાદ્ય ગણાતી ન હતી, અને ઈ. ૧૯૨૯માં હૉગાર્થ પ્રેસે બહાર પાડેલો એમનો પ્રથમ કાવ્યસંગ્રહ કશા લેખામાં ગણાયા વગરનો પ્રકાશકની અભરાઈઓ પર ખડકાઈ રહ્યો હતો. પણ એવામાં એક વખત વાતચીત દરમ્યાન ચર્ચિલ પ્રવર્તમાન કવિતાની રંકતા વિષે બળાપો ઠાલવતા હતા ત્યારે ત્યારના જાણીતા ઉગ્ર લેખક ડી. એચ. લૉરેન્સે સી. ડે લૂઈનો આશાસ્પદ કવિ તરીકે ઉલ્લેખ કર્યો, અને એ આકસ્મિક હકીકતનું એક કટારલેખકે પોતાના પત્રમાં વર્ણન કર્યું, ત્યારથી સેસિલ સુવિખ્યાત થઈ ગયા. છાપામાં એ કટાર છપાઈ એ સવારથી જ પ્રકાશક પર ટેલિફોનથી ઑર્ડરો આવવા માંડ્યા અને એમના એ બિનલોકપ્રિય પુસ્તકની થોકોના ઊંચા ગંજ પર લંબાવીને આરામ કરતા વિક્રેતાઓને બપોર સુધીમાં તો ભૂમિશાયી થવું પડ્યું! આ (અને પછીથી અનુભવેલા આવા બીજા) પ્રસંગથી પ્રોત્સાહિત થઈ તે શિક્ષકપણું છોડીને સમગ્રતયા સાહિત્યવ્યવસાયી થવા કૃતનિશ્ચયી બન્યા.

ઈ. ૧૯૨૯ થી '૩૩ સુધીનાં કાવ્યોનો સંગ્રહ ૧૯૩૫માં 'ક કલેક્ટેડ પોએમ્સ' નામથી બહાર પડ્યો ત્યાર બાદ 'એ ટાઇમ ટુ ડાન્સ' (૧૯૩૫) અને 'ઓવર્ચર્સ ટુ ડેથ' (૧૯૩૮)ના સંગ્રહો પ્રગટ થયા. ત્યારના એ કવિ ડે-લૂઈની ગણના એ કાળના તીખા નવીનો ડબ્લ્યુ. એચ. ઑડેન, સ્ટીફન સ્પેન્ડર અને લૂઈ મૅક્નીસ સાથે જ, ફાસીઝમના પ્રતિકારક લડાયક કવિ તરીકે થતી. વીરરસની વર્ણનાત્મક કવિતા પ્રત્યેનું એમનું અનોખું આકર્ષણ જ એમને એ ત્રણેથી જુદા પાડે છે.

એમની આગવી અભિવ્યક્તિની શૈલીનું નિર્માણ તો ચાલીસી પછી થયું ગણાય. 'એ વર્ડ ઓવરઑલ' (૧૯૪૩)થી ઘરગથ્થુ તથા સાહિત્યિક બંને વિષયોને હવે આત્મલક્ષિતાનો સ્પર્શ થતો જાય છે, અને પુરાણોનાં પ્રશિષ્ટ વિષય-વસ્તુ તરફનો ઝોક પણ વધે છે. બાહ્ય પ્રસંગોની દુનિયા ત્યજીને સ્વાનુસંધિત આંતરવિશ્વ તરફ વળવાની વૃત્તિ એમના લાંબા

શબ્દકથા : અડવો, અડબો

શબ્દસ્વરૂપ અને અર્થ જોતાં નીચેના શબ્દસમૂહના મૂળમાં કોઈ એક ધાતુ હોય—તે કોઈ એક મૂળ શબ્દમાંથી બન્યો હોય એમ સહેજે અનુમાન કરી શકાય :

૧. અડબાઉ 'મૂર્ખ, અણઘડ, જંગલી.'

૨. 'અડબો.'

૩. અડબંગ 'જક્કી, ઢંગધડા વગરનું, મૂર્ખ.'

૪. અડગ્રૂત, અડબૂત, અડબોથ, અડભૂત 'જડ'.

૫. અડવો 'અડબંગ વાણિયો—ભવાઈમાં આવતો.'

૬. હડફો 'જડસો'; અડફાઉ 'ઠેકાણા વગરનું.' આમાં મરાઠી અડવા 'આડું' ઉમેરી શકાય.

આ શબ્દોના મૂળરૂપ શબ્દ દ્રાવિડી ભાષાઓમાંથી—કન્નડમાંથી આવ્યાનું જણાય છે. નીચેના શબ્દો જુઓ :

૧. અડબ્બ, હડબ્બ (કન્નડ) 'આડાઈ, મારકણાપણું (હરાયા ઢોરનું).'

૨. અટબ્બ, હડબ્બ (તુળુ) 'છિનાળ, વર્ણસંકર, અનૌરસ.'

૩. અટવુ (કોલામી) 'ખરાબ, તોફાની, ખરાબ માણસ.'

આના ઉપર પ્રાકૃત અડ્ડ 'આડું' અને તેમાંથી બનેલા ગુજરાતી આડું, આડોડિયો, આડુંત્રેડું, આડસર, આડી, જેવા શબ્દોનો પણ પ્રભાવ પડ્યો હોય. ઉપરના ગુજરાતી તેમ જ દ્રાવિડી શબ્દોમાં અંત્યાક્ષરમાં રહેલો બકાર કે વકાર તેમનો સંબંધ સ્થાપવામાં નિર્ણાયક બને છે.

હરિવલ્લભ ભાયાણી



ડે લૂઈ: તાજી છબિ



જમણી બાજુ
ડે લૂઈનું કુટુંબ
ડાબી બાજુથી:
તેની પત્ની
જાણીતી નટી
જિલ બાલ્કન,
ડે લૂઈ પોતે,
પુત્રી ટામાસિન
અને પુત્ર ડેવિડ

આ વર્ષના આરંભે નીમાએલા ઇંગ્લંડના નવા રાજકવિ સેસિલ ડે લૂઈ કહે છે કે: 'આ પદેથી હું જનતાને સ્પર્શતા વિષયો(જેવા કે ઍબર્ફાનિની કોલસાની ખાણમાં ભયંકર હોનારત, કે ચિચેસ્ટરે નાનકડી હોડીમાં એકલપંડે પૃથ્વી પ્રદક્ષિણા કરીને દાખવેલ અભૂતપૂર્વ સાહસ) પર જ લખીશ. પણ આ પદનું વાર્ષિક સાલિયાણું માત્ર ૯૭ પૌંડ (રૂ. ૧૭૫૦) હોઇ નિર્વાહ ખાતર નિકોલસ બ્લેઇકના ઉપનામથી અગાઉ જેમ ડિટેક્ટિવ નવલકથાઓ લખવી ચાલુ રાખીશ.'

કાવ્ય 'એન ઇટાલિયન જર્ની (ઈ. ૧૯૫૪)માં પમાય છે. 'પેગૅસસ ઍન્ડ અધર પોએમ્સ' (૧૯૫૮) સાક્ષી પૂરે છે કે તેઓ એકલવિહારી નથી. તે પછી ચાર વર્ષે પ્રકટેલો સંગ્રહ 'ધ ગેઈટ ઍન્ડ અધર પોએમ્સ'નું પ્રકાશન એમાંની બે લાંબી નાટ્યાત્મક એકોક્તિઓથી આકર્ષક બન્યું છે, તો 'રેક્વીએમ ફૉર ધ લિવિંગ' અણુસિદ્ધિજનિત અંતરનિર્વેદથી.

બીજા વિશ્વયુદ્ધ વખતે ઈ. ૧૯૪૧ થી '૪૬ સુધી રાજ્યના માહિતી ખાતામાં સેવા આપીને પુસ્તિકાઓ અને પત્રિકાઓનાં સંપાદનનો, અને પછી છેલ્લાં કેટલાંક વર્ષોથી 'ચૅટો ઍન્ડ વિન્ડસ' જેવી જાણીતી પ્રકાશન-સંસ્થાના સંચાલક તરીકે દળદાર પુસ્તકોનાં સંપાદનોનો અનુભવ સેસિલે મેળવેલો છે. મહાકવિ વર્જિલના 'ધ જ્યૉર્જિક્સ'ના પદ્યાનુવાદ (ઈ. ૧૯૪૦)થી પ્રભાવિત થઈ ત્યાંની આકાશવાણી બી. બી. સી.એ એમની પાસે 'એનીડ'નું ૧૯૫૨માં ભાષાંતર કરાવ્યું હતું. ઈ. ૧૯૪૭ માં કેમ્બ્રિજની ટ્રિનિટી કૉલેજમાં 'ક્લાર્ક વ્યાખ્યાતા'ના પદે નીમાતાં તેને અંગે આપેલાં કાવ્યવિષયક વ્યાખ્યાનોમાં પડઘાતાં પરિશીલન અને મનનથી પશ્ચિમના વિવેચન-જગતમાં પણ એમને મોખરાનું સ્થાન મળ્યું.

'એ હોપ ફૉર પોએટ્રી'માં એલિયટોત્તર કાળના આ અગ્રણી કવિ–વિવેચકે એલિયટની કવિતાની ટાઢાશની સબળ ટીકા કરી છે. 'પિંક ડીકેઇડ' નામે ઓળખાતા એ દસકાની તાસીર જ એવી હતી કે ત્રીસીના આ બંડખોરો એલિયટની અલિપ્તતાથી-છંછેડાઈ ઊઠે. આ ગ્રંથમાં ડે લૂઈની કાવ્યવિભાવના જાણવા મળે છે: 'કવિના દર્શનની વિશિષ્ટતા એ છે કે એમાં દેખાતી વાસ્તવિકતાના મૂળમાં ઇલેક્ટ્રૉન્સની જેમ અદૃશ્ય પડેલાં સત્યોને જોવાની શક્તિ હોય છે. પોતાની કલ્પનાના બળ વડે કવિ આપણા વિશ્વને સાંકળતી ગૂઢ કડીઓનો પરિચય કેળવી, અનેકત્વમાં રહેલી એકતા પામી જઈ, વિસંવાદિતામાંથી સંવાદની સ્થાપના કરી શકે છે. જે યોગી નથી તે કવિ ન હોઈ શકે.'

સેસિલ ખાસ યાદગાર રહેશે, એમની શ્રેષ્ઠ કવિતાઓ જેટલી જ ઉત્તમ કાવ્યવિવેચના— 'ધ પોએટિક ઇમેઈજ (ઈ. ૧૯૪૭)-વડે, જેમાં એમણે આદ્ય અંગ્રેજ કવિ ચૉસરથી માંડી આજના ઑાડેન સુધીની કવિતાનું સર્વગ્રાહી વિવેચન કર્યું છે. આ ઉપરાંત વિદ્યાર્થીઓને નજર સમક્ષ રાખીને એમને કવિતાનો આનંદ લૂટવાની સૂઝ આપવા લખાએલું 'પોએટ્રી ફૉર યૂ' (ઈ. ૧૯૪૫) તો એમનું સૌથી વધુ ખપત ભોગવતું પુસ્તક છે. એમાં કવિતા કોઈ ગુપ્ત ભાવક માટે લખાય છે એવી માન્યતાનું એમણે ખંડન કર્યું છે અને કવિતાનાં મૂળ ઘટકોનું પૃથક્કરણ કરીને વિદ્યાર્થીઓ માટે કવિતા 'રચવાની' પદ્ધતિનું વર્ણન કર્યું છે.

શિક્ષક, પ્રકાશક, પ્રાધ્યાપક, વિવેચક અને કવિ સેસિલ ડે લૂઈની બહુમુખી પ્રતિભાએ નવલકથાકારનું મ્હોરું પણ પહેર્યું છે. કહે છે કે શિક્ષક હતા ત્યારે ચેલ્ટનહામ ખાતેના પોતાના નાનકડા નિવાસના વરસાદથી ચૂતા છાપરાના સમારકામ માટે સો પાઉન્ડની જરૂર ઊભી થઈ હતી. એ માટે એમણે ડિટેક્ટિવ વાર્તાઓ પર હાથ અજમાવ્યો અને જોતજોતાંમાં 'ધ ફ્રેન્ડલી ટ્રી' (ઇ. ૧૯૩૬), 'સ્ટાર્ટિંગ પૉઈન્ટ' (ઈ. ૧૯૩૭), 'ધી એકોઈંગ ગ્રીન'(ઈ. ૧૯૩૮) અને 'ચાઈલ્ડ ઑાવ મિસફૉર્ચ્યુન'(ઈ.૧૯૩૯) વગેરે કથાઓએ એમને ખૂબ જ ખ્યાત કરી મૂક્યા. મોસાળના એક કુટુંબીજનના નામ ઉપરથી ધારણ કરેલા ઉપનામ—'નિકોલસ બ્લેઈક—થી, માત્ર પૈસા કમાવા ખાતર લખેલી આ જાસૂસકથાઓમાંનો 'સ્ટ્રેઈન્જવેઈઝ' એમનાં પાત્રો પૈકી સૌથી વધુ જાણીતો છે.

ઈ. ૧૯૫૦માં એમને સી. બી. ઇ. (કમ્પૅનિયન ઑાવ ધ બ્રિટિશ એમ્પાયર)નો ઈલકાબ મળેલો. વળી જેની સભ્યસંખ્યા કદી દસથી વધતી નથી એ બ્રિટનની 'રૉયલ સોસાએટી ઑાવ લિટરેચર'ના તે ૧૯૫૮માં ઉપાધ્યક્ષ થએલા. ૧૯૬૨માં એમની નિમણૂંક 'આર્ટ કાઉન્સિલ'ના સભ્યપદે પણ થઈ હતી. ઈ. ૧૯૬૪-'૬૫માં તેઓ હાર્વર્ડ યુનિવર્સિટીના 'નૉર્ટન પ્રોફેસર ઑાવ પોએટ્રી' તરીકે અમેરિકા પણ જઈ આવ્યા છે. આઠ વર્ષની નાની વયથી કવિતા લખવાનું શરૂ કરનાર આ રસિક આ-

ત્મોએ બે વાર લગ્ન કર્યાં છે. હાલ તેઓ ગ્રીનિચમાંના અઢારમી સદીના જૂની ઢબના મકાનમાં બીજીવારનાં પત્ની જિલ બાલ્કન અને બાળકો–ટામાસિન અને ડૅનિયલ સાથે રહે છે.

જિલ બાલ્કન સાથે કાવ્યપઠન કરતા સેસિલને સાંભળવા એ એક લ્હાવો ગણાય છે. એમનું સહપઠન ઘણું લોકપ્રિય નીવડે છે. લૂઈ મૅક્નીસના 'પ્રેયર બીફોર બર્થ' અને સ્ટીફન સ્પેન્ડરના 'સ્પિરિચ્યુઅલ એક્સરસાઇઝિઝ' સાથે સરખાવી શકાય તેવા, યુદ્ધના ઓછાયા તળે થએલા કવિના આંતર્વિકાસની ડાયરી સમા, વિખ્યાત 'ઓ ડ્રીમ્સ! ઓ ડેસ્ટિનીઝ'-નું એમણે કરેલું પઠન તો ગ્રામોફોન રેકર્ડો મારફત વ્યાપક ફેલાવો પામ્યું છે. મનોહર બાનીમાં થતું એમનું કાવ્યપઠન બી. બી. સી. પર પણ ખરાદાથી નીવડે છે. કવિતાને માત્ર વાચનપૂરતી જ ન રહેવા દેતાં વિશાળ શ્રોતાવર્ગને પહોંચાડવાના આશયથી 'ઍપૉલો સોસાએટી'ની સ્થાપના કરવા ઉપરાંત એમણે 'ઇંગ્લિશ ફેસ્ટિવલ ફૉર સ્પોકન પોએટ્રી'ના સંચાલકની જવાબદારી પણ અદા કરી છે.

ગેયતા પ્રત્યેના પક્ષપાતને લીધે એમનાં કાવ્યોની સરળતા અને સાદગીમાં કેટલાક વિવેચકોને 'ઊંડાણનો અભાવ' લાગે છે, પણ ખરું જોતાં તો અનાયાસ આવી જતો એમનો શબ્દલય એમને વર્ડ્ઝવર્થની કોટિમાં મૂકે છે. એમની કવિતાની અગાધતા બરફના ડુંગર જેવી છે, જેનો નવ ગણો વિશાળ દેહ તો દરિયાની સપાટીની નીચે ઢૂબેલો રહે છે.

પ્રથમ વિશ્વયુદ્ધમાં માર્યા ગએલા આલ્ફ્રેડ ઓવેનની અસર ઝીલીને સેવેલા સહેતુક માસભંગ, અને જિરાર્ડ મૅન્લી હૉપકિન્સના પ્રભાવ તળે આવીને કરેલા છંદોભંગ છતાં એમની પારદર્શક શૈલીની કુમાશને બ્રાઉનિંગની જેમ દુર્બોધતા કદી અભડાવી શકી નથી. એમની કવિતામાં રૉબર્ટ ફ્રૉસ્ટ અને ડબ્લ્યુ બી. યેટ્સના પદરવ સંભળાય તો પણ નવાઈ નહિ.

હાર્ડીનાં લોકકાવ્યો અને આઇરિશ લોકગીતોની ટેક પકડીને એમણે પોતાની આગવી જ શૈલીમાં અત્યંત અસરકારક પ્રેમકાવ્યો લખ્યાં છે. બાળપણ અંગેના સૉનેટગુચ્છોમાં પથરાએલા આત્મનિરીક્ષણના સામે પલ્લે મૂકી શકાય એવું, વર્ડ્ઝવર્થના પ્રકૃતિપ્રેમથી ઊભરાતું લોકબોલીમાં લખાએલું 'નાઉ ધ ફુલગ્રોટેડ ડૅફૉડિલ્સ' એમની લયસિદ્ધિની સાક્ષી પૂરે છે, ને એમનાં ઘણાં સુંદર કાવ્યો પૈકીના એક 'ધી અનવૉન્ટેડ'માં કવિ પ્રકૃતિ પાસેથી કીટ્સના જેવું જ ઇન્દ્રિયસંવેદન અનુભવતા લાગે છે. ૨૮૪ ('કુમાર' અંક ૫૩૫)

મારી માન્યતા

સાહિત્ય તથા જીવનના ઉપાસકોના ઉત્તરો : ખાસ મુલાકાતો દ્વારા મેળવનાર **ચંપકલાલ મહેતા**



કલાકાર સોમાલાલ

જન્મ કપડવણજમાં ખડાયતા વણિક કુટુંબમાં ઈ. ૧૯૦૪ની ૧૪ ફેબ્રુઆરીએ. પિતા ચૂનીલાલ શાહ કરિયાણાના વેપારી, પણ સોમાલાલને બચપણથી કલામાં રસ. અમદાવાદમાં અભ્યાસ સાથે કલાસાધના. ઊમરેઠમાં વિદ્યાર્થી પ્રદર્શનમાં સુવર્ણચંદ્રક મેળવ્યો. મુંબાઈમાં જે. જે. સ્કૂલ ઑવ આર્ટમાં તથા વડોદરામાં શ્રી પ્રમોદકુમાર ચૅટરજી પાસે તથા છેલ્લે અવનીબાબુની ઇન્ડિયન સોસાએટી ઑવ ઑરીએન્ટલ આર્ટમાં કલાભ્યાસ કરી ભાવનગરમાં દક્ષિણામૂર્તિમાં. પછી ત્યાંના રાજકુટુંબમાં કલાશિક્ષણ આપ્યું. ત્યાં એમણે પક્ષીઓની એક સુંદર ચિત્રમાળા સર્જી. હાલ અમદાવાદમાં રહે છે ને ચિત્રસર્જન કરે છે. એમનાં ચિત્રોમાં જાનપદી જીવન અને પંખી સૃષ્ટિનું આગવું આકર્ષણ છે. હમણાં અમદાવાદ અને મુંબાઈમાં એમનાં ચિત્રો પ્રદર્શિત થયાં.

૧ કલા એટલે શું?

❑ એની સંપૂર્ણ વ્યાખ્યા આપવી અઘરી છે. પણ એક ખ્યાલ એવો ખરો, કે જે કલા જીવનને સૌન્દર્યદૃષ્ટિ આપીને સ-રસતાના ઊર્ધ્વ પથનો માર્ગ બતાવે તે આદર્શ કલા.

૨ ચિત્રકલાને આંખની કલા કહી શકાય?

❑ આંખ કરતાં હૈયાના ભાવની કવિતા કહો તો યોગ્ય ગણાય.

૩ ચિત્રમાં સૌંદર્ય ક્યાંથી આવે છે?

❑ સૌંદર્ય તો સર્વત્ર પથરાએલું છે; કલાકાર તેને પોતાનો અનોખો આકાર અને રંગ આપે છે ને તેથી એક નવી જ સૃષ્ટિ અને દૃષ્ટિ ઉત્પન્ન થાય છે. જે છે તે છે અને નથી, અને જે નથી તે છે, એવું કંઈક 'અવનવું' ને આકર્ષક તેમાંથી સર્જાય એમાં જ કલાકારની સાચી સર્જનશક્તિ રહેલી છે.

૪ સર્જન વિષે તમારું મંતવ્ય?

❑ સાચો સર્જક પોતાના વિચારોને પ્રામાણિકપણે ઉતાર્યા વિના રહી શકતો નથી. અને એમ કરવામાં કોઈનો અભિપ્રાય કે વાંધો તેને ચલિત ન કરી શકે.

૫ તમે રંગના સ્વામી કહેવાઓ છો. એ રંગસૃષ્ટિનો કાંઈ પરિચય આપશો?

❑ બીજા ભલે કહેતા હોય, પણ હું પોતે તો મને હજુ એમાં શરૂઆત કરનાર વિદ્યાર્થી જ માનું છું, કેમ કે રંગની સૃષ્ટિ અને શાસ્ત્ર ઘણાં જ વિશાળ અને ગહન છે. મને જે થોડીઘણી પ્રાપ્તિ થઇ હશે તે ચિત્રો ઉપર કરેલા વિવિધ રંગના પ્રયોગોને આભારી છે. આપણા મનની સાચી છાપ ન આવે ત્યાં સુધી ચિત્ર ઉપર પ્રયોગો કરતા જ રહેવા પડે છે.

૬ પશુપક્ષીની ચિત્રણા પણ તમે કેળવી છે. એ વિષે કાંઈ?

❑ એ મારી ચિત્રકળાની એક જુદી બાજુ છે. એનો મેં થોડો અભ્યાસ કર્યો છે ખરો, પણ એમાં કશી ખાસ સિદ્ધિ નથી. એ દિશામાં આગવી શૈલીનાં ચિત્રો મેં દોર્યાં નથી.

૭ સૌંદર્યનો દ્રષ્ટા ચિત્રકાર એને સાકાર રૂપ કઈ રીતે આપે છે?

❑ ચિત્રકારની દૃષ્ટિમાં સૌંદર્ય સજાગ થાય અને ઊર્મિનો આવિર્ભાવ એમાં ઉમેરાય, પછી અવલોકન અને અભ્યાસથી પુષ્ટ થએલી સાધના દ્વારા તે અવતરે છે.

૮ ગુજરાતના ચિત્રકારોને તમારો સંદેશ?

❑ ગુજરાતના ચિત્રકારો દૃષ્ટિવાળા ને શક્તિશાળી છે. એમને સંદેશ નહિ પણ વિજ્ઞપ્તિ છે કે તેઓ જેટલી વિશ્વ-(દુનિયા)ની કળા ઉપર દૃષ્ટિ રાખે છે તેથી થોડી પણ ગુજરાત ઉપર રાખે તો તેઓ આદર્શ ગુજરાતી કલાકારો બનશે ને તેમની કલામાં તેથી વૈવિધ્ય ને રંગદર્શિતા આવશે.

સોમાલાલ શાહ.

ટૅાયન્બીએ નોંધ્યું છે: 'જ્યારે જ્યારે આ કવિ પ્રકૃતિવર્ણનો તરફ વળે છે ત્યારે ત્યારે એક અનેરો આવેશ, ને કુમાશ એમની કલમમાં આવી જાય છે.' પ્રવાસવર્ણનોથી સભર કાવ્યોમાં કે પ્રાસંગિક કાવ્યોમાં પણ એમની વિચારપૂર્ણ, વર્ણનાત્મક, (અનુસંધાન પૃષ્ઠ ૨૯૭)

ભારતીય નૃત્યકળાની સર્વપ્રથમ વિદેશી કલાર્થિની

૩ લા મેરી

લેખક · સુનીલ કોઠારી

૩થ સેન્ટ ડેનિસ પછી એકમ-નર્તન પરત્વે સૌનું ધ્યાન દોરનાર અને તેમાં મહત્ત્વનું પ્રદાન કરનાર કલાકાર તે પાવલોવા. તેમના વિષે તથા ઉદયશંકરના સહકારમાં તેમણે રજૂ કરેલાં ભારતીય નૃત્યો વિષે આપણે કુમાર(અંક ૪૯૩)માં વિગતે જોઈ ગયા છીએ. પાવલોવાએ જેમ ઉદયશંકરને તેમ લા મેરીએ રામગોપાલને આંતરરાષ્ટ્રીય રંગમંચ પર દેશવિદેશમાં રજૂ કર્યા. (જુઓ 'કુમાર' અંક ૫૦૨, નવેમ્બર'૬૫.) આ ચપલ નર્તિકા લા મેરીનું મૂળ નામ રસેલ મેરીવેધર હ્યુજિસ. કારકિર્દીની શરૂઆત કરેલી વૅાડવિલ અને નાઈટ ક્લબના કાર્યક્રમોમાં ભાગ લઈને, પણ 'ભાગ્યમાં લખેલું' તે બાઈ ઊતરી ભારતને કાંઠે. બૅંગલોરમાં એક થીએટરમાં તેના 'નાચ'નો કાર્યક્રમ ગોઠવાયો. ગોરી લલના નાચવાની એટલે પછી તો પૂછવું જ શું? લોક તો કાંઈ ઊમટે! થીએટરનો પારસી મૅનેજર હેરાનહેરાન. એમાં બાઈને વળી 'ડાન્સ'માં એક 'પાર્ટનર' જોઈએ. મૅનેજરને કહે કે સાંજ પહેલાં કો'ક યુવાન નર્તકને હાજર કરો! લો કરો વાત! પણ મૅનેજર હતા પ્રત્યુત્પન્નમતિ. એમણે પાધરા પકડ્યા રામગોપાલને. અને થાળી વાજું રાજકુમારનો પોશાક અને આકર્ષક વ્યક્તિત્વ સાથે રામગોપાલ હાજર! ચપળ નર્તિકાએ એને પરખી લઈને સીધો મૂક્યો રંગમંચ પર. પછી તો પડદો ઊપડ્યો ત્યારથી તે પડ્યો એ ઘડી લગી લોકોનાં દિલદિમાગને ચક્કર ખવડાવે તેવા દેશવિદેશના નાચ એમણે રજૂ કર્યા. તેમાંય બે-ચાર કલાકમાં શીખેલ 'મારવાડી લલના'ના વેશે તે રંગભૂમિ પર ઊતરી ત્યારે તેનાં લટકાંમટકાં જોઈ બૅંગલોરવાસીઓ મોંમાં આંગળાં નાખી ગએલા!

(અનુસંધાન પૃષ્ઠ ૨૯૬)



'હંસ-સરોવર'–સ્વૅાનલેઇકમાં હંસારાણી તરીકે લા મેરી



↑ 'દેવમૂર્તિ' નામક એક નૃત્યમાં લા મેરી. જમણી બાજુ : ભરતનાટ્યસમ્મત હસ્ત-મુદ્રાઓનો સચિત્ર ખયાલ આપવા પોતાના પુસ્તકમાંનાં લા મેરીનાં ચાર ચિત્રો.



ભારતીય હસ્તમુદ્રાઓ દ્વારા ચાર ચિત્રોમાં લા મેરીનું ભાવદર્શન. જમણી બાજુ ઉપરથી અનુક્રમે : (૧) પ્રિયતમનું દર્શન, (૨) સર પર ગગરી, (૩) ડાળ પરથી પુષ્પ ચૂંટવું અને (૪) ઓવારણાં ('જેશ્ચર લૅંગ્વેજ ઑવ હિન્દુ ડાન્સ'માંથી)

ત્રણ એટલે ચાર

ચન્દ્રવદન મહેતાની

અંતરગડરી • ૭

મારીઓર આવ્યાને હજી ચાર જ દિવસ થયા એટલામાં તો કાચા સૂતરના તાંતણા જેવા સુકોમળ ગણાતા હૃદયમાં લાગણીના તંતુઓ તંગ અને ઘટ્ટ વણાટમાં ગૂંચવાઈ ગયા હતા. વાત સ્પષ્ટ હતી, પરંતુ દિવસની પ્રત્યેક પળ નવચેતનવંતી, અનેરા ઉત્સાહે પમરતી, સજાગ જીવંત ઉત્તેજિત અને સ્ફૂર્તિ થકી ભરપૂર બની ગઈ હતી.

તે સવારે ફ્લોરિયન ચઢી આવ્યો. 'મારું નામ ફ્લોરિયન, ચાલો ક્યાંક સારો નાસ્તો ખાઈએ. ફ્રેલિહને મેં ચિઠ્ઠીમાં કહી દીધું છે કે તમે આજે બ્રેકફાસ્ટ અહીં નહિ લો. એ બંને ભલે ઊંઘે, ચાલો. વાધા સજવાની જરૂર નથી, આમ જ ચાલો. મારી ગાડી નીચે ઊભી છે, એમાં ક્યાંક દૂર ભાગી જઈશું. તમારી પેઠે હું પણ વહેલો ઊઠનારો છું. ચાલો, એટલે વહેલા પાછા આવી શકીએ.'

દૂર દ્રાવાને કાંઠે એક નાનકડા રેસ્ટોરાંમાં અમે પાણીની પાળ ઉપર બાંધેલી છાપરી નીચે બેઠા હતા. સોડમ ભરી કૉફીના નાનકડા ઘૂંટ જીભ પર જરાજરા મમળાવી ગળામાં સેરવતા હતા.

'લાવો તમારો હાથ, હું તમને અભિનંદન આપું છું. બબ્બે પરણેલી ખૂબસૂરત બાનુઓના એકીસાથે દિલ જીતી અમારા આ નાનકડા ગામમાં તમે તો વિક્રમ સરજ્યો છે. હું તમને ઓળખું છું. તમે મને નથી ઓળખતા. મારી ઓળખાણ મારી વહુએ તમને આપવી જોઈતી હતી, પણ એની બહેનપણીની ઓળખાણ આપવામાંથી ઊંચી જ નથી આવતી. હવે હું તમને મારી વહુની ઓળખાણ આપું. એથી કદાચ તમે મને થોડો ઘણો ઓળખી શકશો.'

'અમારા પડોશી ઈટાલિયન. વચ્ચે એડ્રિયન સાગરનો એક મોટો અખાત; ના અખાત કહેશો તો એ લોકો ખળભળી ઊઠશે. હું ઈટાલીમાં ભણ્યો બે-ત્રણ ઠેકાણે ભણ્યો, ઉપરાંત એ લોકોના સંસારની અનુભવપોથી વાંચીને પણ ઘણું શીખ્યો. ડગલે ને પગલે અમે 'બારોક' શબ્દ સાંભળીએ. રાજવ્યવસ્થા, શહેરની બાંધણી, શિલ્પકળા, સંગીત, નાટક, કવિતા, નવલકથા બધામાં મારા વહાલા બારોક શબ્દ વાપરે. બારોક નાટક કે બારોક કવિતા કે ચર્ચની બારોક બાંધણી એ તો જાણે સમજ્યા, પણ આ ખોપરીધરો પ્રેમના ક્ષેત્રમાં પણ બારોક પ્રેમનું વર્ણન કરતા થઈ ગયા, ત્યારે અમારી બુદ્ધિનાં ઘેન ઊડવા લાગ્યાં.

મજા જુઓ સાહેબ! છીપલીના કોચલાની અંદર પૂરેપૂરાં ન બાઝયાં હોય, યા અસામાન્ય ઘાટમાં મોતી બંધાયાં હોય એને બારોક મોતી કહેતા. દુંદાળા વેપારી ગઠિયાઓ જ એનો પૂરેપૂરો અર્થ સમજે. અભણ આમ જનતાનો એ શબ્દ. તો બીજે પક્ષે બેનેડીટો ક્રોચે જેવા વિદ્વાન ફિલસૂફોએ તારવી બતાવ્યું કે આ તો ઠોઠ નિશાળીઆઓ ભણાવવા તર્કશાસ્ત્ર કે પ્રમાણશાસ્ત્રમાં આપેલી બે દલીલનાં જે ચઢઊતરનાં ચાર પગથિયાં એમાંનું બીજું વિધાન-સૂત્ર. કેમ સાહેબ, કંઈ ગમ પડી? તે બારોક...! ટૂંકમાં હાથે કરીને ઊભી કરેલી ગૂંચ. સાધારણ શબ્દોમાં વ્યાખ્યા બાંધીએ તો સીધી વાતને આડે રસ્તે દોરવી લઈ, એમાં આડીટેડી ફાચરો મારી ઉકેલની કપરી અઘરી બનાવટ. ઉકેલ લાવવા જાઓ, તેમતેમ ગૂંચ વધતી જાય, શું સમજ્યા રાજા! મોતીના ઘાટ સમજવા આ મથામણ, કે તર્કશાસ્ત્રમાં આ અટપટી કસરત. ઠીક છે, વેપારીઓ અને વિદ્વાન શિક્ષકોને મુબારક. એક બાજુ આમ વર્ગના વેપારીઓ, બીજી બાજુ ખાસ વર્ગના પંડિતો, બંને એકઠા થઈ બેઠા બારોકમાં. કવિતામાં બારોકવેડા લાવ્યા, તો ભાઈ સમજ્યા કે ઠીક છે, જે લખે એ વાંચે અને બીજો વાંચે એનો પરમેશ્વર. પણ પરમેશ્વર પણ જો કંઈ સમજે તો, સાહેબ! આખી આ સરજત, આ સૃષ્ટિ શરતમાં હારું. પણ કવિતા છોડી આ બંગ નાટકમાં પેઠો. ના ના, સાંભળો, એમ કંટાળે નહિ ચાલે, નાટકના લખાણમાં અને નાટકશાળાની બાંધણીમાં; પછી તો આપણે માથાના વાળ જ ઉતરાવવા રહ્યા ને? દેવળોની બાંધણીમાં બારોક શૈલી લાવ્યા, શેઠ! શૈલી શબ્દ પણ ઘુસાડયો, એ તો ઠીક, કારણ દેવળમાં દેવને રહેવું છે, પણ નાટકશાળામાં તો પ્રેક્ષકે નાટક જોવું છે. નાટકશાળાની બાંધણી જોતાં તો એ આંખ આડા કાન કરે, કરે જ છે! પણ નાટકની ગૂંથણીમાં ગૂંચના લોચાનો કોઠો ખડો કરી દે, તો એ ચકરાવામાં ચઢેલો પ્રેક્ષક આખરે તો તમરી ખાઈને બેભાન જ થઈ જાયને? હું તો થયો છું, ભાઈશા'બ!'

'કહું છું કે ધન્ય છે આ ઈટાલિયનોને અને સાથેસાથે અસ્પાનિયનોને. દેવળથી માંડી બંગલા વાડી વજીફા, બાગમેદાન, બધે જાલીમ કોતરણી ઠાંસીઠાંસીને ભરી, એક જ બીબું. એવાં બીબાંની લંઘાર, સમતોલપણું સરખી રેખાઓમાં આંટીઘૂંટીની આડીઅવળી ક્રિયા કરામત, સાદી ગૂંચને અઘરી બનાવી, એમાંની ઉકેલની શકયતાઓને મરોડીમચોડી, અલપાવી છુપાવવા જેટલું ભેજું આડરસ્તે ચઢે એટલું ચઢાવી બધા જ પ્રયત્નો કરવા, અને કર્યા, ને ભલભલા મહારથીઓએ એવા શિલ્પનું ઈટાલિયન છાપનું શાસ્ત્ર રચી આપ્યું.

વારુ એ તો જાણે આપણે માફ કરીએ, પરંતુ પ્રેમમાં પણ બારોકવેડા ઉતાર્યા! એ કેમ સહ્યું જાય! છોકરી ગમી, કે એની સાથે સીધી વાત નહિ કરવાની, પહેલાં છોકરીના દિલનો વિચાર નહિ કરવાનો, ફૂલના ગુચ્છા એમાંના રંગ એની સજાવટ, એની બનાવટ, એની ગોઠવણ, રચના આયોજન, એ ગુચ્છો કયા હાથે કેટલી આંગળીએ કેમ પકડવો, કેટલા વાગ્યે છોકરીની આગળ ધરવો, ધરતાં કેવો પોશાક પહેરવો, છોકરી સાંભળે તેમ કયા છંદમાં કેટલા અર્થ થઈ શકે એ ગોઠવી કેવા દૂહા કઈ ઢબે ક્યાં ઊભા રહી કેટલા અવાજે લલકારવા, સાથે કેવી જાતનું તુનતુનિયું એટલે કે સાથે વગાડવાનું તાર-તંબૂરનું વાજું રાખવું, અહહહ, એ બધાનો પાકો વિચાર કરવાનો, એ વમળોમાં અટવાતા રહો અને ખુદ છોકરીને તમે ભૂલી જાઓ તો ઇસમેં કયા! કુછ નહિ.

પણ ભૂલી જ જાઓને, સાહેબ! ખયાલ તો કરો! આવી અટપટી રીતે પ્રેમ જાહેર કરવાનો હોય, ખટપટભરી કવિતા લલકારવાની હોય, ઘાટને ઘૂંટીઘૂંટી, આંટીકાંટીથી કોતરીખોતરી ઈમારત ઊભી કરી હોય એમાં પ્રિયતમા સંશોધવાની હોય, અને ત્યાં જતાં ભુલભુલામણીથી ભરેલા બાગમાંથી પસાર થવાનું હોય, તો ભલા આપણા તો બાર વાગી જાય, જાકિટના રંગમાં બંધબેસતા રોગાનનું બેરિયું તપાસવા રહું કે છોકરીનું દિલ જીતવાના ઉમળકાને ઢંઢોળવા રહું! ભણ્યા ઈટાલીમાં, પણ અમે આ બારોકના શાસ્ત્રથી ભડકયા, અને નાઠા. ઈટાલીના રાજકારણમાં દાખલ કરેલા બારોકની જો વાત કરું તો તમે હાંફળાફાંફળા થઈ જાઓ. કાયદો, ધારો, ધોરણ, પ્રથા, નિયમ, પેટાનિયમ, એમાં એક નિયમના પેટા-નિયમથી તદ્દન વિરુદ્ધનો બીજા નિયમનો પેટાનિયમ, એવા અનેક આડકતરા નિયમો, વાંચે એક અને સમજે બીજું, જે વાંચે તે બીજાને સમજાવી શકે નહિ, જગતમાં જેની જોડી મળવી મુશ્કેલ એવી ઇકોતેર પેઢીએ પણ ન ઊકલી શકે એવી આંતરગૂંચવણી, એવા કાયદાઓના અમલમાં કરની આંકણી અને કરનું

ભરણું; જકાતના ધારાધોરણ અને એની ચૂકવણી, સરકારી દફતરોમાં અટવાતાં, પીંખાતાં, બદલાતાં અને આખરે ખોવાઈ જતાં કાગળિયાં ઓચરિયાં, એમાંથી સામાન્ય માણસે કાઢવાનો પેટગુજારો, અને કર્મધર્મની બજાવવાની ફરજો, એનો તો અંદાજ કાઢવો મુશ્કેલ–આપણે ભણ્યા, પણ ત્યાં ગણ્યા નહિ; નાઠા. આવ્યા અમારે દેશ–જીવનભરના બારોકના કટ્ટા શત્રુ થઈને. જો મેં બારોકની શૈલીએ પ્રેમના પ્રકરણનું ફક્ત મથાળું જ બાંધ્યું હોત તો મને મળેલી જીવનભરની અનુપમ સહચરી ઍડા ન મળી હોત!

એ અમારા પહાડોમાં આવેલા પોયેન્નાની ગિરિગોહનાં બે અલૌકિક સ્થાને અમે બે વાર અચાનક ભટકાયાં, ત્યારે અમે નાનાં, પણ ત્યારથી હૈયામાં અરસપરસના પ્રેમનાં મૂળિયાં નંખાએલાં, અને વરસેક દિવસ મનમાં જ લાગણીઓને નાણીપ્રમાણી જોઈ તાળો મળી રહેતાં આપણે બન્દા એને બારણે જઈ ઊભા. એણે મને આવતો જોયો હતો, એટલે તરત બારણું ખોલ્યું. અને પૂછ્યું 'કેમ પધારવું થયું?' મેં કહ્યું, 'તારા હાથની અને હૈયાની માગણી કરવા બીજું શું હોય?' બારણામાં જ ઉંબરે એકબીજાની સામે જોતાં પહેલાં ગંભીર વદને પછી ધીમે ધીમે મલકતાં ચહેરે અરધોએક કલાક ઊભાં હોઈશું, અલબત્ત હાથમાં હાથ તો પહેલી બે મિનિટમાં જ પરોવાઈ ગયા હતા, પણ હૈયાને એકબીજામાં ઓગાળતાં એટલી વાર લાગી હશે. તે મધમાખણમાં ઓગળેલા એકબીજાના હૈયાને, જુદાં પાડવાં મથો તો કોઈ કાળે છૂટાં થઈ શકે નહિ એવાં ભળી ગએલા રહ્યાં છે.

પ્રીતનો તંત એવો છે. પ્રેમ સ્વયંભૂ હોય તો તે કુદરતી રીતે સહૃદયી અને સરળ વક્તાને જ હોઈ શકે. ઍડાનો અભ્યાસ પણ મારીબોર બહાર, થોડોક વખત અહીં, પછી ઝાગરેબ, અને પછી વિયેનાની વિદ્યાપીઠમાં. ત્યાં એને પણ બારોક નાટક અને નવલકથા વિષે ભણવાનું આવ્યું અને અમે બંને ઍન્ટિ બારોક બની ગયાં.

પણ આને મારી ઓળખાણની પ્રસ્તાવના રૂપે ન ગણશો, અમારા બેના પ્રેમસંબંધની પ્રસ્તાવના રૂપે ગણશો. અને અમારા પ્રેમનું પીઠબળ. હૃદયનો સંબંધ એ જ પ્રમાણે અમારા દેશનું આ દિશામાં બધારણ આ દેશનો દિમાગ સમજો.'

'એ ન સમજાયું' મેં કહ્યું.

'અમે ઍન્ટિ બારોક એ તો સમજ્યાને? ઍન્ટિ ઈટાલિયન છાપનું બારોક, એમ અમારો દેશ પણ એ પ્રકારના બારોકથી ઍન્ટિ. પ્રેમની બાબતમાં અમે સીધા. ન ખટપટ, ન ઓંટાકાંટા, ન બનાવટ, ન આંટીઘૂંટી. એથી જ અમે અમારા પ્રેમસંબંધની બાબતમાં સુખીછીએ.'

'અમે એટલે તમે બે કે...'

'મોટા ભાગની અમારી પ્રજા.' 'યૂનિકા!'

'તમે પૂછવાના જ, એવી મને દહેશત હતી. યૂનિકાના પતિના આચારવ્યવહારમાં યુગોસ્લાવિયાનો હિસ્સો કેટલો? અસલ બાળપણથી બહાર, અને પછી કંઈક બંદરનો સહેલાણી. એની સમાજવ્યવસ્થા. એની આગબોટ, એમાં ધર્મશાળાની માફક આવતાં-જતાં પ્રવાસીઓ. ઍડા અને હું બહાર ભણ્યાં, પણ અમારાં મૂળ તો અહીં જ.'

'તમે એકબીજાના ધબકારા પ્રમાણતાં ઍડાના આંગણામાં ઊભાં રહ્યાં એ ચિત્ર સુંદર હતું. પછી—'

'એ ચિત્ર સુંદર જ છે. એ પ્રેમ એવો જ નિરંભરનો સભર રહ્યો છે. અમે સાદાઈથી ઠાવકાઈથી પરણ્યાં. અમને એક પુત્રી થઈ છ સાત વર્ષ લગ્નને થયાં, પણ જાણે હમણાં જ પ્રેમની રમત શરૂ કરી છે તેવું લાગે છે. ગઈ સાલ તમે આવ્યા. ઍડાને તમે ગમ્યા, એ ભાવથી ઉભરાતી છોકરીને તમને મળ્યા બાદ લાગણીના ઉછાળા આવ્યા. તમે પણ ઍડાને તમારા દિલમાં સ્થાન આપી બેઠા. જાણો છો, મિ૰ મહેતા! મારે તમારો ઉપકાર માનવાનો છે.'

'મારો? ફરીથી મને ન સમજાયું.'

'તમારા પ્રેમ થકી મેં ઍડાને નવા સ્વરૂપમાં જોઈ, વધારે ઓળખી. મને માફ કરશો, તમે જે બે-ત્રણ કાગળો ક્રેલિહ ઉપર લખ્યા હતા, એમાંના એક કે બે ઍડા ઉપર પણ હતા. એ મેં વાંચ્યા હતા, કારણ અચાનક એ પહેલાં મારા હાથમાં આવ્યા. તમે શું લખશો, એની મને દહેશત અને ચિંતા હતી.'

'એમ? મેં કંઈ અજુગતું તો...'

'સાંભળો, મને એમ કે ઍડા તમારે માટે લાગણી રાખે છે અને તમે કદાચ એને ના લખો એ ઠીક નથી, કે તમને એને માટે કશી લાગણી છે જ નહિ. એવું એના કાળજામાં ઘા પડે એવું લખી બેસો, એની મને ચિંતા હતી. પણ તમારો કાગળ વાંચી મેં મનમાં અત્યંત રાહત અનુભવી.'

'એમ? કેમ?'

'ઍડાના સુખે હું સુખી. ઍડા મારી છે, એને મારે માટે જે લાગણી છે એમાંથી એ તસુ કે તલભાર પણ ચસવાની નથી, એવો મને વિશ્વાસ, તો પછી એ બીજી કોઈ રીતે વધારે સુખી થતી હોય તો મારે એમાં શા માટે પ્રફુલ્લિત ન થવું! યાદ છે, ગઈ વખત એ કહેતી હતી કે એને નાટક કર્યા બાદ બહુ થાક લાગે છે. અને તમે એકાદ-બે સાદી યોગની, મનની મદદે અમુક કલ્પના કરી કસરતો બતાવી હતી?'

'હા, યાદ છે, ક્રેલિહને ત્યાં જ મેં એ બતાવી હતી, હજી એ કરે છે?'

'ખરી છે એ, તમને એ પોતાની જાતે કેટલી આળસુ છે તેમ કહેતી હતી, પણ તમારા ગયા બાદ અમારા દેશમાંના કોઈ પણ બુકસેલરને એણે છોડયો નહિ હોય. જ્યાંથી યોગ ઉપર જેટલાં પુસ્તકો મળ્યાં તે એણે મંગાવ્યાં, એને વાંચી અમલમાં મૂકવા માંડયાં. તમને એ પહેલા કરતાં વધારે સશક્ત, તંદુરસ્ત, ને એથી જ વધારે ખૂબસૂરત ન લાગી?'

'તમે મને બોલવાનો પ્રસંગ જ ક્યાં આપ્યો છે? કહેવા દો તો કહું વધારે સુંદર અને વધારે વહાલી.'

'સારું થયું તમે મને કહ્યું તે, હમણાં જ જઇને એને કહીશ. એ કેટલી ખુશી થશે. જે રીતે એ તમારી વાતો કરે છે, તમારે માટે માન અને લાગણી બતાવે છે, અમારી નાનકડી લાડકી દીકરીને રમાડતાં તમારા જેવી હોશિયાર થવા, સમજદાર થવા લાડમાં અન્યોન્યના પોતે જ સંવાદ બોલે છે, એ બધું જોઉં છું, સાંભળું છું, તેમ એ મારી નિકટ ને નિકટ આવતી મને લાગે છે.' 'એમ?'

'હાસ્તો, અમારા બે માત્રની દુનિયામાંથી એ બહાર ડોકિયાં કરે, નવું જાણે શીખે અનુભવે, એની હૃદયવેલ પાંગરતી રહે, એનું હૃદય વિશાળ બનતું રહે, એથી સ્વાભાવિક છે કે એ મને વધારે ગમે. એની વિશાળતા સાથે મારે પણ વિશાળ થતું રહ્યું, બંને હૃદયનો સુમેળ જાળવવો રહ્યો.'

'એની વિશાળતાની તે શું વાત કરું? યૂનિકાને એ મને સોંપવા માગે છે, સોંપી ખસી જવા...'

'પૂરું કરો વાક્ય—જો ફસાશો—પૂરું કરો.'

'નથી માગતી' મેં પૂરું કર્યું.

'ઠીક, બગડતી બાજી સુધારી લીધી. મિ. મહેતા, એ અત્યંત સ્વસ્થ છોકરી છે. ભોળી નથી, પણ સરળ હૈયાની છે. મને આવી પત્ની મળવા થકી હું મારી જાતને ઘણો ભાગ્યશાળી માનું છું.'

'અને આવી સ્ત્રી-મિત્ર મળવાના કારણે હું ધન્ય થાઉં છું.'

કલાકથી વધારે વાતો કરી, નાસ્તો ખાધો, મારીબોરમાં ઊગતા

તુલસી જેવા પત્તાની એ લોકો અવનવા નામે બે-ત્રણ જાતની ચા બનાવે છે, તેમાંની ચા પીધી, અને અમે ઊઠયા. મારતી ગાડીએ અમે ફ્રેલિહને ત્યાં પહોંચ્યા. એડા અને યૂનિકા બંને ત્યાં આવી ગયાં હતાં. ત્યાંથી અમે સૌ ચાલતાં ચાલતાં નાટકશાળામાં રીહર્સલમાં હાજરી આપવા ઊપડયાં. રસ્તે એડા મને કહે, 'તમને મારો વર ગમ્યો?'

'તમારા જીવનનું સૂત્ર જ અંતર-બહિર્ સમાન રાખવાનું છે. તમારા બંનેનાં દિલ એટલાં સાફ છે, એટલાં નિષ્કપટ છે, કે ભલભલા સેતાનને પણ એમાં કાળો ડાઘ પાડવાની હિમ્મત ન ચાલે.'

'રહેવા દો, હમણાં મારી પાસે ટાનીનું અંગ્રેજીમાં હિંદની પુરાણકથાઓનું પુસ્તક આવ્યું છે એમાં નળ-દમયંતીની વાત છે. ત્યાં કળિ એક સેતાન કેવા કારમા અને કડવા પ્રસંગો ઊભા કરે છે; નળના દિલમાં એક નહિ, પણ એને આખા જ કાળા થવું પડે એવી વેતરણ કરે છે.'

'એ આખ્યાન, વાતમાં ચિત્રણ, એટલે લોકજીવતરમાં કરતાં ડરે. તમે બે તો અહીંનાં છો. અહીં કોઈ કળિ તમને કનડશે નહિ.'

'અમે સપ્તાહમાં બે કે કદી ત્રણ દિવસ મળીએ છીએ, પણ ઘણી વાર અમારા અંતરની વાતો અમે પામી જઈએ છીએ.' એડા કહે.

'કારણ કે તમે બારોકના કૃત્રિમ ખયાલોથી જરા પણ ખરડાયાં નથી.'

નાટકશાળામાં અમે જ એકલાં બહારનાં હતાં. લંચ બધાં સાથે લેવાનાં હતાં. હું એકાદી બૉકસમાં જઈને ગોઠવાયો. ફ્લૉરિયન એની નાનકડી દીકરીને રમાડવા ઘર ભણી ગયો. થોડી વારે હું બેઠો હતો ત્યાં પાછળથી યૂનિકા એકલી આવી મારે ખભે હાથ મૂકી ઊભી રહી. મેં એને તરત બેસવાનું કહ્યું પણ એ બેઠી નહિ. દિલમાં વમળ ચાલે, ત્યાં શરીર શાંત શી રીતે બેસી શકે? મેં એનો હાથ પકડયો, એમ થોડી વાર કેડે એ મને બહાર ખેંચી ગઈ. બહાર, રસ્તા ઉપર, નાટકશાળાની સામેની પોસ્ટઑફિસ આગળ મને પગથિયાં ઉપર ઊભો રાખી, પોતે અંદર ગઈ. પાછી આવી ત્યારે એના હાથમાં બે કાગળો હતા. થોડું ચાલ્યાં, અને અમે પાછાં થીએટર પર આવ્યાં. ત્યાં મેં એને એના કાગળો વાંચી લેવા કહ્યું અને હું બૉક્સમાં જઈને બેઠો. થોડી વારે એ આવી, અને સ્ટેજ પર કશું થતું નહોતું, એટલે વાત કરવા મંડી. મને થયું કે આ આવેલા કાગળ સંબંધી કંઈ હશે. અને મેં એ સંબંધી સમાચાર પૂછ્યા પણ ખરા, ત્યારે એણે બંને કાગળો એમ ને એમ વગર ફોડેલા જ બતાવ્યા.

'એમાં શું હશે તે હું જાણું છું, એકની એક રોજિંદી વાત. બંને મારા પતિના છે; એની ટપાલ આ રીતે જ આવે છે, આવે ત્યારે એકઠી, નહિ તો કંઈ નહિ. અને બધામાં એક જ જાતનું લખાણ. એક નકલ ઉપરથી બીજી નકલ, ચાલ્યા જ કરે. હું ખરાબ છું, ભોટ છું, અક્કલ વિનાની છું, પોતે શાણા છે, મારા થકી જ એને દુઃખ છે, પોતે હોશિયાર નીતિમાન અને સંસારના સઘળા નીતિનિયમોના જાણકાર છે, એનાથી બને તે રીતે અમલમાં પણ મૂકે છે. મારે આ કાગળોની નવાઈ નથી, જે મને નવાઈ જેવું લાગ્યું તે મારે તમને કહેવું છે. એ કહેવા હું તમને બહાર લઈ ગઈ હતી, પણ મારાથી વાતની શરૂઆત જ ન થઈ. મારા સ્વભાવની એ ખાસિયત કહો કે દૂષણ કહો, મારે કહેવાનું ઘણું હોય છે, પણ વાતની શરૂઆત ક્યાંથી કરવી એની જ મને ગમ પડતી નથી.'

'યૂનિકા! સંસારમાં તને ઘણું ઓછું મળ્યું છે, ઓછું અનુભવ્યું છે એવાં એવાં કારણોને લઈને તારો આત્મવિશ્વાસ ઊઠી ગયો છે. એડા સાથે તું હરેફરે છે, એથી તને મોટો ફાયદો થયો છે અને...'

'મારે તમને એડા વિષે જ કહેવાનું છે. આજે સવારે એણે મને એક દિલ હચમચાવી દે એવી વાત કરી.'

'સુખદાયક કે દુખ:દાયક?'

'ઊહ...! શું કહું, બંને. મારા જીવનમાં મને હવે કશો રસ રહ્યો નથી, એવું જાણી એણે એક નવી સૂચના કરી.'

'હિન્દુસ્તાન જઈ, બને તો અહીંથી છૂટાછેડા લઈ ત્યાં કોઈ મનગમતા મૂરતિયા સાથે ફરી લગ્ન કરવાની.'

'મજાક શું કરો છો, સાંભળો. એડા કહે છે કે જો મારે હિન્દુસ્તાન જવાનું ન થાય, તો એ એની નાનકડી દીકરી મને દત્તક તરીકે આપવા યા મને ઉછેરવા સોંપી દેવા તૈયાર છે. નાનકી છે પણ એટલી મીઠી, મને ઘણી ગમે પણ છે.'

'જીવનમાં રસ ઉત્પન્ન કરવાની કેટલી સરસ યુક્તિ અને કઈ હદ સુધીની એની ત્યાગની ભાવના!'

'તમે બરાબર કહ્યું. હું તો અવાક્ થઈ એની સામે જ જોઈ રહી. ફ્લૉરિયનની રજા લીધી છે, એટલું પૂછવાની મારી હિમ્મત પણ ચાલી નહિ, અને આખરે કશો જવાબ આપ્યા વિના તરત હું એને ભેટી પડી. મારી આંખમાંથી તો આંસુ ટપકતાં હતાં અને એને જોઉં છું તો એ તો દાદીમાની માફક મારે માથે હાથ ફેરવતી મીઠું મલકી રહી હતી. કહે છે કે તારે જિંદગી સુધી આ માયા ન રાખવી હોય તો ન રાખતી, તું તારી દીકરી માનીને એને ઉછેર, તને એ ભારરૂપ થાય ત્યારે મને પાછી આપજે, નહિતર ઉછેર્યા કરજે. એના એ શબ્દો સાંભળી હું તો રડી જ પડી, આખરે મેં કહ્યું, તારી નાનકડી તે કંઈ એવું અદલબદલ કરવાનું કે ફેરબદલ કે આપલે કરવાનું રમકડું નથી, મારી જીવતરની તું આટલી દરકાર કરે છે, તો એની જિંદગીની કશી કિંમત જ નહિ? તો કહે, મારી નાનકડી તો કેવી નસીબદાર કહેવાય. બે રૂપાળી માતાઓ એની દેખભાળ રાખશે, બંનેના જતને એ જળવાશે તારે કંઈ વિચારો કરવાના નથી. અમારે ત્યાં તો ફરી પારણું બંધાશે. તું તૈયાર થાય ત્યારથી એ તારી. એડા હસીને આપે છે. આપીને આનંદ માણે છે. એ અને એનો વર, એ બે વચ્ચે કોઈ અજબનો મેળ છે, એમાં આવા વિચારોથી એમના મનોવિકાસમાં વધારો થાય છે.'

'બરાબર! પણ આખરે તેં શું નક્કી કર્યું?'

'નક્કી તો હજી કશું નથી કર્યું, પણ એક વાત જાણી, પ્રમાણી. આપણા ત્રણમાં તમારી વાત જુદી છે. એડા અને હું, એ બેમાં એડા સાગરથી પણ વિશાળ હૃદયની છે. સાગરને પણ મર્યાદા છે, આ તો આટલા નાનકડા હૃદયમાં શુંનું શું ભરી બેઠી છે. અને એનો વર ફ્લૉરિયન એડાથી જુદો કે અળગો નથી એ પણ એક નક્કર હકીકત છે.'

'કોણે કહ્યું કે તારામાં સમજણ કે અક્કલ નથી?'

'વાંચી શકો તો વાંચો આ મારા પતિદેવે લખેલા બે કાગળો.'

એમ કહી એણે એ બે કાગળો મારી ઉપર ફટકાર્યા. એમાંનો એક નીચે પડી ગયો, તે મેં ઊચક્યો, બીજો પણ સાથે ભેગો કરી, બંનેને એની હાથકોથળી ઉઘાડી અંદર મૂક્યા. એ બેઠી હતી, એની નજીક જઈ, એનું માથું મારી છાતું સરસું દબાવી, એના કપાળ ઉપરના ચાંલ્લા જેવા દેખાતા પેલા રતૂમડા મસા આગળ એક ચુંબન કર્યું, અને વાંસો પંપાળતો ઊભો હતો, ત્યાં જ એ બૉક્સમાં એડા, ફ્લૉરિયન દાખલ થયાં.

'ચાલો, તમારી વાત પતી હોય તો આપણે હવે કંઈ પેટપૂજા કરવા જઈએ. ફ્રેલિહ અને યાન્યા બહાર રાહ જુએ છે. તમારે જરા મોડા આવવું હોય તો...'

અમે એડાને આગળ બોલવા ન દીધી. ફ્લૉરિયને યૂનિકાને દોરી, એનો હાથ પકડી એને બહાર લઈ ગયો, એડા પણ તરત જ પાછળ પાછળ પગથિયે હું ઠોકરાઉં નહિ, એની કાળજીભરી સંભાળ લઈ, મને બાવડેથી પકડી બહાર લઈ ગઈ. (ચાલુ)

પચીસ વર્ષ પહેલાં

જુલાઈ ૧૯૭૩ અંક ૨૩૫

ધન્ય ચાતુર્ય વાનર

એક નગરમાં ચન્દ્ર નામે રાજા વસતો હતો. એના પુત્રોએ વાંદરાંનું જૂથ પાળ્યું હતું. રાજાના ભવનમાં નાના કુમારના વાહનયોગ્ય મેંઢાંનું ટોળું પણ હતું. તેમાંનો એક ઘેટો જીભના લોભથી નિત્ય રસોડામાં પેસીને જે દેખે તે ખાઈ જાય, અને રસોયો જે કાંઈ હાથ ચડે એનો તેના ઉપર છુટ્ટો ઘા કરે. આ જોઇને વાનરપતિએ વિચાર્યું: ‘આમાં તો વાનરોનું મૃત્યુ ઊભું થાય એમ છે; કેમ કે ઘેટો સ્વાદ-લંપટ છે, ને મહાક્રોધી રસોયો કોઈ દિવસે આમ સળગતું લાકડું મારશે તો ઊનને કારણે ઘેટો દાઝશે. પાસે જ ઘોડાર છે તેમાં તે પ્રવેશ કરશે એટલે ઘાસપ્રચુર ઘોડાર સળગશે તથા ઘોડા પણ દાઝશે. અને શાલિહોત્રે કહ્યું છે કે વાનરની ચરબીથી ઘોડાનો દાહદોષ શમે છે, એટલે તેના ઉપચાર સારુ આ બધા વાનરોનો નાશ થવો નિશ્ચય છે.’ આથી એણે સર્વે વાનરોને બોલાવીને એકાંતમાં કહ્યું: ‘જ્યાં ઘેટાની ને રસોયાની લડાઈ થાય ત્યાં વાનરોનો ક્ષય સમજવો. માટે રાજઘર તજીને આપણે વનમાં ચાલો.’ પણ મદોદ્ધત વાનરોએ એની વાત હસી કાઢી, ત્યારે આંસુભરી આંખે વાનરરાજ જંગલમાં ચાલ્યો ગયો.



એના ગયા પછી એણે ભવિષ્ય ભાખ્યા પ્રમાણે જ ઘેટો રસોડામાં ગયો. એના પર રસોયાએ બળતું લાકડું ફેંક્યું. સળગતે શરીરે ચીસો પાડતો તે ઘોડારમાં પેઠો ને ત્યાં ઘાસ પાથરેલી ભોંય પર આળોટ્યો એટલે સર્વત્ર આગ લાગી. તેમાં કેટલાક ઘોડા મરી ગયા.

રાજાએ વૈદ્યોને બોલાવી દાઝેલા ઘોડાની દાહ-શાન્તિનો ઉપાય પૂછ્યો. તેઓએ કહ્યું:

‘કપિમેદથકી દોષો વહ્નિદાહસમુદ્ભવ’,

એટલે ચરબી માટે વાનર સમસ્તનો વધ થયો.

આ જાણતાં વાનરપતિ આનું વેર કેમ લેવું તેનો વિચાર કર્યા કરે છે. એક વાર એ તરસ્યો થઈને કમળભર્યા સરોવરે આવ્યો. ત્યાં અવલોકનથી જણાયું કે વનચર તથા મનુષ્યો એ તળાવમાં ગયાનાં પગલાં છે, પણ નીકળ્યાનાં નથી. તેથી પાણીમાં મગર હશે એમ ધારીને કમળનાળ લઇને તેણે દૂરથી જ પાણી પીધું. ત્યાં તળાવ વચ્ચેથી રત્નમાળાધારી રાક્ષસ નીકળ્યો ને કહ્યું: ‘કપિરાજ, આ પાણીમાં જે પેસે તે મારું ભક્ષ્ય થાય છે, પણ તેં આ રીતે પાણી પીધું એ તારી ચતુરાઈથી હું પ્રસન્ન છું. વાંછિત વસ્તુ માગી લે.’ વાનર કહે: ‘તારી ભક્ષણશક્તિ કેટલી?’ તે બોલ્યો: ‘લાખ પેસે તો લાખને મારું.’ વાનર કહે: ‘એક રાજા સાથે મારે મોટું વેર છે, એટલે જો આ રત્નમાળા તું મને દે તો તે વડે રાજાને સપરિવાર લલચાવી આ સરોવરમાં મોકલું.’

રાક્ષસે આપેલી રત્નમાળા પહેરીને ફરતા વાનરને લોકોએ આવી અદ્‌ભુત રત્નમાળા વિષે પૂછતાં વાનર કહે: ‘એક વનમાં કુબેરનું રચેલું ગુપ્ત સરોવર છે, ત્યાં રવિવારે સૂર્ય અર્ધો ઊગ્યો હોય ત્યારે કોઈ ડૂબકી મારે તો તે આવી રત્નમાળા કંઠમાં પહેરીને નીકળે છે.’

આ સાંભળીને રાજાએ વાનરને બોલાવીને પૂછતાં વાનર કહે: ‘હા, કોઇને મારી સાથે મોકલો તો દેખાડું.’ રાજા કહે: ‘હું પોતે સકુટુંબ આવીશ, જેથી પુષ્કળ રત્નમાળા મળે.’ સૌ સરોવરે પહોંચતાં વાનર રાજાને કહે: ‘આપણે બંને છેલ્લા જઈશું જેથી મેં જોએલે સ્થળે તેડી જઈને હું તમને બહુ રત્નમાળા દેખાડીશ.’

પોતાનાં કુટુંબીઓને આવતાં વાર લાગી, એટલે રાજાએ કારણ પૂછતાં વાનરે ઝાડે ચઢી રાજાને કહ્યું: ‘હે દુષ્ટ રાજા, તારાં પરિજનને પાણીમાં રહેલો રાક્ષસ ખાઈ ગયો. મારા કુળનો તેં ક્ષય કર્યો એનું મેં આ વેર લીધું. પણ તું મારો સ્વામી છે, એટલે તને સરોવરમાં ન મોકલ્યો.’ આ સાંભળીને કોપાયમાન થએલો રાજા હાથ ઘસતો ઘેર ગયો. તેના ગયા પછી ધરાએલો રાક્ષસ પાણીમાંથી નીકળ્યો ને કહ્યું:

‘હણ્યો શત્રુ, કર્યો મિત્ર, રત્નમાલા ન હારિયો.
પીધું નાળથકી પાણી, ધન્ય ચાતુર્ય વાનર.’

પચીસ વર્ષ પહેલાંની પંચજીરી:

૧) રવીન્દ્રનાથની લઘુકથા, ૨) પંચતંત્રની પ્રબોધકથા, ૩) માર્ક ટ્વેઈનની પરાક્રમ(!)કથા, ૪) રતનપુરના અકીક અને ૫) રત્નવિહોણો સાગર.

ટીપાય તો મૃણ્મય ઘાટ થૈ શકે,
હટાય તો વૃક્ષ બીનું બની શકે;
સુકાય તો બિંદુ નભે ચડી શકે:
સમર્પણે માનવી દેવ થૈ શકે!

રમણલાલ સોની

અકિંચનનું ધન

· અનુષ્ટુપ ·

ગઈ લક્ષ્મી! ગયાં પદ્મો! છતાં હું પૃથિવિપટ
અનોખી સ્વસ્થતા ધારી ડોલતો શાથી અહીંવ?

ઐરાવત ગયો મૂકી, ઈન્દ્રના મ્હેલ ડોલવા;
પાંચજન્ય લીધો, કૃષ્ણે, કાળની વાણી બોલવા.

સૂર્યના સારથિ કેરાં સ્વીકારી મૂક ઇજનો
લાડીલો અશ્વ ખેડન્તો આભનાં નીલ કાનનો.

અમીકુંભ પીધો દેવે, પીધું રુદ્રે હલાહલ,
વિષ્ણુની ગૌર ગ્રીવાએ વિરાજ્યો મણિ કૌસ્તુભ.

ધન્વન્તરી ગયા છોડી પૃથ્વીનાં દર્દ ટાળવા,
ચન્દ્રમા આભમાં ચાલ્યા રોહિણી સંગ મ્હાલવા.

કામદુગ્ધા લીધી ઈન્દ્રે એષણા દિવ્ય પૂરવા,
પારિજાત ગયાં મોહી રાધિકા-વેણી ઝૂલવા.

સ્વપ્નની સુંદરી જેવાં રંભા ઇન્દ્રપુરી વસ્યાં,
વીરના બાહુએ બેઠા, ધનુષ કોટિપ્રભાવતાં.

સમૃદ્ધિ એ ગઈ ચાલી, છતાં નિર્ધન કાં નહિ?
છે હજી એક ‘મર્યાદા’: લાખેણું ધન એ સહી!

રતિલાલ છાયા

જીવનપરાગ

વિખ્યાત અમેરિકન હાસ્યલેખક માર્ક ટ્વેઈન (એનું સાચું નામ ક્લેમેન્સ) નાનો

પટ

કવિવર ટાગોરે પોતાની જીવનખેડના મધુર પરિપાકરૂપ અને કવિતાના રણકાવાળી લખેલી લઘુકથાઓ (લિપિકા) પુસ્તકાકારે બહાર પડી (અનુવાદક વિનોદ કોઠારી) તે પહેલાં 'કુમાર'-માં તે આજથી બરાબર પચ્ચીસ વર્ષ પહેલાં આવવી શરૂ થએલી. તેની પહેલી જ આ વાર્તા. (શ્રી રવિશંકર રાવળનાં ચિત્રોવાળી એ રૂપકડી ચોપડી 'લિપિકા'ની પહેલી આવૃત્તિ ખલાસ થઈ ગઈ છે. વાચકોની માગણી હશે તો બીજી આવૃત્તિનો વિચાર કરીશું.)

જે શહેરમાં અભિરામ દેવદેવીના પટ ચીતરે છે ત્યાં કોઈની સાથે તેને પહેલાંનું ઓળખાણ નથી. સૌ જાણે છે કે એ પરદેશી છે, ને પટ ચીતરવાનો એનો કાયમનો ધંધો છે.

તેને થાય છે: 'પૈસાદાર હતો; પૈસા ચાલ્યા ગયા. સારું થયું. દિવસ ને રાત દેવતાના રૂપનો વિચાર કરું છું, દેવતાના પ્રસાદથી ખાઉં છું, ને ઘેરઘેર દેવતાની સ્થાપના કરું છું. મારું આ માન કોઈ ખૂંચવી શકે એમ છે?'

એવામાં દેશનો પ્રધાન મરી ગયો. રાજા પરદેશથી એક નવા પ્રધાનને લાવ્યા. એથી તે દિવસે શહેરમાં ખૂબ ધામધૂમ હતી. કેવળ અભિરામની પીંછી તે દિવસે ન ચાલી.

નવો પ્રધાન તો ક્યાંકથી મળી આવેલો છોકરો હતો, જેને અભિરામના બાપે ઉછેર્યો હતો ને જેના પર પોતાના પુત્રથી યે વધારે વિશ્વાસ રાખ્યો હતો. એ વિશ્વાસ જ ગણેશિયું નીવડયો. તે વડે તેણે ડોસાનું બધું ય ચોરી લીધું. એ જ હવે પ્રધાન થઈને આવ્યો.

જે ઓરડામાં અભિરામ પટ ચીતરતો ત્યાં જ તેના ઠાકોરજીનું સ્થાનક હતું. ત્યાં જઈ હાથ જોડીને તે બોલ્યો: 'આટલા વખત સુધી રેખાએ રેખામાં ને રંગે રંગમાં હું તારું સ્મરણ કરતો તે શું આટલા માટે? આટલે દિવસે વરદાનમાં શું આ અપમાન આપ્યું?'

એવામાં રથનો મેળો ભરાયો. તે દિવસે કેટલા ય દેશના કેટલા ય લોકો તેના પટ ખરીદવા આવ્યા. એભીડની વચમાં એક છોકરો આવ્યો. તેની આગળ પાછળ રસાલો હતો. તે એક પટ પસંદ કરીને બોલ્યો: 'મારે આ લેવો છે.'

અભિરામે તેના નોકરને પૂછ્યું: 'આવો તે આ છોકરો કોણ છે?'

'આપણા પ્રધાનનો એકનો એક દીકરો.'

અભિરામે તે પટ ઉપર કપડું ઢાંકીને કહ્યું: 'મારે એ વેચવો નથી.'

એ સાંભળી છોકરો જિદે ચડયો. ઘેર આવીને એ તો ખાતો નથી પીતો નથી, અને મોં ચડાવેલું રાખે છે.

મંત્રીએ અભિરામને થેલી ભરીને મહોરો મોકલાવી. મહોરો ભરેલી થેલી મંત્રી પાસે પાછી આવી. મંત્રી મનમાંમનમાં બોલ્યા: 'આટલું બધું અભિમાન!'

જેમજેમ અભિરામની કનડગત થવા લાગી તેમ તે કહેવા લાગ્યો: 'આ જ મારી જીત છે.'

દરરોજ સવારમાં સૌપહેલાં અભિરામ ઇષ્ટદેવની એક છબિ દોરે છે. આ જ તેની પૂજા. બીજી કોઈ પૂજા તે જાણતો નથી.

એક દિવસે જુએ છે તો ચિત્ર બરાબર મનગમતું થયું નથી. કંઈક જાણે બદલાઈ ગયું છે. કેમે કર્યું તેને ગમતું નથી. આથી જાણે તેને મનમાં ને મનમાં મરવા જેવું થાય છે.

દિવસે દિવસે એ સૂક્ષ્મ ફેર સ્થૂલ થવા લાગ્યો. એક દિવસ અચાનક ચમકી ઊઠીને એ બોલ્યો: 'હં, સમજ્યો.'

આ જ તેને સ્પષ્ટ લાગ્યું કે દિવસે દિવસે તેના દેવતાનું મુખ પ્રધાનના મોં જેવું થતું જાય છે! તરત તે જમીન પર ફેંકીને એ બોલ્યો: 'પ્રધાનની જ જીત થઈ.'

તે દિવસે જ પ્રધાન પાસે પટ લઈ જઈને અભિરામે કહ્યું: 'આ લો પેલો પટ; તમારા છોકરાને આપજો.'

પ્રધાને પૂછ્યું: 'કિંમત શું?'

અભિરામે કહ્યું: 'મારા દેવતાનું ધ્યાન તમે ખૂંચવી લીધું હતું. આ પટ દઈને તે ધ્યાન પાછું લેવા માગું છું.'

પ્રધાન કંઈ પણ સમજી શકયો નહિ.

વિનોદ કોઠારી

હતો ત્યારે નિશાળમાં કાંઈક તોફાન કરવા માટે તેને પાંચ ડૉલર દંડ, અગર આખી નિશાળ સમક્ષ હાથ પર નેતરની સોટીના પાંચ ફટકાની સજા હેડમાસ્તરે કરી. ઘેર આવીને તેણે પોતાના પિતાને આ સજાની વાત કરી. પોતાના છોકરાને જાહેરમાં સજા થાય તે કરતાં દંડ ભરી દેવાનું સ્વાભિમાની પિતાએ પસંદ કર્યું. પણ સાથેસાથે કહ્યું: 'હેડ માસ્તરને આપવાનો દંડ તો હું ભરી દઈશ, પણ તારા આ ગુનાની સજા તને તો બરોબર યાદ રહેવી જોઇએ, એટલે તને હું અહીં પાંચ ફટકા મારીશ.'

પાંચ ફટકાની વેદના તો કલેમેન્સને બહુ થઈ; પણ બીજે દહાડે નિશાળે જતાં તેને એક બુટ્ટો સૂઝયો. પાંચ ફટકા ખાવાથી ઘડીભર વેદના જ થાય છે; કાંઈ મરી નથી જવાતું. માટે બીજા પાંચ ફટકા હેડમાસ્તરને હાથે પણ જાહેરમાં ખાઈ લઇને આ દંડના પાંચ ડૉલર આપણે ખિસાખર્ચ માટે રાખવા શા ખોટા?...અને તેણે નિશ્ચયથી બીડેલા હોઠે બીજા પાંચ ફટકા પણ જાહેરમાં ખાઈ લીધા.

મોટા થયા પછી ટ્વેઈન પોતાના મિત્રોને કહેતો કે એ પાંચ ડૉલર એ મારા જીવનની પહેલી કમાણી હતી.

રતનપુરના અકીક


દક્ષિણ ગુજરાતમાં ઝગડિયા અને લીમોદરાનો પ્રદેશ પ્રાચીન જૈન અને હિંદુ મંદિરો તથા તેમના ભગ્નાવશેષોની શિલ્પસમૃદ્ધિથી ભરપૂર છે. એ જ પ્રદેશમાં રતનપુર નામનું અત્યંત પુરાતન સ્થળ આવેલું છે, જેની ખાણોમાંથી નીકળતા કીમતી અકીકો માટે હિંદ પુરાતન કાળમાં દરિયાપારના દેશોમાં પંકાતું. ગ્રીક અને રોમન નોંધોમાં આ અકીકની કળાસામગ્રી ખૂબ વખણાઈ છે.

રતનપુરના અકીકના ઉદ્યોગનો ઇતિહાસ ઘણો પ્રાચીન છે. છ હજાર વર્ષ પૂર્વે જાહોજલાલી ભોગવતી બૅબીલોનિયન પાટનગરી 'ઉર'ના ખોદકામમાં એ અકીક સર લીઓનાર્ડ વૂલીને મળી આવેલા છે. આપણા પાંચ હજાર વર્ષ જેટલા પ્રાચીન મોહેં-જો-ડેરોમાંથી એ અકીકની કળાસામગ્રી મળી આવ્યાની વાત પ્રસિદ્ધ છે જ. આફ્રિકાના ઉત્તર અર્ધભાગમાં ઈથિયોપિયા અને ઇજિપ્તથી માંડી પશ્ચિમે છેક મોરોક્કો અને નાઈજીરિયા સુધીના વિશાળ પ્રદેશ પર પથરાએલા પુરાણા અવશેષોમાંથી વારંવાર અકીકની જે વિવિધ પ્રકારની કળાસામગ્રી મળી આવે છે તે રતનપુરની ખાણોના અકીકની છે એમ, એ. જે. આર્કેલ, એફ. એડીસન વગેરે પુરાવિદોનું કહેવું છે. રતનપુરના જે ડુંગર પર આ ખાણો છે તેને મહાભારતના વનપર્વમાં 'ભરુકચ્છ પાસે નર્મદાતટે આવેલો વૈદૂર્યશિખર પર્વત' કહ્યો છે.

ડૉ. લોહિયા-નિબંધ સ્પર્ધાનું પરિણામ

શ્રી મહેન્દ્ર ખાંડવાળા સૂરત તરફથી કૉલેજના વિદ્યાર્થીઓ માટે યોજાએલી 'ડૉ. લોહિયા: જીવન અને મૂલ્યાંકન' નિબંધ-સ્પર્ધા માટે આવેલા નિબંધોમાં જાણીતા સાહિત્યકાર શ્રી ભગવતીકુમાર હ. શર્માએ સૂરત મ. ઠા. બા. કૉલેજનાં કુ. મૃદુલાબહેન શાહનો નિબંધ ઇનામને પાત્ર ઠરાવ્યો છે.

વહાણકથા-૭



ઈ. સ. ૩૦૦ આસપાસના કાળમાં બ્રિટનને કાંઠે વસતા રોમનો પર નૉર્વે-ફ્રિશિયાનો ઉત્તર-સાગર વીંધી જર્મનીમાંથી સૅક્સન ચાંચિયા હુમલા લાવતા. તેઓ જેવા હિંમતબાજ લડવૈયા હતા એવા વહાણવટી નહોતા. ઉનાળાનો શાંત દરિયો જ તેઓ ખેડતા. અને એટલે જ, પાંચમી સદીમાં રોમનો પછી તેઓ બ્રિટનમાં વસ્યા ત્યારે ધીરેધીરે સાગર-જીવન ભૂલી જઈ ખેતી કરતા થઈ ગયા.

આઠમી સદીના અંતમાં ઇતિહાસનું પુનરાવર્તન થયું. ઉત્તરમાંથી નૉર્થમેન-નૉર્સમેન કે વાઇકિંગો બ્રિટન પર ચડી આવ્યા. તેઓ કુશળ વહાણવટી હોઈ સાહસ અને બ્રિટિશ દેવળોના વૈભવથી આકર્ષાઈ બ્રિટન ભણી વળ્યા હતા. એમનાં વહાણો છેડે-મોરે સાંકડાં, વચાળે પહોળાં અને સપાટ તથા તદ્દન છીછરાં પાણીમાં યે તરી શકે તથા જરૂર પડયે ઉચકીને કાંઠે મૂકી દેવાય એવાં હળવાં હતાં. નવમી સદીમાં એમણે ગ્રીનલૅન્ડ શોધ્યો હતો. વહાણોનું એમને મન એટલું બધું મહત્ત્વ હતું કે એમનો નેતા મરી જાય ત્યારે એને વહાણ સાથે જ દફનાવતા. ઈસવીસનના ત્રીજા સૈકાનાં એવાં વહાણો મળી આવ્યાં છે. પશ્ચિમી જહાજતના ઇતિહાસની આપણને એ સમયથી વિગતવાર માહિતી મળે છે.



મથાળે સૅક્સન વહાણ · ઉપર વાઇકિંગ વહાણ



આરધુ કરી

દૂત બને છે બાદલ, શ્રાવણ સ્રવે સુધા, ને શરદે
રાસ-લીલા, હેમન્તે ધાન્યો, જીવનરંગ વસન્તે;
ઉષા ઊગે છે આશાવંતી, સાંજ સુનહરી રંગે,
બેહિશ્ત જેવી મોસમ અહીંની, રાત-દિવસ ઉમંગે.

—અનલ મહેમદાવાદી

ચન્દ્રેશ હ. શુકલ: પત્રકારત્વ પારિતોષિકથી પુરસ્કૃત

જર્નાલિઝમ–પત્રકારત્વ આજકાલ કંઈક વધુ આકર્ષક અને થોડો સસ્તો બની ગએલો શબ્દ છે. આજે એની તાલીમ આપતા વર્ગો પણ ચાલે છે અને અનેક છાપાં ને સામયિકો પ્રકટ થતાં જાય છે. પણ એ વ્યવસાયનું સાચું ગૌરવ અને એની પાછળ રેડવી પડતી શક્તિની ખરી પહેચાન કદાચ મોટા ભાગનાને નથી. શબ્દોના સાથિયા પૂરી અખબારમાં થોડો વખત પાનાં ભરીને પત્રકાર બની જનારાઓની વચ્ચે આ ક્ષેત્રના પાયામાં જાત નીચોવી દેનારાઓની પૂરતી ઓળખ કે કદર લોકો તો ન કરી શકે પણ ખુદ એ ક્ષેત્રમાં પડેલાઓમાંથી પણ ઘણા એ બૂઝી શકતા નથી.

ચન્દ્રેશ હ. શુકલનું નામ ઘણાંને પરિચિત હશે. એમની 'ઈર્ષાની આગ', 'સુનીતા ઑફ, એમ.એ.', 'જીવતા સોદા' એ નવલકથાઓ તથા 'તૂટેલાં બંધન', 'એ પત્ની કોની?', 'ગરીબની ગૃહલક્ષ્મી' એ અનુવાદિત નવલો પણ ઘણાંએ વાંચી હશે. 'અર્ધું અંગ', 'ષોડશી', 'હૈયાસૂની' વગેરે એમની વાર્તાઓથી પણ પરિચિત હશે. એમનાં આ ને અન્ય લેખો દ્વારા થએલા પ્રદાન ઉપરાંત, એમણે ખરી શક્તિ તો પત્રકારત્વમાં રેડી છે. ચાર દાયકાની એમની એ કારકિર્દીની કથા પણ એવી જ પ્રેરણાદાયી છે.

ઈ.સ. ૧૯૦૯ની ૧૩મી એપ્રિલે વલસાડના એક અત્યંત ધાર્મિક ભાવનાવાળા અગ્નિહોત્રી કુટુંબમાં એમનો જન્મ થયો. એમની બે વર્ષની વયે પિતા હરિહર ગણપતરામ શુકલનું અવસાન થતાં માતા વિજયાબહેન પર જ એમના ઉછેરની જવાબદારી આવી પડી અને એમણે એ ઊજળી રીતે નિવેડી. વલસાડની આવાંબાઈ હાઈસ્કૂલમાંથી ૧૯૨૫–'૨૬માં બે વાર મુંબાઈ યુનિવર્સિટીની મૅટ્રિકની પરીક્ષામાં નિષ્ફળતા મળતાં મુંબાઈમાં પિતરાઈ મોટાભાઈ જયકૃષ્ણ હરિભાઈ પાસે રહી થોડો વખત દાવર્સ કૉલેજ ઑવ કૉમર્સમાં અભ્યાસ કર્યો, પણ વાચન-લેખન પ્રતિ વધુ આકર્ષણ હોવાથી એ વ્યાપારી વિષયોમાં રસ પડયો નહિ. સંજોગોવશાત્ એ અભ્યાસ છોડી નોકરી શોધવી પડી. દરમ્યાન સામયિકોમાં લેખો, વાર્તાઓ આદિ લખતા થયા હતા. એમાં વિધિયોગે ઈ. ૧૯૨૭ના આરંભમાં જ મુંબાઈના પ્રસિદ્ધ સાપ્તાહિક 'ગુજરાતી'ના તંત્રીખાતામાં તેઓ જોડાયા. ત્યાં સનાતની સાક્ષર અને પ્રાચીન સાહિત્યના અભ્યાસી પીઢ પત્રકાર અંબાલાલ બુલાખીરામ જાનીના હાથ નીચે એમણે પત્રકારત્વની તાલીમ લેવા માંડી.



'ગુજરાતી' પછી તેઓ અનુક્રમે 'હિંદુસ્તાન-પ્રજામિત્ર', 'જન્મભૂમિ' અને 'વંદેમાતરમ્'-માં ઉત્તરોત્તર પ્રગતિ કરતા ગયા. એમાં એમને ખરો પલોટ સામળદાસ ગાંધી પાસે 'જન્મભૂમિ' અને 'વંદેમાતરમ્'માં મળ્યો અને ધીમેધીમે એમના જમણા હાથ જેવા

થઈ રહ્યા. પછી તો 'આરઝી હકૂમત'ના નેતા તરીકે સામળદાસ જૂનાગઢ જતાં એમની ગેરહાજરીમાં એમણે એકલે હાથે લાંબા સમય સુધી 'વંદેમાતરમ્'નું તંત્ર સંભાળ્યું. સામળદાસના જવા સાથે 'વંદેમાતરમ્'ના વિલીન થયા પછી 'જામે જમશેદ'ના માલિકો તરફથી નવા શરૂ થતા સાંજના દૈનિક 'પ્રજામત'નું સુકાન એમને સોંપાયું, પણ એના પ્રારંભના ત્રીજે જ દિવસે એમના પર હૃદયરોગનો હુમલો થવાથી તેઓને પથારીવશ થવું પડ્યું, અને એમને અભાવે એ પત્ર પણ પ્રકટતાં અટકી ગયું.

એ બીમારી પછી લાંબા સમયે એમણે ફરી આ ક્ષેત્રમાં પ્રવેશ કર્યો ત્યારે 'મુંબાઈ સમાચાર'ના વિચક્ષણ તંત્રી સોરાબજી કાપડિયાની ભલામણથી પત્રમાલિક શ્રી એમ. એન. કામાએ એમને ઝડપી લીધા અને ઈ. ૧૯૫૫ની ૨૪ ઑગસ્ટથી શરૂ થએલી તેઓની ત્યાંની કામગીરી, ઈ. ૧૯૫૮ની ૨૫ એપ્રિલે ત્યાંના અગ્રલેખ-લેખક છબિલદાસ અંકલેશ્વરીઆનું અવસાન થતાં એ ટોચસ્થાને સ્થિર થઈ, આજ સતત એક દાયકાથી અદ્‌ભુત નિયમિતતા, ચીવટ ને ચોકસાઇથી અદા કરી છે. પ્રસંગોપાત તેઓને મુંબાઈ છોડી બહારગામ જવું પડે તો જ્યાં હોય ત્યાંથી નિયમિત ટપાલ દ્વારા પણ તેઓ અગ્રલેખ લખી મોકલે છે. માંદગીને બિછાનેથી યે તેઓ એનું લેખન ચૂક્યા નથી, એટલું જ નહિ, પણ વતનમાં આપ્તજનનું અવસાન થયું ત્યારે પણ સ્મશાનેથી આવીને એમણે 'સમાચાર'નો અગ્રલેખ લખી મોકલેલો.

પત્રકારત્વમાં પ્રાપ્ત કરેલો રાજકીય, સામાજિક, આર્થિક, સાંસ્કારિક આદિ નાનાવિધ ક્ષેત્રોને લગતો એમનો અભ્યાસ અને દૃષ્ટિ એમના વિશદ અને વિસ્તૃત અગ્રલેખોમાં પ્રતીત થવા ઉપરાંત એમનો સાહિત્યરસ પણ અવિચ્છિન્ન રહ્યો છે. એમની વાર્તાઓ, નવલકથાઓ વગેરેનાં અગિયાર જેટલાં પુસ્તકો છે. ગુજરાતી પત્રકારત્વનો ઇતિહાસ અને એનાં વિવિધ પાસાં નિરૂપતા એમના લેખો માહિતીસમૃદ્ધ અને પ્રેરક હોય છે. સ્ત્રીઓનાં શિક્ષણ અને સંસ્કારજીવનમાં એમને ઊંડો રસ હોઈ એ અંગે પણ એમણે ઘણું લખ્યું છે, એટલું જ નહિ પણ સ્વ. જયકૃષ્ણ વર્માનાં સ્ત્રી માસિક 'ગુણસુંદરી'નું એમણે ઈ. ૧૯૨૯ થી '૩૮–'૩૯ સુધીના દાયકા દરમ્યાન સંપાદન પણ કરેલું. પોતાની જ્ઞાતિની 'વિદ્યોત્તેજક સભા' સાથે પણ તેઓ વર્ષોથી સંકળાએલા છે. અને 'મુંબાઈમાં સમસ્ત મોઢ બ્રાહ્મણ સમાજ'ની પ્રવૃત્તિઓમાં પણ તેઓ સક્રિય ભાગ લેતા રહ્યા છે.

પણ એમનું લોહી તો પત્રકારનું જ છે. એ માટે જરૂરી એમની બહુશ્રુતતા અને પીઢતાની કદર ગુજરાતી સાહિત્યક્ષેત્રમાં આજ સુધી નથી થઈ એ ક્ષતિને ઉત્તર મુંબાઈની રોટરી ક્લબે હમણાં સુધારી છે. મુંબાઈના પત્રકારત્વના ઇતિહાસમાં ઉજ્જ્વલ નામ મૂકી જનાર બૉમ્બે ક્રૉનિકલના સમર્થ તંત્રી સ્વ. બેન્જામિન ગાઈ હૉર્નિમૅનના નામનો, એ ક્લબ તરફથી વર્ષના શ્રેષ્ઠ પત્રકારને અપાતો રૂા. ૧૦૦૦નો વાર્ષિક પુરસ્કાર આ વર્ષે 'મુંબાઈ સમાચાર'ના અગ્રલેખો માટે એમને મળ્યો છે એ ઘણા આનંદની વાત છે. ઈ. ૧૯૬૫માં અંગ્રેજી લેખો માટે તે મેળવનાર શ્રી વર્ગીઝ અને ઈ. ૧૯૬૬માં શ્રેષ્ઠ તરીકે વરાનાર મરાઠી પત્રકાર શ્રી પી. વી. ગાડગીલ જેવાની હરોળમાં સ્થાપિત થવા માટે એમને અભિનંદન આપીએ છીએ. અને ગયા માસ (જૂન)ની ૨૨મી તારીખે એ પુરસ્કારપ્રદાન સમયની પત્રિકામાંનાં ઉચિત પ્રશસ્તિ વાક્યો આ નીચે ઉતારીએ છીએ: 'His editorials in 'Bombay Samachar' have been noted by us for their straightforward, severe but constructive criticism and fearless independent approach'.

'Shri Yagnesh Shukla, as a veteran journalist of 40 years' standing, shines out amongst the very few and foremost leader-writers amongst the vernacular press in India. His leaders have been respectfully appreciated and jealously copied by others. In Gujarati Journalism he has rendered yeoman service since over 4 decades. In becoming the Leader writer of Bombay Samachar. He has reached the pinnacle of his journalistic career. His frank, fearless criticism of Government policies and his exposition of deep knowledge of international politics as well as sound economic and social background, has earned him deep respect and glory in the journalistic club. Religious subjects, social topics, philosophy, economics and finance are all within his easy grasp, while his lucid pen writes on any topic under the sun.'

સ્વ. શ્રી ભાનુશંકર હરિશંકર યાજ્ઞિક

નડિયાદની વડનગરા નાગર જ્ઞાતિમાં જન્મેલા શ્રી ભાનુભાઈનું એ સદ્‌ભાગ્ય હતું કે તેમનાં માતા શણગારલક્ષ્મી સુપ્રસિદ્ધ સાક્ષર શ્રી



ગોવર્ધનરામ ત્રિપાઠીનાં સગાં બહેન હતાં. આથી મામાનો સમૃદ્ધ સાહિત્યિક સંસ્કાર વારસો તેમના આ ભાણેજમાં અમુક અંશે ઊતર્યો હતો અને મામાની અંતિમ માંદગીમાં તેમની ખડે પગે સેવા કરવાનો અનન્ય લાભ તેમને મળ્યો હતો. ડૉ. કાન્તિલાલ છ. પંડ્યા, ચન્દ્રશંકર ન. પંડ્યા અને રમણીયરામ ગો. ત્રિપાઠી જેવા સમવયસ્કોના સહવાસમાં તેમનો ઉછેર થએલો. શ્રી કનૈયાલાલ મુનશી ને શ્રી મનસુખલાલ માસ્તર જેવા જેના સભ્યો આજે આપણી વચ્ચે વિદ્યમાન છે એ મુંબાઈના ગૂર્જર સભાના આદ્યસભ્યો પૈકી સદ્‌ગત પણ એક હતા.

કારકિર્દીની શરૂઆત તેમણે એન. એમ. ત્રિપાઠી કંપનીથી કરેલી અને છેવટ લગી તેના સહૃદયી શુભેચ્છક રહેલા. અહીં તેમણે 'સમાલોચક'ના સંચાલનમાં સક્રિય ફાળો આપવા ઉપરાંત શેક્સપીઅરનાં નાટકોનો કથાસાર ગુજરાતીમાં 'નાટ્યકથા રસ'ના બે ભાગ રૂપે આપેલો અને એક અંગ્રેજી-ગુજરાતી ડિક્ષનેરીનું સંયોજન કરેલું. ત્રિપાઠી કંપનીમાંથી ઇન્કમટૅક્સ ખાતામાં જઈ ક્રમેક્રમે આગળ વધી, અંતે તેના પીઢ અધિકારીના પદેથી નિવૃત્ત થયા હતા.

જીવનકલાના આ અઠંગ ઉપાસક ઝીણવટ, ચીવટ અને સંપૂર્ણતાના પ્રખર આગ્રહી હતા. વ્યાયામ અને આસનો ઉપરાંત તરવાનો જબરો શોખ. સાન્તાક્રુઝમાં અનેક તરુણોને તરતાં શિખવેલું.

નાનાં સાથે નાના અને મોટાં સાથે મોટા આ વત્સલ વડીલ તેમના સંપર્કમાં આવનાર સહુમાં જીવંત રસ લેતા અને સૌજન્ય તથા સહાનુભૂતિથી સહુનાં દિલ જીતી લેતા. નડિયાદના નિવૃત્તિનિવાસ દરમ્યાન ત્યાંની સાહિત્ય, શિક્ષણ અને સંસ્કાર-પ્રવૃત્તિઓમાં ઊંડો

રસ લેતા અને પોતાના જ્ઞાન તથા અનુભવનો લાભ આપતા.

તાજેતરમાં તા. ૮-૬-૬૮ના રોજ ૮૩ વર્ષની વયે તેમનું અવસાન થયું છે.

—લક્ષ્મીનારાયણ પંડ્યા



દસ વર્ષથી અંધાપો ભોગવતી (જમણી બાજુની) આંખમાં બબૂન વાનરની આંખનો કૉર્નિયા ચડાવ્યા પછી એ આંખ (ડાબી બાજુ) વડે હવે મોટા અક્ષરોવાળું લખાણ વાંચી શકાય છે. કેપટાઉનની એક હૉસ્પિતાલમાં આ ઑપરેશન કરવામાં આવ્યું હતું.

પર્વતારોહણમાં જરૂરી

પહાડ ચડતાં પહેલાં ચડાણને સરળ બનાવવા માટે તથા આપણાં શ્રમ, શક્તિ અને સમયના બચાવ માટે, અનુભવી સાહસવીરોએ કેટલાક નિયમો બનાવ્યા છે.

૧) શરીરને આંચકા મારીને ચડવું નહિ; ૨) ચડાણ કરતાં જરૂરી ગાંઠો શીખી લેવી જોઇએ; ૩) હમેશાં હાથની પકડ કરતાં પગની પકડ મજબૂત હોવી જોઈએ. પગ પર વજન આપતાં સમતુલા સહેલાઈથી જાળવી શકાય છે; ૪) એક પગ કરતાં બીજો પગ એક ફૂટથી વધુ ઊંચકવો ન જોઈએ; ૫) ચડાણ વખતે શરીરને ખડકથી દૂર છતાં ખડકને સમાંતર રાખવું જોઇએ; ૬) હાથની પકડ ખૂબ ઊંચે લેવી નહિ. આંખની સપાટીથી ૧ ફૂટ જેટલા અંતરે આવેલી પકડનો જ બને ત્યાં સુધી ઉપયોગ કરવો; ૭) બંને હાથ વચ્ચેની પકડોનું અંતર ૧।। થી ૨ ફૂટ કરતાં વધારે હોવું ન જોઈએ. વધુ ઊંચે આવેલી મોટી પકડો કરતાં નજીક આવેલી નાની પકડો વધુ સલામત છે; ૮) ચડાણ વખતે બંને હાથો ખડકની સપાટી પર સપાટ મૂકી ચડવાની કોશિશ કદાપિ કરવી નહિ, તેમાં ઘણું જ જોખમ છે; ૯) એક જ પકડ પર બંને હાથ કે બંને પગ એકસાથે કદાપિ ન રાખવા તથા એક જ પકડ પર લાંબો સમય સુધી આધાર રાખી ઊભા ન રહેવું; ૧૦) ચડાણ વખતે પગની કે હાથની આંટી ન આવે તેની ખાસ કાળજી રાખવી; ૧૧) ચડાણ લયબદ્ધ હોવું જોઈએ, જેથી શ્રમ કે થાક ન લાગે; ૧૨) ચડાણ કે ઉતરાણ કરતી વખતે કોઈ દિવસ બાજુ પરથી નીચે જોવાનો પ્રયત્ન કરવો નહિ આથી સમતોલપણું ગુમાવી બેસીએ છીએ. હમેશાં બે પગની વચ્ચેથી જ નીચે જોવું હિતકારી છે. આટલા સિદ્ધાંત પ્રમાણે ચાલનાર પર્વતખેડુ કદાપિ નિષ્ફળ જતો નથી.

કોઈ પણ ખડક સપાટ આરસી જેવો તો હોતો જ નથી. તેમાં અનેક પ્રકારની નાનીમોટી કરચલીઓ, ચિરાડો, કાણાં, ખાડાટેકરા વગેરે મળે છે. આ બધા જ ભાગોનો ઉપયોગ કરી પહાડો ચડીએ તો આનંદ માણી શકાય છે. આરોહણમાં ચડાણ અને ઉતરાણ એ બે ભાગો છે. ચડાણને સામાન્યતઃ બે વિભાગમાં વહેંચી શકાય: ૧) કુદરતી; ૨) કૃત્રિમ બકરાં સડસડાટ પહાડ ચડી જાય છે, વાંદરાં કૂદકા મારી ચડી જાય છે, સાપ અને ધીલોડી પેટ ઘસીને સરકી શકે છે, પણ માનવીને આવી કોઈ કુદરતી શક્તિ મળી નથી. એટલે પર્વત ખેડનારાએ તેના હાથપગનો બુદ્ધિથી ઉપયોગ કર્યો. આંગળાંનાં ટેરવાં અને પગના. પંજા વડે તેણે પહાડ પર પડેલી તીરાડ કે ખાડાટેકરા પકડીને ચડવા માંડયું. આમ કંઈ પણ ભૌતિક સાધનોની મદદ વગર ફક્ત શરીરનાં અંગોની મદદથી બુદ્ધિબળે જ્યારે ચડાણ થાય તેને કુદરતી ચડાણ કહે છે. પરંતુ ચડાણ ઘણું કપરું હોય ત્યારે પર્વતારોહણનાં સાધનોનો ઉપયોગ અનિવાર્યપણે કરવો પડે છે. આ કૃત્રિમ ચડાણ-ઉતરાણને આપણે સામાન્યતઃ ઝાઝું મહત્ત્વ આપતાં નથી; પરંતુ પર્વતવીરની કસોટી તો ઉતરાણમાં જ થાય છે. ધીરજ, ચીવટ, શાંતિ અને હિંમત જો ન હોય તો ઉતરવામાં હમેશાં ગડથોલિયું ખાઈ જવાય છે. જ્યારે હું પહેલી વાર ઉતરાણ કરતો હતો ત્યારે મને તેની ભયંકરતાની ઝાંખી થઈ. હૃદયના ધબકારા તો વધી ગયા ને આજુમાં ઠંડા નપી તળાવનો પવન હોવા છતાં પરસેવે રેબઝેબ થઈ ગયો હતો, એટલે ઊતરવાનું તો ખાસ શીખવું જોઇએ. ખડક ચડાણ ઉતરાણની કેટલીક વિશિષ્ટ વાતો જાણતાં પહેલાં પહાડ ચડવામાં ઉપયોગી અંગોને મજબૂત બનાવવા નીચેની કસરતો કરવી જોઇએ: ૧) દંડ બેઠક જેનાથી હાથ-પગનાં હાડકાં તથા સ્નાયુ મજબૂત બને છે; ૨) આંગળીની કસરતો: રબરનો દડો લઈ તેને આંગળીથી દબાવ્યા કરવો. આથી તેને કસરત મળે છે; ૩) હાથનાં આંગળાંનાં ટેરવાં પર દંડ પીલવા, જેનાથી આંગળાં મજબૂત બને છે; ૪) પંજા પર દોડવું કૂદવું: આથી પગની પાની તથા પંજો મજબૂત બને છે; ૫) લાઠી ફેરવવી: આપણું સમગ્ર શરીર તેનાથી સ્નાયુબદ્ધ અને મજબૂત થાય છે. ૬) આંગળીના ટાચકા ફોડવા નહિ, કારણ કે તેથી સાંધા ઢીલા પડે છે; ૭) થોડા પ્રમાણમાં હાથમાં રેતી ઘસવી, જેથી હથેલી મજબૂત બને છે, પણ અજડની જેમ રેતી ઘસતા નહિ, નહીંતર મજબૂત થવાને બદલે ફોલ્લા થશે!

(જીવનદીપ)

—પરેશ ભટ્ટ

કૅનેડામાં મૉન્ટ્રીઅલ મુંબાઈ જેવું શહેર છે. સૌથી મોટું એ ગણાય છે. અહીં ટૉરૅન્ટો નગરમાં તો ભોંયરામાં રેલગાડી ચાલે જ છે, પણ મૉન્ટ્રીઅલમાં તો સમગ્ર શહેરના અમુક ભાગમાં ભોંયરામાં જ નાનકડા શહેરની રચના કરવામાં આવી છે. આ દિશામાં વિશ્વમાં કૅનેડા અગ્રેસર છે. એ ભોંયરામાં ન તો વરસાદ નડે, ન ગરમી, ન બરફ; એટલે શહેરના એ ભોંયરાના ભાગને ઋતુ વિનાની દુનિયા કહેવામાં આવે છે. એ ભોંયરા-નગરની રચના ૩૦ એકર જમીનમાં છે, જેમાં ૧૦ ઑફિસમકાનો, ૨૪૦ દુકાનો, ૩૬ રેસ્ટોરાં તથા ૨૨૦૦ જેટલા હોટેલના ઓરડા છે. આધુનિક જીવનની બધી સામગ્રી ત્યાં મળી રહે છે.

(પ્રબુદ્ધજીવન)

—દલસુખ માલવણિયા

દરિયાની કેટલી ઊંડાઈએ માણસ વસવાટ કરી શકે?

સાગરમાં ડૂબકી મારવાની માણસની ક્ષમતા નક્કી કરવા માટે અમેરિકી નૌકાદળ આવતા ઑક્ટોબરમાં સી–લૅબ ૩નો પ્રયોગ કરનાર છે. અમેરિકી નૌકાદળના બે સભ્યોએ એવું નિર્દેશન આપ્યું છે કે માણસ ૩૦૭ મીટર જેટલી ઊંડાઈએ કામ કરી શકે.

આ પ્રયોગ દરમિયાન આઠ આઠ માણસોનાં પાંચ જૂથો ૧૮૦ મીટરની ઊંડાઈએ વસવાટ કરશે. પ્રત્યેક જૂથ સાગરના પેટાળમાં બાર દિવસ ગાળશે અને સાગરતળની આ લૅબૉરેટરીની અંદર તથા બહાર વિવિધ પ્રયોગ કરશે. આ પ્રયોગનો મુખ્ય હેતુ ૨૨૫ મીટરની ઊંડાઈ પર સ-માનવ સબમરીનની બહાર ધાતું જહાજ વિકસાવવાને છે.

વિન્સ્ટન ચર્ચિલ જલસેનાના અધિકારી હતા ત્યારે એક યુવાન અમેરિકન પત્રકારને એમણે મુલાકાત આપતાં કહ્યું: 'તમને ખબર છે, આજ સવારથી અત્યાર સુધીમાં તમારા દેશના જ સાત પત્રકારોને મેં બહારથી પાછા વિદાય કર્યા છે?' ને એમણે ટેબલ પર પડેલાં વિઝિટિંગ કાર્ડ તરફ ઇશારો કર્યો. 'મને ખબર છે'; યુવાન પત્રકારે ખૂબ સ્વસ્થતાથી કહ્યું: 'એ સાતે હું જ છું.'

આ માસ (જુલાઈ) ઇતિહાસમાં

કરીમ મહમદ માસ્તર

વિટંબણાઓ સામે ઝઝૂમવાના આદર્શ સાથે જીવન સાર્થ કરી જનાર એક વ્યક્તિ-



વિશેષ સ્વ. કરીમ મહમદમાસ્તરે ગુજરાતી સાહિત્યમાં જેટલો ફાળો નોંધાવ્યો છે એટલો બહુ ઓછા મુસ્લિમ લેખકોએ નોંધાવ્યો હશે.

ગઈ સદીની આખરમાં સમગ્ર ખેડાજિલ્લામાં મહમદ માસ્તર નામે સુશિક્ષિત સુન્ની વહોરા ગૃહસ્થ પોતાના એખલાસ અને મળતાવડા સ્વભાવથી ઘણા લોકપ્રિય બન્યા હતા. ઈ. ૧૮૮૪ના જુલાઈની ૨૦મી તારીખે એમને ત્યાં પુત્રજન્મ થયો. બચપણથી જ એ તેજસ્વી બાળકે ઊમરેઠ અને નડિયાદમાં પ્રાથમિક ને માધ્યમિક શિક્ષણ લઈને કાઝી શાહબુદ્દીન સ્કૉલરશિપ મેળવવા જેટલી મેધા દાખવી. ગુજરાત કૉલેજમાંથી ૧૯૦૪માં બી. એ. થઈ દક્ષિણા ફેલો નિમાયા. ૧૯૦૬માં સ્ટાઇપેન્ડરી સ્કૉલર તરીકે સેકન્ડરી ટીચર્સ ટ્રેઇનિંગ કૉલેજમાં જોડાઈ એસ.ટી.સી.ડી. અને પછી એમ.એ. થયા.


એ પછી મુંબાઈની એલ્ફિન્સ્ટન હાઈસ્કૂલમાં થોડો સમય શિક્ષક તરીકે રહી તેઓ જૂનાગઢ હાઈસ્કૂલમાં હેડમાસ્તર તરીકે ગયા હતા. ત્યાં રહીને એમણે કાયદાનો અભ્યાસ કર્યો અને એ પછી સાત વર્ષ સુધી એમણે ત્યાંના પ્રોસિક્યૂટિંગ ઈન્સ્પેક્ટર તરીકે કામ કર્યું. પણ એમાં અનુકૂળતા ન જણાતાં એમણે સ્વતંત્ર વકાલતનો આરંભ કર્યો. ઈ. ૧૯૨૮માં રાધનપુર રાજ્યના દીવાનના જ્યૂડિશિયલ આસિસ્ટંટ થયા. ત્યાંથી ફરી જૂનાગઢની સદર અદાલતમાં સૅશન્સ જજ બન્યા. ૧૯૪૮માં તેઓ નિવૃત્ત થયા ત્યારે રાધનપુર હાઇકૉર્ટમાં જજ હતા.


આમ, જીવનમાં એમણે જુદાંજુદાં ક્ષેત્રોમાં કામ કર્યું, પણ એ સાથે એમની વિદ્યાની ઉપાસના તો ચાલુ જ હતી.

ઈ. ૧૯૦૯માં એમણે શ્રી હિંમતલાલ અંજારિયા સાથે 'કવિતાપ્રવેશ'નું સંપાદન કરેલું. ગુજરાતી કવિતા-સાહિત્યનો પરિચય આપવાનું એમનું એ એક મહત્ત્વનું ને પ્રશસ્ય કાર્ય હતું. એમની પોતાની થોડી કવિતાઓ અને પ્રકીર્ણ લેખો 'કરીમ મહમદનાં કાવ્યો અને લેખો'માં પ્રકટ થયાં છે. 'ઈસ્લામની ઓળખ' એ એમનો ગુજરાતી ભાષામાં આ પ્રકારનો અજોડ અને અભ્યાસપૂર્ણ ગ્રંથ છે. 'પંજ-સૂરા' અને 'મેરાજ શરીફ'એ ઈસ્લામ ધર્મની કથાઓ પર રચાએલી એમની પદ્યરચનાઓ છે. 'અસ્માઉલ હુસ્ના', 'ઈસ્લામની ઓળખ'ની સંવર્ધિત આવૃત્તિ, 'હઝરત મોહમ્મદ મુસ્તફા', 'પાર એ અમ્મા' ઇત્યાદિ એમની અપ્રકટ કૃતિઓ પણ તેઓ પાછળ મૂકતા ગયા છે. ઈ. ૧૯૬૨ની ૨૧ ડિસેમ્બરે એમનું અવસાન થયું.

પ્રસંગવિશેષ: હિંદુસ્તાનમાં પહેલી ટપાલટિકિટ, ૧ જુલાઈ ૧૮૫૨

આ માસ-જુલાઈની ૬ઠ્ઠી તારીખે નવી દિલ્હીમાં 'રાષ્ટ્રીય ટિકિટ સંગ્રહાલય'નું ઉદ્ઘાટન થયું.





ઈ. ૧૮૫૪માં બહાર પડેલી હિંદુસ્તાનની પહેલી ટપાલટિકિટથી માંડીને પરદેશમાં વપરાએલી ભારતની ટિકિટો અને જૂનાં દેશી રાજ્યોની ટિકિટો સુધ્ધાં આજ સુધીની બધી ટિકિટો એમાં છે. આખા હિંદુસ્તાનની પહેલી ટિકિટ બહાર પડી ઈ. ૧૮૫૪ના એપ્રિલમાં. એમાં મહારાણી વિક્ટોરિયાની છબિ હતી. એમાંથી ચાર આનાવાળી કેટલીક ટિકિટમાં ભૂલથી રાણીની છબિ ઊંધી છપાએલી. એમાં પરફોરેશન કે એની પાછળ ગુંદર નહોતાં. પણ એની યે પહેલાં ઈ. ૧૮૫૨માં ૧લી જુલાઇએ સિંધ પ્રાંત પૂરતી જ ટપાલટિકિટ બહાર પડેલી. સિંધના કમિશનર સર બાર્ટલ ફ્રીઅરે એ બહાર પાડેલી. ત્યારે રાજવહીવટ ઇસ્ટ ઇંડિયા કંપનીના હાથમાં હતો, એટલે મૂળ લાલ, વાદળી અને સફેદ એમ ત્રણ રંગમાં કાઢેલી એ ટિકિટની ગોળાકાર છાપમાં એ કંપનીના નામના પ્રથમાક્ષરો (E.I.C.) વાળી સંજ્ઞા ને તેની નીચે અર્ધા આનાની કિંમત લખેલી હતી. ચોમેર ગોળાકારમાં 'સિંધ ડિસ્ટ્રિક્ટ ડાક' એમ લખેલું. સંગ્રાહકોમાં એ ટિકિટ 'સિંધ ડાક'ને નામે ઓળખાય છે અને એનું ઐતિહાસિક મૂલ્ય મોટું છે.

ધન જોબન ને ઠાકરી, એના પર અવિવેક,
એ ચારે ભેળાં થયે અનરથ કરે અનેક.


પોતાના અંગરક્ષકસાથે પારી(સ)નારસ્તા પર ફરવા નીકળેલા ફ્રાન્સના રાજા ચોથા હેન્રીને એક ભીખારીએ પોતાની ટોપી ઉતારી નીચા નમી સલામ કરી એથી રાજાએ એટલી જ નમ્રતાથી એને સામે સલામ કરી. આ જોઈ અંગરક્ષકે કહ્યું: 'આપ બાદશાહ થઈ એક ભીખારીને આમ સલામ કરો એ ન શોભે.' રાજાએ કહ્યું: 'હું એને સામી સલામ ન કરત તો મારી માણુસાઈ જ મને કહેત કે ફ્રાન્સના આવડા મોટા સમ્રાટમાં એક અદના ભીખારી જેટલી યે સભ્યતા નથી!'

કહેવતોના અર્થ: 'કીડીને પાંખો આવી (તે મરવાની નિશાની.)'–ચોમાસાના પ્રથમ વરસાદ બાદ જમીનમાં બાફ થવાથી ઊભરાઇને નીકળતી પાંખોવાળી કીડીઓ રાત્રે દીવાને કે અન્ય અજવાળે અથડાઇને નાશ પામે છે એ ઉદાહરણ ઉપર રચાએલી આ કહેવતનો ઉત્તરાર્ધ પ્રબોધે છે તેમ ધન કે સત્તાના અભિમાનથી ઉધમાત કરતા પામર માણુસોનો વિનાશકાળ વહેલો જ આવે છે.

અનેકાર્થી એકાક્ષરી: 'આ'–ઉપસર્ગ તરીકે લગાડતાં નીકળતા વિવિધ અર્થો: શબ્દારંભે લાગીને–(૧) 'થી શરૂ કરીને' અથવા (૨) 'ત્યાં સુધી' એ અર્થમાં='આજન્મ', 'આકંઠ' (ગળા સુધી); (૩) અલ્પતા બતાવતાં='આકંપ'; (૪) ઊલટો અર્થ બતાવતાં='આગમન'; (૫) પ્રતિ કે પાસે દર્શાવતાં='આકર્ષણ'; (૬) ચોમેરનો અર્થ બતાવતાં='આવર્ત'; (૭) ઉપર પણું બતાવતાં='આરોહ'; (૮) શબ્દોને લાગીને નારી જાતિ બતાવતાં='સુશીલા'.



આ માસની પહેલી તારીખે ભારતના ટપાલખાતાએ બિહારના શાહબાદ જિલ્લામાં બ્રહ્મપુર ચોરસ્તામાં એક લાખમી પોસ્ટ ઑફિસ ખોલી તે નિમિત્તની ખાસ ટિકિટ.



દૃષ્ટિભ્રમનો નમૂનો: એક નજરે જોઇશું તો, જેનો સન્મુખ ભાગ નીચેની તરફ જમણી બાજુ આગળપડતો હોય એવો ઘન દેખાશે; બીજી નજરે જોઇશું તો જેનો સન્મુખ ભાગ ડાબી તરફ ઉપર થઇ ચડે છે તેવો ઘન દેખાશે. ઉલટાવીને જોવાથી પણ આવાં બંને દશ્યો જણાશે.



બ્રિટનના સસેક્સ પરગણામાં ઈ. ૧૯૬૦માં ફિશબોર્ન મુકામે મળી આવેલા એક પ્રાચીન રોમન પ્રાસાદમાંનું આ શોભન હવે તો તે સ્થળની સંજ્ઞા સમું ખ્યાતિ પામ્યું છે. ઇ.સ. ની પહેલી સદીના પાછલા ભાગનો એ મહેલ રોમનો સાથે ગાઢ મિત્રતા ધરાવનાર સ્થાનિક રાજા કૉગીડુબનસનો મનાય છે. એમાંના જડતરકામનાં આવાં સુંદર શોભનો સાથે ત્યાંથી એ કાળના રોજિંદા જીવનની પણ ઘણી સામગ્રીના સુંદર અવશેષો મળ્યા છે.



ભારે પવનો ને ધરતીકંપને ખયાલમાં રાખીને સાનફ્રાન્સિસ્કોના ગોલ્ડન ગેઈટ પુલની રચના એવી રીતે કરવામાં આવી છે કે એ બંને બાજુ સાડા તેર ફૂટનો ઝોળો ખમી શકે.

અનુસંધાન] લા મેરી [પૃ. ૨૮૫થી

પછી તો એને લગની લાગી તે લાહોર લગણ પ્રવાસ ખેડયો. ૧૯૩૬ના વરસની વાત. તાંજોર નજીકના પાપનાશમ્ ગામના ગુરુ વાડીવેલુ પિલ્લે પાસે અભિનય તથા ભરતનાટયમ્ શીખ્યાં અને મયલાપોરનાં ગૌરીઅમ્મા પાસે પદમ્. એ ગૌરીઅમ્મા હવે તો સાવ ખખડી ગયાં છે, છતાં આ વયે પણ મદ્રાસમાં રુકમિણીદેવી સંચાલિત કલાક્ષેત્રમાં હજી નૃત્યો શીખવે છે. લાહોર પહોંચી લા મેરીએ ગુરુ રામદત્ત મિશ્ર પાસે કથકની પણ યોગ્ય તાલીમ લીધી અને તખ્તા પર 'તતકાર' (પદચલન-ફૂટવર્ક)ની 'ધૂમ' મચાવવા માંડી.

લા મેરીએ ભારતનો બે વાર પ્રવાસ ખેડયો. ફરી તે ૧૯૩૭માં ભારત આવ્યાં અને નૃત્ય-શિક્ષણનો અભ્યાસ જારી રાખ્યો. શાસ્ત્રીય નૃત્યોના અધિકારી ગુરુઓ પાસે નૃત્યો શીખવાથી તેઓ નૃત્યોનું શાસ્ત્ર તેમજ હાર્દ પામી શકયાં. તેમણે પચ્ચીસેક સ્વતંત્ર નૃત્ય-રચનાઓ પણ કરી છે. એમાંથી 'ઈન્ડીઅન ડાન્સ'માં 'દેવીમૂર્તિ', 'દશ્યકાવ્ય', 'કૃષ્ણગોપાલ', 'સ્વર્ગમાં ગોબા', 'ઋગ્વેદની ઋચાઓ', 'ચિદમ્બરમનાં (નૃત્ય) કરણો', 'ગંધર્વ અને અપ્સરા' તથા 'બુદ્ધ-જીવનના પ્રસંગો' વગેરે જાણીતાં સર્જનો છે.

આ ઉપરાંત લા મેરીએ ત્રણેક 'બાલે'નું સંકલન પણ કર્યું. 'સ્વૅાન લેઇક' 'શેહરેઝાદ' અને 'ધ બાખ-ભરત-સ્યૂટ'. પૂર્વ અને પશ્ચિમની કળાઓનો સમન્વય કરવાનો તેમણે 'ધ બાખ-ભરત-સ્યૂટ'માં પ્રયોગ કર્યો છે. સંગીતની રજૂઆત વગેરે બધું પશ્ચિમી, પણ જે નૃત્ય પદ્ધતિનો વિનિયોગ કર્યો છે તે છે ભરતનાટયમ્. જ્હૉન સેબાસ્ચીઅન બાખ એ વિખ્યાત જર્મન સંગીતકાર. તેમના સંગીતના પાંચ ખંડ (અવતરણો) લઈ તેના મિજાજ–મૂડ–અને સંગીતની 'પૅટર્ન' તથા ભરતનાટયમ્ દ્વારા તેનું નૃત્યમય ભાષાંતર (ઇન્ટરપ્રિટેશન) કરવાનો તેમણે પ્રયોગ કર્યો છે. 'સ્વૅાન લેઈક'ની મૂળ નૃત્યસંકલનના (કૉરીઓગ્રાફી-નૃત્યદિગ્દર્શન) કરી છે મારીઅસ પેટિપાએ, પણ લા મેરીએ તેનો વિનિયોગ ભારતીય ઢંગમાં કર્યો છે. આહાર્યાભિનય, નૃત્યપદ્ધતિ બધું ભારતીય, પણ સંગીત પશ્ચિમી, મૂળ ચેકોવસ્કીએ રચેલું તે જ. 'શેહરેઝાદ'માં પણ તેવા જ ફેરફારો કર્યા: નૃત્ય ભારતીય ઢબે, પણ સંગીત અદ્દલોઅદ્દલ રીમસ્કી કોરસકોવનું.

૧૯૪૬માં ન્યૂયૉર્કમાં તેમના સહયોગીઓ અને તેમણે સાથે મળીને રવીન્દ્રનાથ ટાગોરના 'ચિત્રાંગદા'ના કેટલાક ખંડ નૃત્યરૂપે રજૂ કરેલા.

બીજું વિશ્વયુદ્ધ ફાટી નીકળતાં લા મેરીને તેમના વિશ્વભરના નૃત્યપ્રવાસો રદ કરવા પડયા અને તેઓ ન્યૂ યૉર્કમાં સ્થાયી થયાં. ભારતથી પાછા ફર્યા પછી રૂથ સૅંટ ડેનિસની મદદ સાથે ઈ. ૧૯૪૦માં ન્યૂ યૉર્કમાં 'નાટય' નામે નૃત્યની શાળા તો શરૂ કરી દીધી હતી; અને ત્યાં 'એથનૉલાજિકલ ડાન્સિઝ'નું પ્રમાણભૂત શિક્ષણ આપવાનો જ પ્રયત્ન કરેલો તેમાં તે અગ્રણી બન્યાં. ૧૯૪૩માં 'નાટય' નામ બદલી 'એથનૉલૉજિકલ ડાન્સ સેન્ટર' નામ રાખ્યું. જાણીને નવાઈ લાગશે પણ ન્યૂ યૉર્કમાં આજેય ત્યાં ભારતીય તેમજ અન્ય દેશોનાં નૃત્યો વિષે અધિકૃત શિક્ષણ આપવાનો પ્રબંધ કરવામાં તેમનો ફાળો મોટો છે. તેમની જ નૃત્યશાળામાં શિક્ષણ પામેલાં મિસ જીના લાલી નામે યુવાન કલાકાર મદ્રાસમાં ગુરુશ્રી ચૉક્કલિંગમ્ પાસે ભરતનાટયમ્ શીખીને આજે દિલ્હીમાં બિરજુ મહારાજ પાસે 'કથક' શીખે છે. લગભગ ૧૯૪૨ના અરસામાં લા મેરીએ 'જેશ્ચર લૅંગ્વેજ ઑાવ હિન્દુ ડાન્સ' નામે એક પુસ્તક પ્રગટ કર્યું જેમાં ભરતનાટયશાસ્ત્રસંમત હસ્તમુદ્રાઓની સચિત્ર સમજ આપવાનો તેમણે સન્નિષ્ઠ પ્રયત્ન કર્યો છે. એ પુસ્તકનું ૧૯૬૪માં પુનર્મુદ્રણ પણ થયું છે.

લા મેરીના આ સઘળા પ્રયત્નોનું મૂલ્ય ઘણું છે. સવિશેષ તો એમની જોડે કામ કરતાંકરતાં જ, અને પછી છૂટા પડયા બાદ, રામગોપાલ ભારતીય નૃત્યો તરફ નિષ્ઠાપૂર્વક વળ્યા અને ઉદયશંકરની માફક ભારતીય નૃત્યોના પુનરુત્થાનના યુગને પ્રવૃત્તિથી ધમધમતો રાખ્યો. રૂથ સૅંટ ડેનિસ કે પાવલોવા કોઈ ચોક્કસ ભારતીય ગુરુઓ પાસે શાસ્ત્રીય નૃત્યો શીખેલાં નહિ; જ્યારે લા મેરીએ તે દિશામાં એમનાથી આગળ વધી ભારતીય નૃત્યો સમજવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો હતો.

હાઈકુ

(લેખક · પ્રો. ધીરુભાઈ પરીખ)

લગભગ ૩૫૦-૪૦૦ વર્ષ પૂર્વે રેંગા-તાંકામાંથી ઊતરી આવેલું 'હાઈકુ' સ્વતંત્ર પદ્ય સ્વરૂપે જાપાની સાહિત્યમાં સ્થિર થએલું. હાઈકાઈ—હોક્કુ—હાઈકુ ત્યારથી નિજી લાક્ષણિકતાઓ ધરાવતું બહુમાન્ય અને લાડીલું લઘુ પદ્યસ્વરૂપ બની પ્રતિષ્ઠા પામ્યું. એના આ લાઘવને લઈને એ જેટલું લોભામણું છે, તેટલું જ દુષ્કર પણ છે. ૫-૭-૫ અક્ષરોની ત્રણ પંક્તિઓના બાહ્યાકારમાં રાચતું આ પદ્યસ્વરૂપ એક સ્વતંત્ર કાવ્ય જ છે.

હાઈકુકાર જ્યારે કોઈ પ્રાકૃતિક દૃશ્યના નિરીક્ષણની પળે પોતાના અસ્તિત્વને ભૂલી જઈ તદ્રુપ થઈ જાય છે તે 'હાઇકુ-પળે' જ હાઈકુનો જન્મ થાય છે. આ પળની અનુભૂતિ વખતે હાઈકુકાર એ દૃશ્યમાં એટલો તો ઓતપ્રોત થઈ ગયો હોય છે કે એની ઊર્મિ, દૂધમાં સાકર ભળી જાય છે તેમ, દૃશ્ય-નિરૂપણમાં જ એકાકાર થઈ ગઈ હોય છે. આને લઈને જ હાઈકુ બની જાય છે એક પરલક્ષી કાવ્યપ્રકાર.

એમાં કવિને બોલવાનું ક્યાંય સ્થાન નથી. એ તો છે માત્ર કલ્પન. એમાં છે કવિની શબ્દાતીત અનુભૂતિની શાબ્દિક અભિવ્યક્તિ. જ્યારે અંતઃપ્રેરણાની પળે કોઈ પ્રાકૃતિક દૃશ્ય કવિને અર્થસભર લાગે છે ત્યારે એની ઊર્મિ કોળી ઊઠે છે અને એ માત્ર તત્કાલીન દૃશ્યને જ શબ્દમાં ઝીલી લે છે.

આવા આ નાનકડા હાઈકુમાં ઉપમા, રૂપક, ઉત્પ્રેક્ષા આદિ અર્થાલંકારોને ક્યાંય સ્થાન નથી. વર્ણાનુપ્રાસ અને યમક જેવા શબ્દાલંકારો ક્યારેક તાદૃશ્ય સચોટ ચિત્રનિર્મિતિમાં ઉપકારક થઈ પડે છે ખરા, પણ એથી કંઈ એ હાઈકુની અનિવાર્યતા બની જતા નથી.

માત્ર સત્તર જ અક્ષરના આ કાવ્યપ્રકારમાં પ્રત્યેક શબ્દ કવિપ્રતિભાની કસોટી કરે તેવો હોય છે. નિરર્થક એવા એક પણ શબ્દને કુશળ કવિ હાઈકુમાં પ્રવેશવા દેતો નથી. આમ, આ દૃશ્યચિત્ર જેવું હાઈકુ નથી મુક્તક, નથી અર્થાન્તરન્યાસી સૂત્ર કે નથી ચાટૂક્તિ. કવિએ રજૂ કરેલા સાદા અને વિશિષ્ટ શબ્દચિત્રમાંથી ભાવક પોતાની ક્ષમતા પ્રમાણે વ્યંજના કાઢી શકે છે. વળી, આ વ્યંજના ભાવકે ભાવકે ભિન્ન પણ હોઈ શકે છે; અને એમાં જ તો એની મજા છે ને! એ વ્યંજના સમજાયા પછી તો મનહર હાઈકુ મનભર બની જાય છે.

આ ધ્યેયસિદ્ધિ માટે કવિ ક્યારેક બે વિસંવાદી પ્રકૃતિચિત્રોને સાથે મૂકે છે, તો ક્યારેક સંવાદી ચિત્રોને પણ; તો ક્યારેક વળી એક જ ચિત્રને રજૂ કરી કવિ રહી જાય છે. પણ આ બધાં જ ચિત્રો જો કવિના ઊર્મિતંત્રમાંથી પ્રસ્ફુટ થયાં હોય તો જ કાવ્યસ્વરૂપ ધારણ કરે છે; અન્યથા તે માત્ર પ્રયત્નસાધ્ય કલ્પન કે કલ્પનાનો બુટ્ટો બનીને રહી જાય છે.

અનુસંધાન] સાહિત્યસંપર્ક [પૃ. ૨૮૪થી

ચમત્કૃતિસભર કલ્પનાચિત્રોવાળી નર્મયુક્ત શૈલીનો પરિચય થાય છે.

હવે રાજકવિ થયા બાદ, રાજપ્રશસ્તિ ગાવાની ફરજ હોવા છતાં, રાજકવિ તરીકે એમણે જે પ્રથમ કાવ્ય રચ્યું તે તો દેશહિત ખાતર સ્વેચ્છાએ વગર વેતને વધુ સમય કામ કરવા માટે તૈયાર થએલી પાંચ અંગ્રેજ સ્ત્રી-કર્મચારીઓને બિરદાવતું કાવ્ય છે. નવાઈની વાત તો એ છે કે રાજકવિ માટે અનિવાર્ય 'કરુણ પ્રશસ્તિ' લખવાની ફાવટ જ એનામાં નથી! અને ચર્ચિલને આપેલી હૃદયસ્પર્શી શ્રદ્ધાંજલિ 'હૂ ગોઝ હોમ?'ને 'ટાઇમ્સ લિટરરી સપ્લિમેન્ટે' ઈ. ૧૯૬૫ની 'વર્સ્ટ' (નિકૃષ્ટતમ) કવિતાનું બિરુદ આપ્યું હતું! રાજકવિપદ સ્વીકારતી વખતે કાઢેલા એમના આ ઉદ્ગારોમાં ડોકાય છે એમનો કવિઆત્મા: 'આ પદ મળવાથી કેવળ આનંદ સિવાય બીજી કશી લાગણી મને નથી થઈ એમ તો હું કહી શકું એમ નથી. આને માનચાંદની લહાણી કહો કે કાંટાળો તાજ, બધું મને તો એક જ લાગે છે.'

સેસિલ ડે લૂઈ લાગણી અને સંવેદના ઉપર બુદ્ધિનું પ્રભુત્વ સ્વીકારે છે, તો પણ કાવ્યનું બી તો અંતઃપ્રેરણાને જ ગણે છે, ને એમાંથી કાવ્ય કદાચ બે ત્રણ વર્ષ પછી પણ નીપજે એમ માને છે. એમની રચનાશક્તિ નિરાળી છે: જો મનમાં આવે તો દિવસની સાત-આઠ કૃતિઓ ઉતારી નાખે, કે વરસ દહાડો કંઈ ન પણ લખે. એમનો છેલ્લો કાવ્યસંગ્રહ 'ધ રૂમ ઍન્ડ અધર પોએમ્સ' ઈ.૧૯૬૫માં પ્રસિદ્ધ થયો છે.

એક સ્વપ્નસેવી ને લાગણીપ્રધાન, સુસંસ્કૃત ને પ્રામાણિક, આકર્ષક ને હસમુખા છતાં વિચારશીલ સર્જનના આ સાથે છાપેલા ફોટોગ્રાફની નેગેટિવ તો એમનાં કાવ્યોમાં પડી છે.

સ્વ. ડૉ. જયંત ખત્રી



ગુજરાતી વાર્તાસાહિત્યના સ્વરૂપપલટાના પ્રયોગો જ્યારે ચાલી રહ્યા હતા એ કાળે માટુંગામાં દર શુક્રવારે મળતા વાર્તાકાર-મંડળમાં તબીબીના એક વિદ્યાર્થીની નિયમિત હાજરી પર કોઈકે ટકોર કરતાં એણે રાતોરાત એક વાર્તા 'વરસાદની વાદળી' લખી નાખી, અને એ રીતે, ત્યાં સુધી 'હિંદુસ્તાન-પ્રજામિત્ર' દ્વારા માત્ર ચિત્રકાર તરીકે જાણીતા એ વિદ્યાર્થી જયંત ખત્રીનો વાર્તાકાર તરીકે જન્મ થયો. એ પછી તો એમની આજ સુધીની પચાસેક વાર્તાઓએ એક આગવું આકર્ષણ ઊભું કરેલું. નરી વાસ્તવિકતાના દર્શનને તેઓ આવશ્યક ગણતા હોઈ બે અઢી દાયકા પહેલાં તો કદાચ અરુચિકર લાગે એવાં, પણ હકીકતે વાસ્તવિક ચિત્રો એમની કૃતિઓમાં રજૂ થતાં હતાં. 'ફોરાં', 'વહેતાં ઝરણાં' અને 'ખરા બપોર' એ ત્રણ સંગ્રહોમાં ગ્રંથસ્થ થએલી એમની કૃતિઓ પર એમની સામ્યવાદ તરફ ઢળતી વિચારણાવાળી રૂઢિભંજક સર્જકતા અને ઋજુ હૃદયનાં નાજુક સંવેદનો પ્રતિબિંબિત થાય છે.

વ્યવસાયે કચ્છ માંડવીમાં તબીબ હોવા ઉપરાંત આસપાસના લોકસમૂહ સાથે એમણે ગાઢો પરિચય કેળવેલો. 'કંડલા બંદર કામદાર-મંડળ' અને 'નાવિક-મંડળ—કચ્છ માંડવી'ના તથા માંડવી નગરપાલિકાના પ્રમુખ તરીકે પણ એમણે કામગીરી બજાવેલી.

ગઈ ૬ જૂનની રાત્રે કૅન્સરને કારણે કચ્છ-માંડવીમાં એમનું અવસાન થતાં અર્વાચીન વાર્તાકળાના એક અભ્યાસી અને પ્રતિભાવાન સર્જકની ખોટ પડી છે. શાંતિપ્રાર્થના.

'સોવિયેત લૅન્ડ' નેહરુ પારિતોષિકો પ્રાપ્ત કરનારા ગુજરાતી લેખકો

ઈ. ૧૯૬૫: ૧) શ્રી રવિશંકર રાવળ—બે સપ્તાહની સોવિયેત સંઘની મુસાફરી અને રૂ. ૨૫૦૦-૦૦નું પારિતોષિક. ૨) શ્રી સુરેશ જોષી, ૩) શ્રી જયંત પાઠક, ૪) શ્રી રમણ પાઠક—પ્રત્યેકને રૂ. ૧૦૦૦-૦૦નું પારિતોષિક. ૫) સ્નેહલતા સુરતી, ૬) મૃગેશ પંડ્યા: બાળકો.

ઈ. ૧૯૬૬: ૭) શ્રી મનુભાઈ વ્યાસ (સ્વપ્નસ્થ), ૮) શ્રી પ્રાગજી ડોસા, ૯) શ્રી કિશોર પારેખ.


ઈ. ૧૯૬૭: ૧૦) શ્રી જયંતી દલાલ. બાળકો: ૧૧) નંદિતા ઝવેરી, ૧૨) પારુલ હાથી અને ૧૩) યોગિની પરીખ.

પ્રેમાનંદ ત્રિશતાબ્દી

વડોદરામાં પચાસ વર્ષથી કામ કરતી શ્રી પ્રેમાનંદ સાહિત્ય સભાએ આ માસની તા. ૧-૨-૩ના રોજ ઘણા ઉત્સાહ અને દબદબાપૂર્વક ત્રણ દિવસ સુધી બેવડો ઉત્સવ ઊજવ્યો: પોતાની પચાસ વર્ષની કારકિર્દીનો; અને જેના પરથી એ સભાનું નામકરણ થયું છે તે વડોદરામાં થઈ ગએલા ગુજરાતી ભાષાના એક જ્યોતિર્ધર કવિ પ્રેમાનંદની ત્રિશતાબ્દીનો.

પહેલે દિવસે આપણા માન્ય સારસ્વત શ્રી ઉમાશંકર જોષીના અધ્યક્ષપદે ગુજરાતના રાજ્યપાલ શ્રીમન્નારાયણના હસ્તે ત્રિશતાબ્દી મહોત્સવનું, અને વડોદરાનાં સારસ્વત શ્રીમતી હંસાબહેનના હસ્તે આ પ્રસંગે બહાર પડેલા પ્રેમાનંદ સ્મૃતિગ્રંથનું ઉદ્‌ઘાટન થયું; બીજે દિવસે ગૌરવશીલ ગુજરાતી ડૉ. જીવરાજ મહેતાના અધ્યક્ષપદે કાકાસાહેબ કાલેલકરે સભાના નવા બંધાએલા પ્રેમાનંદ સાહિત્યભવનનું ઉદ્‌ઘાટન તથા સભાની સુવર્ણજયંતીનું મંગલ પ્રવચન કર્યું; અને ત્રીજે દિવસે પ્રાચ્યવિદ્યાવિદ્ ડૉ. ભોગીલાલ સાંડેસરાના અધ્યક્ષપદે માનનીય શ્રી બાબુભાઈ પટેલના હસ્તે પ્રેમાનંદ પ્રશસ્તિ-શિલાનું તથા ડૉ. જ્યોતીન્દ્ર મહેતાના હસ્તે વડોદરાના સાહિત્યમાર્તંડ રા. બ. હરગોવિંદદાસ દ્વા. કાંટાવાળાની પ્રતિમાનું ઉદ્‌ઘાટન થયું. વળી ત્રણે દિવસે, અનુક્રમે, આધુનિક માણકવિ કરસનદાસ માણેકના મુખે પ્રેમાનંદ કૃત 'મામેરા'નો, પ્રેમાનંદનાં આખ્યાનોની નાટિકાનો તેમજ લોકસાહિત્યના ડાયરાનો એમ, ત્રણ સાંસ્કૃતિક કાર્યક્રમો પણ રખાયા હતા.

આ ત્રિશતાબ્દી પ્રસંગે બહાર પડેલા પ્રેમાનંદ સ્મૃતિગ્રંથમાં એ કવિવિશેષની કૃતિઓ ઉપર અભ્યાસલેખો અપાયા છે, જ્યારે સભાની સુવર્ણજયંતી નિમિત્તે બહાર પડેલી સ્મરણિકામાં સભાનાં પચાસ વર્ષની પ્રવૃત્તિઓ તેમજ પ્રેમાનંદપરિચય ઉપરાંત સભાના પ્રમુખ ડૉ. મંજુલાલ મજમુદાર અને મંત્રી ડૉ. ચંદ્રકાન્ત બા. પટેલ (ત્રિવેદી) એ ઘણા પરિશ્રમે તૈયાર કરેલી વડોદરાનાં વિદેહ અને વિદ્યમાન સારસ્વતોની (બન્યા તેટલાની તસવીરો સાથે) પરિચયમાળા આપી છે, જેમાં વડોદરાનાં રાજવંશી સારસ્વતોથી માંડી છેક આજ સુધીનાં, વડોદરાનિવાસી તેમજ વડોદરાથી સંબંધિત, સર્વ સાહિત્યસેવીઓનો સમાવેશ થયો છે. સ્મરણિકાનું આ એક વિશિષ્ટ અંગ છે.


વીરક્ષેત્ર વડોદરું, ગુજરાત મધ્યે અમ,
+ ચાતુર્વર્ણ્ય શાંતિ આકરણ, ભટ પ્રેમાનંદ નામ. +

+ વડોદરામાં વાડીની વસાતી પોળમાં રહેતા ભટ કૃષ્ણરામ ના પુત્ર પ્રેમાનંદ, નાનપણમાંજ માતાપિતા દેવ થવાથી, માશી ને ત્યાં ઊછર્યાં + પંદરમે વર્ષે વિદ્યાભ્યાસ નહીં. ઉપરના કામનાથ મહાદેવ માં રામચરણ સ્વામીને સેવાથી પ્રસન્ન કરીને, તેમની સાથે દેશપર્યટન ની યાત્રા માં સંસ્કૃત પુરાણો અને શાસ્ત્રોનો અભ્યાસ તથા જનસમાજનું અવલોકન કર્યું. તેનાથી કવિ હૃદય ખીલ્યું + મિત્ર ...ની પ્રેરણાથી સં. ૧૭૨૮માં પ્રથમ કૃતિ 'લક્ષ્મણાહરણ' રચાઈ.

તે પછી ૧૭૨૯માં 'ઓખાહરણ-નાનું', અને ૧૭૩૦માં 'ચંદ્રહાસ' તથા 'અભિમન્યુ આખ્યાન' રચ્યાં.+ સં.૧૭૩૦માં દુષ્કાળ પડતાં, નંદરબાર જઈ વસ્યા. ત્યાં દુષ્કાળ-શાંતિ અર્થે 'ઋષ્યશૃંગ આખ્યાન', અને ૧૭૩૦માં નાગરાંઓની ટકાવનારી 'નરસિંહની હુંડી', તથા લોકસંકટ ટાળવા 'વામન ચરિત્ર' લખ્યાં. સં. ૧૭૩૮માં લોકપ્રિય 'સુદામા ચરિત્ર' લખ્યું, અને ૧૭૩૯માં વડોદરા આવીને, નાગરી નાત માટે 'કુંવરબાઈનું મામેરું' ગાયું + સં.૧૭૪૦માં પાછા નંદરબાર જઈને 'સુધન્વા આખ્યાન' રચ્યું. ત્યાંના વિદ્યાવિલાસી દેસાઈ 'સરકાર મહેતા શંકરદાસ'ની સૂચનાથી ૧૭૪૨માં રામ રાવણ-યુદ્ધનાં 'રણયજ્ઞ' રચ્યાં. સં.૧૭૪૪માં શંકરદાસનાં પત્નીનું અવસાન થતાં તેમના આશ્વાસનાર્થે 'નળાખ્યાન' રચ્યું. સં.૧૭૪૫મા શંકરદાસનું નિધન થયું. તે પછી કવિ સૂરત તથા વડોદરામાં રહેતા. + ઉત્તરાવસ્થામાં રચેલા 'ભાગવત દશમસ્કંધ'ના ૫૩ અધ્યાયને આધારે એમનું શ્રેષ્ઠ અને લોકપ્રિય સર્જન થયું. જેને લીધે સૂરતના તેમના સમકાલીન વલ્લભ કવિએ ફક્ત બાકીના અગિયાર સ્કંધો જ રચીને સંતોષ માન્યો. + એમનાં 'દાણલીલા' 'ભ્રમર પચીશી' 'વિવેક વણઝારો' 'ભગવદ્ ગીતા' અને 'બારમાસ' જેવાં પ્રકરણ-કાવ્યો તથા 'ઓખાહરણ'ની બાવન કડવાંની રચના એ તેમની જીવનના શાળાની રચનાઓ છે. પ્રેમાનંદનાં આખ્યાનો તો ગુજરાતનાં ઠેક ઠેક રમ્યાં છે. "શહેર-ગામડાંનાં અનેક કુટુંબોનાં ચૈત્ર-વૈશાખનાં મીનાર્કે 'ઓખાહરણ' વિના, શ્રાદ્ધપક્ષ નરસિંહના 'શ્રાદ્ધ' વિના, સીમંતના પ્રસંગો 'મામેરા' વિના, ચાતુર્માસ 'દશમસ્કંધ' વિના, નવરાત્ર 'દેવીચરિત્ર' વિના, દર શનિવારે 'સુદામાચરિત્ર' વિના, અને રવિવાર 'હુંડી' વિના ભાગ્યે ખાલી વીતતા હશે." + કવિનાં અમર પાત્રોની એક હારમાળા બની છે: ઉષા-અનિરુદ્ધ, નળ-દમયંતી, મદાલસા-ઋતુધ્વજ, ચંદ્રહાસ-વિષયા જેવાં પ્રેમી યુગલો તેમાં છે. પુત્ર-ઘેલાં નંદ-જસોદા અને વસુદેવ-દેવકી, મામેરામાંના દામોદર દોશી, સંસાર-કાલ્યાં સાસુ-વહુ અને નાગરી ન્યાતના લોકો, ઉપરાંત 'હુંડી'માંના શામળશા શેઠ અને બાળકના ઠાઠ, નરસિંહ મહેતાની વહેલ, ઋતુવર્ણનો રથ, હંસને પકડવા જતી દમયંતી, જામાની કસેથી પત્ર છોડીને વાંચતી વિષયા, દ્વારકા જતા સુદામા, 'રણયજ્ઞ'માંના કુંભકર્ણ અને હનુમાન- એ બધાનાં શબ્દચિત્રો ગુજરાતી સાહિત્યમાં ચિરંજીવ બન્યાં છે. +લગભગ એંશી વર્ષ જેટલું જીવેલા પ્રેમાનંદની પહેલી કૃતિની રચનાના સં.૧૭૨૮થી ગણતાં, સં.૨૦૨૩માં ત્રણસો ઉપરાંત વર્ષ થયાં. એ ત્રિશતાબ્દી-મહોત્સવ-પ્રસંગે "પ્રેમાનંદ-પ્રશસ્તિ"ની આ શિલા વડોદરાની પ્રેમાનંદ સાહિત્યસભાના ઉપક્રમે, કવિના જન્મ સ્થળે સ્થાપવામાં આવી છે. સં. ૨૦૨૩, મહા સુદ ૫, વસંત પંચમી તા.૧૪-૨-૬૭

-|- પ્રશસ્તિ લેખક -|-
શ્રી પ્રેમાનંદ સાહિત્યસભાના પ્રમુખ
પ્રો. મંજુલાલ રણછોડલાલ મજમુદાર

+ શિલા-આલેખક +
શર્મા નારાયણલાલ નાનુંરામ
મૂર્તિવાલા

મહાકવિ પ્રેમાનંદ સાહિત્ય ભવન, લકડીપૂલ, દાંડિયાબજાર, વડોદરા.

ઉપર: ગઈ તા. ૨-૭ '૯૮ના રોજ વડોદરામાં પ્રેમાનંદ ત્રિશતાબ્દી મહોત્સવ પ્રસંગે ખુલ્લી મુકાએલી 'પ્રેમાનંદ પ્રશસ્તિ-શિલા', જેમાં એ મહાકવિની જીવનરેખા આપી છે. નીચે: વડોદરા પ્રેમાનંદ સાહિત્યસભાના હોદ્દેદારો (ડાબી બાજુથી): ડૉ. મંજુલાલ મજમુદાર પ્રમુખ, શ્રી હરિભાઈ દેસાઈ (ઉપપ્રમુખ), ડૉ. ચંદ્રકાન્ત પટેલ અને શ્રી નટવરલાલ શેઠ-મંત્રીઓ.

